દૈનિક
# મુંબઈ સમાચાર
સોમવાર, ૨૦ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 248 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 October 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26



SCAN FOR TODAY'S GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

# અયોધ્યા વિક્રમજનક લાખો દીવાથી ઝળહળ્યું

## રામલીલા, થ્રીડી લાઇટ શો યોજાયા, રામનાં ભજનો ગવાયાં

અયોધ્યાઃ રામજન્મભૂમિ અયોધ્યામાં દિવાળીની પૂર્વસંધ્યાએ સરયૂ નદીના કિનારે (ઘાટ પર) વિશ્વ વિક્રમજનક ૨૬,૧૭,૨૫૩ દીવા પ્રગટાવાયા હતા, રામાયણ પર આધારિત ‘મીણ’ના પ્રથમ સંગ્રહાલય (વૅક્સ મ્યુઝિયમ)નું ઉદ્ઘાટન કરાયું હતું, દેશવિદેશથી આવેલા રામાયણના કલાકારોએ રામલીલા ભજવી હતી, થ્રીડી લાઇટ ઇફેક્ટ્સ સાથેનો શૉ યોજાયો હતો, ‘રામ તારક મંત્ર’ અને ‘રામનાં ભજનો’ ગવાયા હતા, રામ કી પૌડી ખાતે પ્રૉજેક્શન મેપિંગ, લેસર ઇફેક્ટ્સથી સંગીત સાથે રામાયણને લગતા ૪૫ મિનિટના શૉનું આયોજન કરાયું હતું.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વૅક્સ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું હતું. રામાયણના સંગ્રહાલયનું નિર્માણ અયોધ્યાના ચૌદહ કોસી પરિક્રમા માર્ગ ખાતે રૂપિયા છ કરોડના ખર્ચે કરાયું છે. બે માળનું આ મ્યુઝિયમ ૯,૮૫૦ ચોરસ ફૂટમાં પથરાયેલું છે અને તે સંપૂર્ણ વાતાનુકૂલિત છે તેમ જ તેમાં રામાયણ પર આધારિત પૂર્ણ માનવ-કદની મીણની પચાસ પ્રતિમા રખાઇ છે. મીણની આ પ્રતિમાઓમાં ભગવાન રામ, સીતા, લક્ષ્મણ, હનુમાન અને રાવણનો

(જુઓ પાનું ૨) ▶▶

## જીએસટીઆર-થ્રીબી ફાઈલિંગની મુદત લંબાવાઈ

નવી દિલ્હી : સરકારે રવિવારે માસિક જીએસટીઆર-થ્રીબી ટેક્સ પેમેન્ટ ફોર્મના ફાઈલિંગની મુદત પાંચ દિવસ એટલે ૨૫ ઑક્ટોબર સુધી લંબાવી હતી. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)એ એક જાહેરનામામાં સપ્ટેમ્બર અને જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક માટે જીએસટીઆર-થ્રીબી ટેક્સ ફાઈલર્સ ૨૫ ઑક્ટોબર સુધી વેરો ભરી શકશે. સીબીઆઈસીએ મુદત લંબાવી છે.

જીએસટીઆર-થ્રીબી એ માસિક અને ત્રિમાસિક સમરી રીટર્ન છે જે રજિસ્ટર્ડ કરદાતાઓ દરેક મહિનાની ૨૦, ૨૨ અને ૨૪ તારીખે વિવિધ કેટેગરી માટે ભરવાનું હોય છે. ૨૦ ઑક્ટોબરે દિવાળી હોવાથી સમય લંબાવવામાં આવશે એ અપેક્ષિત હતું. (એજન્સી)■

## મેડિકલ કૉલેજો અને સીટ વધારાઇ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ના રોજ પાંચ વર્ષમાં ૭૫,૦૦૦ નવી મેડિકલ બેઠક બનાવવાના વચનને અનુરૂપ એક મહત્વપૂર્ણ પગલું ભરતા નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૦,૬૫૦ નવી એમબીબીએસ બેઠકને મંજૂરી આપી છે. આ વધારો ભારતમાં તબીબી શિક્ષણની પહોંચ વધારવા માટેની એક વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે.

એનએમસીના વડા ડૉ. અભિજાત શેઠે જણાવ્યું હતું કે ૪૧ નવી મેડિકલ કૉલેજો વધવાથી દેશમાં તબીબી સંસ્થાઓની કુલ સંખ્યા ૮૧૬ થઈ ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે કુલ ૧૦,૬૫૦ એમબીબીએસ બેઠકને મંજૂરી આપવામાં આવી છે.

આનાથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે એમબીબીએસ બેઠકોની કુલ સંખ્યા વધીને ૧,૩૭,૬૦૦ થશે, જેમાં રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓની બેઠકોનો પણ સમાવેશ થાય છે. અનુસ્નાતક (પીજી) અભ્યાસક્રમો માટે એનએમસીને નવી અને નવીકરણ કરાયેલ બેઠકો માટે ૩૫૦૦થી વધુ અરજીઓ મળી છે.

ડૉ. શેઠે જણાવ્યું હતું કે કમિશન આશરે ૫,૦૦૦ પીજી બેઠક વધારવાની અપેક્ષા રાખે છે, જેનાથી દેશભરમાં પીજી બેઠકની કુલ સંખ્યા ૬૭,૦૦૦ થશે. આ વર્ષે યુજી અને પીજી બંને બેઠકોમાં કુલ વધારો આશરે ૧૫,૦૦૦ થશે. અંતિમ મંજૂરી પ્રક્રિયા અને પરામર્શમાં કેટલાક વિલંબ થયા છે. જોકે અધિકારીઓએ ખાતરી આપી

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં નોટરીની સંખ્યા વધારીને ૬,૦૦૦ કરાઈ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે નિયમોમાં સુધારો કરીને ચાર રાજ્યોને વધુ નોટરી નિમવાની છૂટ આપી છે. ગુજરાતને હવે ૬,૦૦૦ નોટરીની નિમણૂક કરવાની છૂટ આપવામાં આવી છે.

કાયદા પ્રમાણે નોટરી એ અધિકારી છે જેને દસ્તાવેજની સહીમાં સાક્ષી બનવાનો અને સંભવિત બનાવટને રોકવા દસ્તાવેજોને પ્રમાણભૂત કરવાનો અધિકાર ધરાવે છે. કાયદા મંત્રાલયે ૧૯ ઑક્ટોબરે નોટરીઝ રૂલ્સ, ૧૯૫૬માં સુધારો કર્યો હતો. આ સુધારાને લીધે ગુજરાત, તમિળનાડુ, રાજસ્થાન અને નાગાલૅન્ડની સરકાર મહત્તમ નોટરી નિમી શકશે. ગુજરાત સરકાર હાલના ૨,૯૦૦ નોટરીના સ્થાને હવે ૬,૦૦૦ નોટરી નિમી શકશે. તમિળનાડુ સરકાર ૨,૫૦૦ને બદલે ૩,૫૦૦ નોટરી નિમી શકશે. રાજસ્થાન સરકાર ૨,૦૦૦ને બદલે ૩,૦૦૦ નોટરી નિમી શકશે. નાગાલૅન્ડમાં આ સંખ્યા ૨૦૦થી વધીને ૪૦૦ થશે. (એજન્સી)■

## મુંબઈથી બિહાર જતી ટ્રેનમાંથી ત્રણ જણ પડયા

મુંબઈ/નાશિકઃ દિવાળીના તહેવારમાં વતન જવા માટે લાખો પ્રવાસીઓએ વતનની રાહ પકડી લીધી છે, પરંતુ ટ્રેનોમાં ભયંકર ભીડનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આજે મુંબઈ-લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી)થી બિહાર જઈ રહેલી કર્મભૂમિ એક્સપ્રેસમાંથી પ્રવાસીઓ પડતા જીવલેણ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં બે પ્રવાસીના ઘટનાસ્થળે મોત થયા છે, જ્યારે એકને ગંભીર ઈજા પહોંચી છે. આ અકસ્માતનો કેસ નોંધીને રેલવે પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અકસ્માતની જાણ પછી નાશિક રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યારે મૃતકોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. આ અકસ્માત ભુસાવળના ટ્રેક કિલોમીટર ૧૯૦/૧ અને ૧૯૦/૩ની વચ્ચે થયો હતો. બંને યુવાનની ઉંમર ૩૦થી ૩૫ વર્ષ વચ્ચેની છે, જ્યારે ત્રીજા પ્રવાસીને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જિલ્લા સરકારી હૉસ્પિટલમાં તેને દાખલ કરવામાં આવ્યો છે, પરંતુ હજુ ત્રણેયની ઓળખ થઈ શકી નથી, એમ પોલીસે જણાવ્યું હતું.

અકસ્માતનો કેસ નોંધવામાં આવ્યો છે, જ્યારે તપાસ પણ હાથ ધરવામાં આવી છે. આ અકસ્માત માટે કદાચ ટ્રેનમાં ભીડ હોવાને કારણે પ્રવાસીઓ ચાલતી ટ્રેનમાંથી પડ્યા હોઈ શકે છે, એવો સૂત્રોએ દાવો કર્યો હતો. રેલવે પોલીસે એક્સિડેન્ટલ કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. તપાસના નક્કર નિષ્કર્ષ પછી ચોક્કસ કારણ આપી શકાય, એમ રેલવે અધિકારીએ જણાવ્યું હતું.

છઠ-દિવાળીને કારણે ટ્રેનોમાં અસામાન્ય ભીડ રહે છે. પ્રવાસીઓ તહેવાર યા ચૂંટણી નિમિત્તે ટ્રાવેલ કરી રહ્યા હતા તેની જાણ નથી. જનરલ કોચમાં ટ્રાવેલ કરી રહેલા પ્રવાસીઓ અકસ્માતનો શિકાર બન્યા હોવાનું કહેવાય છે. ■

## અમેરિકામાં ટ્રમ્પની નીતિના વિરોધમાં લાખો લોકોનો દેખાવ

વૉશિંગ્ટન (અમેરિકા) : અમેરિકામાં ‘નો કિંગ્સ’ વિરોધ પ્રદર્શનમાં ૭૦ લાખ દેખાવકારો જોડાયા હતા એવો અહેવાલ સીએનએન આયોજકોને ટાંકીને આપ્યો હતો. દેખાવમાં ૨,૭૦૦ શહેર અને નગરના લોકો જોડાયા હતા અને લોકોએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર અને નીતિ સામે જોરદાર વિરોધ વ્યક્ત કર્યો હતો.

આ વર્ષના જૂનમાં વિરોધ પ્રદર્શનનો પહેલો રાઉન્ડ યોજાયો હતો અને એમાં ૨૦ લાખ લોકો જોડાયા હતા. સીએનએનના જણાવ્યા પ્રમાણે આ વખતે આંકડો એનાથી ઘણો વધારે હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે વ્યાપક રૅલીઓ મોટે ભાગે શાંત રહી હતી અને હિંસાના કે ધરપકડના

(જુઓ પાનું ૨) ▶▶

## સાસરિયાંની નામરજી છતાં પુત્રવધૂનો સાસરામાં રહેવાનો હકઃ કોર્ટ

નવી દિલ્હી : દિલ્હી હાઈ કોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે માતાપિતાએ પુત્રને ત્યજી દીધો હોય તો પણ પુત્રવધૂને લગ્ન પછી જે ઘરમાં રહેવા આવી હોય એ ઘરમાં રહેવાનો અધિકાર છે. જસ્ટિસ સંજીવ નરુલાએ આ નિરીક્ષણ મહિલાની સાસુ અને દિવંગત સસરાએ કરેલી અરજી ફગાવી દઈને કર્યું હતું. જજે ૧૬ ઑક્ટોબરે આપેલા હુકમમાં કહ્યું હતું કે પુત્રવધૂને કાયદેસર પ્રક્રિયા વિના બેદખલ ન કરી શકાય.

ઍડવોકેટ સમવેદના વર્માએ પુત્રવધૂ વતી દલીલ કરી હતી, જ્યારે સાસરિયા તરફથી કાજલ ચંદરાએ દલીલ કરી હતી. અરજી પ્રમાણે પુત્રવધૂએ ૨૦૧૦માં

(જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીના અક્ષરધામ વિસ્તારમાં હવા સૌથી વધુ પ્રદૂષિત

નવી દિલ્હીઃ દિલ્હી અને એનસીઆરમાં દિવાળી પહેલા હવાની ગુણવત્તા સતત બગડી રહી છે. પરિણામે પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(સીપીસીબી) અનુસાર રવિવારે સવારે દિલ્હીના અક્ષરધામ વિસ્તારમાં હવા ગુણવત્તા સૂચકાંક(એક્યૂઆઇ) ૪૨૬ નોંધવામાં આવ્યો હતો, જે ગંભીર શ્રેણીમાં આવે છે.

પરિણામ સ્વરૂપ સમગ્ર વિસ્તારમાં ખરાબ હવાને લીધે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. ગ્રેટર નોઇડા વેસ્ટ અને ગાઝિયાબાદના વિજયનગરમાં પણ પ્રદૂષણ ગંભીર સ્તરે પહોંચ્યું છે. ધુમાડો અને ધુમ્મસની જાડી ચાદર આખા એનસીઆર પર છવાઇ ગઇ છે, જેના કારણે વિઝિબિલિટી ઘટી ગઇ છે. સીપીસીબીના આંકડા અનુસાર

(જુઓ પાનું ૨) ▶▶

## કેરળમાં ભારે વરસાદ

તિરુવનંતપુરમઃ ભારે વરસાદે કેરળના અનેક જિલ્લાના ઊંચાઈવાળા વિસ્તારોને ધમરોળી નાખ્યા હતા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

ઈન્ડિયન મીટીયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટે એરનાકુલમ, ઈદુક્કી, માલપુરમ, કોઝીકોડ, કન્નુર અને કાસરગોડ માટે ઓરેન્જ ઍલર્ટ જાહેર કરી હતી.

બાકીના આઠ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કરાઈ હતી. હવામાન ખાતાએ લક્ષદ્વીપમાં ઓરેન્જ ઍલર્ટ જાહેર કરી હતી. ઓરેન્જ ઍલર્ટ એટલે ‘અતિ ભારે વરસાદ’ (૨૪ કલાકમાં ૧૧થી ૨૦ સેન્ટિમીટર), યલો ઍલર્ટ એટલે ‘ભારે વરસાદ’ (છથી ૧૧ સેન્ટિમીટર) થાય છે. ઈદુક્કી જિલ્લાની હાલત સૌથી ખરાબ હતી. ત્યાં શનિવાર રાત્રે અને રવિવારે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના અહેવાલો આવ્યા હતા. (એજન્સી)■

## મહારાષ્ટ્ર અને કર્ણાટકને પૂર રાહત માટે મળ્યા ₹ ૧૯૫૦ કરોડ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ૨૦૨૫-૨૬ માટે કર્ણાટક અને મહારાષ્ટ્ર સરકારોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એસડીઆરએફ)ના કેન્દ્રીય હિસ્સાના બીજા હપ્તા તરીકે ૧,૯૫૦.૫૦ કરોડ રૂપિયાની એડવાન્સ રકમ મંજૂર કરી છે.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કુલ રકમમાંથી કર્ણાટક માટે ૩૮૪.૪૦ કરોડ રૂપિયા અને મહારાષ્ટ્ર માટે ૧૫૬૬.૪૦ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે જેથી બંને રાજ્યો આ વર્ષે દક્ષિણ પશ્ચિમ ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત લોકોને તાત્કાલિક રાહત સહાય પૂરી પાડી શકે.


નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર પૂર, ભૂસ્ખલન

(જુઓ પાનું ૨) ▶▶

## ઈઝરાયલે ફરી ગાઝા પર હુમલો કર્યો

તેલ અવીવ : ઇઝરાયલ અને હમાસ વચ્ચે અમેરિકાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ કરવામાં આવ્યું હતું. પરંતુ હાલ મળતી માહિતી મુજબ ઇઝરાયલે ફરી એકવાર ગાઝા પર હુમલો કર્યો છે. ઇઝરાયલ અમેરિકાના એક અહેવાલ બાદ આ હુમલો કર્યો છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હમાસ ગાઝાના અનેક વિસ્તારોમાં નાગરિકો પર હુમલો કરવાનું ષડયંત્ર રચી રહ્યું છે. આ અંગે ઇઝરાયલ તરફથી હજુ કોઈ સત્તાવાર નિવેદન પ્રકાશમાં આવ્યું નથી. જેમાં કેટલાક અહેવાલો અનુસાર ઇઝરાયલ રફાહ વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા છે. આ અંગે હમાસે અમેરિકાના દાવાઓને નકાર્યા હતા. જયારે ગુપ્તચર અહેવાલોના આધારે અમેરિકાએ

(જુઓ પાનું ૨) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે


મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાનમાં ધામા નાખીને પડેલા અફઘાનોથી છુટકારો શક્ય જ નથી

**એક** તરફ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે જંગ જામ્યો છે અને પાકિસ્તાનની સરકારે પાકિસ્તાનમાં થઈ રહેલા આતંકવાદી હુમલા માટે અફઘાનોને જવાબદાર ગણાવીને અફઘાનિસ્તાન પર હલ્લાબોલ કરી દીધું છે ત્યારે બીજી તરફ પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ફરી એકવાર પાકિસ્તાનમાં ધામા નાખીને પડેલ અફઘાનોનો મુદ્દો છેડી દીધો છે. ખ્વાજા આસિફે જાહેર કર્યું છે કે પાકિસ્તાનમાં રહેતા તમામ અફઘાનોએ પોતાના દેશમાં પાછા ફરવું જોઈએ કેમ કે અફઘાનિસ્તાન સાથે સારા સંબંધોનો યુગ સમાપ્ત થઈ ગયો છે.

આસિફે તો પાકિસ્તાનમાં થઈ રહેલા હુમલા માટે ભારત પર દોષારોપણ પણ કર્યું છે. અફઘાનિસ્તાનના તાલિબાન શાસકો ભારતના ઈશારે પાકિસ્તાનમાં હિંસા આચરી રહ્યા છે અને પાકિસ્તાન આર્મીને નિશાન બનાવી રહ્યા છે એવો દાવો પણ આસિફે કર્યો છે. ખ્વાજા આસિફે દિલ્હીથી તાલિબાનના નિર્ણયો લેવાય છે અને અફઘાનિસ્તાન ભારત માટે પ્રોક્સી યુદ્ધ લડે છે એવો આક્ષેપ પણ કર્યો છે.

આસિફે કટાક્ષ પણ કર્યો છે કે, અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે ઘણાં વર્ષોથી સારા સંબંધ છે પણ પાકિસ્તાન સાથે અફઘાનિસ્તાનના સંબંધો ક્યારેય સારા રહ્યા નથી છતાં લાખો અફઘાનોએ પાકિસ્તાનમાં આશરો લીધો છે. અફઘાનિસ્તાનના ભારત સાથે આટલા સારા સંબંધો છે એ જોતાં પાકિસ્તાનમાં રહેતા અફઘાનોને ભારતમાં ખસેડી દેવા જોઈએ.

આસિફે ભારત પર કટાક્ષ કરવા જતાં એક સારી ને સાચી વાત એ કહી દીધી કે, પાકિસ્તાન અફઘાનોનો બોજ ઉઠાવી શકે તેમ નથી. પાકિસ્તાન પાસે પોતાનાં લોકો માટે પૂરતાં સંસાધનો નથી તો પછી અફઘાનોને કઈ રીતે નિભાવી શકે?

આસિફની આ વાત સાચી છે કેમ કે ભૂખડી બારસ પાકિસ્તાન અફઘાનોનો બોજ ઉઠાવી શકે તેમ નથી પણ આસિફનું નિવેદન પાકિસ્તાનની લુચ્ચાઈને પણ છતું કરે છે. આસિફ જે અફઘાનોની વાત કરે છે એ અફઘાનો કંઈ બે દિવસ પહેલાં પાકિસ્તાનમાં આવ્યા નથી. આ અફઘાનો વરસોથી પાકિસ્તાનમાં જ અડિંગા જમાવીને બેઠા છે પણ પાકિસ્તાને વરસો લગી તેમને કશું ના કર્યું કે, આ અફઘાનોના બહાને અમેરિકાને ખંખેરી શકાતું હતું. અમેરિકા અફઘાનિસ્તાનમાંથી ખસ્યું ને મદદ મળતી બંધ થઈ એટલે પાકિસ્તાનને અફઘાનો બોજ લાગવા માંડ્યા છે.

અમેરિકાએ નાઈન ઈલેવનના હુમલા પછી અફઘાનિસ્તાન પર આક્રમણ કરતાં અફઘાનિસ્તાનમાં અંધાધૂંધી અને અરાજકતા સર્જાઈ ત્યારે અફઘાનિસ્તાન છોડીને જઈ રહેલા લોકોને પાકિસ્તાને લીલા તોરણે આવકારેલા ને તેમને રાખ્યા હતા કેમ કે અમેરિકાનું તેમને સાચવવાનું ફરમાન હતું. અમેરિકાનું ટાર્ગેટ ઓસામા બિન લાદેન અને અલ કાયદા હતાં. તાલિબાન અલ કાયદાને મદદ કરતું હતું તેથી તેમને સત્તામાંથી ઉખાડી ફેંકવા અમેરિકાએ હુમલો કર્યો.

આ હુમલાના કારણે અફઘાનિસ્તાનના નાગરિકોએ વેઠવું ના પડે એટલે અમેરિકાના કહેવાથી અફઘાનિસ્તાનથી આવતા લોકોને પાકિસ્તાને આશ્રય જ નહોતો આપ્યો પણ સત્તાવાર રીતે તેમની નિરાશ્રિતો તરીકે નોંધણી કરી હતી. આ નિરાશ્રિતોને મદદ કરવા માટે અમેરિકા પાસેથી જંગી રકમ પડાવી હતી. અમેરિકાને તેમાં વાંધો નહોતો કેમ કે અમેરિકાને વરસે બસો-પાંચસો અબજ ડૉલર વેડફાઈ જાય તો પણ કશું અડે તેમ નથી. કાનખજૂરાનો એક પગ ઓછો થાય તો કશો ફરક ના પડે એવી હાલત છે.

અમેરિકાનું લશ્કર અફઘાનિસ્તાનમાંથી ૨૦૨૨માં વિદાય થયું ત્યાં સુધી પાકિસ્તાન અમેરિકાની મદદ લેતું હતું. નિરાશ્રિતોને નામે પાકિસ્તાને મુસ્લિમ રાષ્ટ્રોને પણ બરાબરના દોહીને બહુ નાણાં પડાવ્યાં હતાં તેથી પાકિસ્તાનને આ અફઘાનો અકારા નહોતા લાગતા અમેરિકા પણ વેપારી દેશ છે ને ગરજ સરી એટલે વૈદ વેરી એ સિદ્ધાંતમાં માને છે તેથી જેવું અફઘાનિસ્તાનમાંથી તેનું લશ્કર વિદાય થયું કે તરત પાકિસ્તાનને અપાતી તમામ મદદ બંધ કરી દેવાઈ.

અમેરિકાની મદદ બંધ થઈ એટલે પાકિસ્તાનને નિરાશ્રિતો બોજરૂપ લાગવા માંડ્યા. આ કારણે છેલ્લા બે વર્ષથી પાકિસ્તાન તેમને તગેડી મૂકવા માગે છે. ૨૦૨૩માં તો પાકિસ્તાને પાકિસ્તાનમાં રહેતા તમામ અફઘાનોને ૧ નવેમ્બર સુધીમાં અફઘાનિસ્તાન પાછા જતા રહેવા અલ્ટિમેટમ પણ આપી દીધેલું પણ અફઘાનો ચસક્યા જ નહીં ને પાકિસ્તાન તેમને બળજબરીથી ખસેડવા જાય તો અફઘાનિસ્તાન સાથે તો પછી પણ એ પહેલાં અફઘાન નિરાશ્રિતો સાથે જ યુદ્ધ છેડાઈ જાય.

આ યુદ્ધ પાકિસ્તાનને ભારે પડે કેમ કે પાકિસ્તાનમાં લાખોની સંખ્યામાં અફઘાનો રહે છે. આ અફઘાનો પાછા દયામણા ને બિચારા લોકો નથી પણ મશીનગનો ને બંદૂકો લઈને ફરનારા છે તેથી પાકિસ્તાનની ફાટે છે. યુનાઈટેડ નેશન્સના આંકડા પ્રમાણે, અત્યાર સુધીમાં ૧૩ લાખ અફઘાનો પાકિસ્તાનમાં રાજ્યાશ્રય લઈને સત્તાવાર રીતે નિરાશ્રિત તરીકે રહે છે.

આ સિવાય ૮.૮૦ લાખ લોકોએ રાજ્યાશ્રય માગ્યો છે પણ એ અંગે પાકિસ્તાન સરકાર દ્વારા નિર્ણય લેવાયો નથી. અલબત્ત યુનાઈટેડ નેશન્સે તેમને પણ નિરાશ્રિત તરીકે માન્યતા આપી હોવાથી કાનૂની રીતે એ લોકોને પણ પાકિસ્તાનમાં રહેવાનો અધિકાર મળેલો છે. તેમાંથી ૬ લાખ લોકો એવા છે કે જે અમેરિકાનું લશ્કર અફઘાનિસ્તાન છોડીને ગયું ને તાલિબાનનું શાસન આવ્યું પછી પાકિસ્તાન આવ્યા છે. આ રીતે કુલ લગભગ ૨૨ લાખ અફઘાનો તો પાકિસ્તાનમાં સત્તાવાર રીતે જ રહે છે.

પાકિસ્તાનનું કહેવું છે કે, તાલિબાન ફરી સત્તામાં આવ્યા પછી બીજા ૧૭ લાખ અફઘાન પાકિસ્તાનમાં ઘૂસ્યા છે. આ અફઘાનો બિલકુલ ગેરકાયદેસર રીતે પાકિસ્તાનમાં ધામા નાખીને પડ્યા છે. પાકિસ્તાનનો દાવો છે કે, આ અફઘાનો તાલિબાનના માણસો છે અને પાકિસ્તાનમાં આતંકવાદને ભડકાવવા માટે ઘૂસ્યા છે. પાકિસ્તાનની વાત કેટલી સાચી છે એ ખબર નથી પણ આ વાત સાચી હોય તો પાકિસ્તાનનો ફફડાટ યોગ્ય કહેવાય.

આતંકવાદને ભડકાવવા ઘૂસેલા લોકો કડછી-તવેથા ને તપેલીઓ લઈને ના જ આવ્યા હોય. એ લોકો બધી રીતે સજ્જ થઈને આવ્યા જ હોય તેથી પાકિસ્તાન તેમને છંછેડવાની હિંમત ના જ કરે. બીજી તરફ પાકિસ્તાન કોઈ પગલાં ના લે તો આ અફઘાનોને પાછા વતન જવામાં રસ નથી એ જોતાં આસિફ ભલે ગમે તેટલું થૂંક ઉડાડે પણ લગભગ ૪૦ લાખ અફઘાનો પાકિસ્તાનના ગળાનો ઘંટ બનીને પાકિસ્તાનમાં જ રહેવાના છે એ નક્કી છે.

આ અફઘાનો પાકિસ્તાનમાં રહીને છોકરાં પેદા કરશે ને વસતી વધારશે એ જોતાં પાકિસ્તાન પરનો બોજ વધ્યા જ કરશે. તેમાંથી ઘણા તાલિબાન માટે કામ કરતા પણ થશે કેમ કે પાકિસ્તાનમાં તો કોઈ કામ નથી. આ સંજોગોમાં પાકિસ્તાન માટે અફઘાનોથી છુટકારો શક્ય જ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરશરદઋતુ, સોમવાર, તા. ૨૦-૧૦-૨૦૨૫, દિવાળી, લક્ષ્મીપૂજન, ઈન્દ્રપૂજન, મહાવીર નિર્વાણદિન

- ભારતીય દિનાંક ૨૮, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૦-૧૬ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૦૯, રાત્રે ક. ૨૩-૪૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૪ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - ચતુર્દશી. નરક ચતુર્દશી, ચંદ્રોદય પ્રાતઃ ૦૫-૨૩. અભ્યંગ સ્નાન, દિવાળી, લક્ષ્મી વ ઈન્દ્રપૂજન, મહાવીર નિર્વાણદિન. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ ધર્મપર્વ શ્રેષ્ઠ દિન.
- મુહૂર્ત વિશેષઃ મહાલક્ષ્મી, મહાકાલી, શ્રી શારદા (ચોપડા) પૂજન, સોમવતી અમાસ, હસ્ત નક્ષત્ર રાત્રે ક. ૨૦-૧૬ સુધી પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં. લક્ષ્મી વ ઈન્દ્ર પૂજા. કંપનીના, કોમ્પ્યુટર, સ્ટેશનરીનું, સુવર્ણ આદિ ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં બ્રાહ્મણ દ્વારા શાસોક્ત ચોપડાપૂજન કરવું, પ્રદોષ સમયમાં દીપદાનનો મહિમા. (સૂર્યાસ્તઃ ક. ૧૮-૧૧)
- ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૬-૩૫ થી ક. ૦૮-૦૨ (અમૃત) (૨) સવારે ક. ૦૯-૨૯ થી ક. ૧૦-૫૬ (શુભ) (૩) બપોરે ક. ૧૩-૫૦ થી ક. ૧૫-૧૭ (ચલ) (૪) બપોરે ક. ૧૫-૧૭ થી સાંજે ક. ૧૬-૪૪ (લાભ) (૫) સાંજે ક. ૧૬-૪૪ થી ક. ૧૮-૧૧ (અમૃત) (૬) સાંજે ક. ૧૮-૧૧ થી રાત્રે ક. ૧૯-૪૪ (ચલ) (૭) રાત્રે ક. ૨૨-૫૦ થી મધ્યરાત્રે ક. ૦૦-૨૩ (લાભ) (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ થી ક. ૦૩-૨૯ (તા.૨૧) (શુભ) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૯ થી ક. ૦૫-૦૨ (તા.૨૧) (અમૃત) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ થી ક. ૦૬-૩૫ (તા.૨૧) (ચલ) દિવાળી પર્વના સ્થિર લગ્નો, સ્થિર નવમાંશ (૧) સવારે ક. ૦૮-૩૭ થી ક.૧૦-૫૨ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૪-૪૮ થી સાંજે ક. ૧૬-૨૪ (કુંભ) (૩) રાત્રે ક. ૧૯-૪૨ થી ક. ૨૧-૪૨ (વૃષભ) (૪) મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૨ થી ક. ૦૪-૨૦ (તા. ૨૧) (સિંહ) (૫) વૃષભ લગ્ન, કુંભ નવમાંશ રાત્રે ક. ૧૯-૫૪ થી ક.૨૦-૦૭ (૬) વૃષભ લગ્ન, વૃષભ નવમાંશ રાત્રે ક. ૨૦-૩૩ થી ક. ૨૦-૪૬ (૭)વૃષભ લગ્ન સિંહ નવમાંશ રાત્રે ક. ૨૧-૧૩ થી ક. ૨૧-૨૭ (૮) સિંહ લગ્ન, વૃષભ નવમાંશ ક. ૦૨-૨૨ થી ક. ૦૨-૨૭(તા. ૨૧મી) (૯)સિંહ લગ્ન, સિંહ નવમાંશ ક. ૦૩-૦૫ થી ક. ૦૩-૧૯ (તા. ૨૧મી) (૧૦) સિંહ લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૦૩-૪૮ થી ક. ૦૪-૦૨ (તા. ૨૧મી) (૧૧) વૃશ્ચિક લગ્ન, સિંહ નવમાંશ સવારે ક. ૦૮-૫૨ થી ક. ૦૯-૦૭ (૧૨) વૃશ્ચિક લગ્ન, વૃશ્ચિક નવમાંશ સવારે ક. ૦૯-૩૬ થી ક.૦૯-૫૧ (૧૩) વૃશ્ચિક લગ્ન, કુંભ નવમાંશ સવારે ક. ૧૦-૨૧ થી ક. ૧૦-૩૬ (૧૪) કુંભ લગ્ન, વૃશ્ચિક નવમાંશ બપોરે ક. ૧૪-૫૯ થી ક. ૧૫-૧૦ (૧૫) કુંભ લગ્ન, કુંભ નવમાંશ બપોરે ક. ૧૫-૩૨ થી ક. ૧૫-૪૨ (૧૬) કુંભ લગ્ન વૃષભ નવમાંશ સાંજે ક.૧૬-૦૪ થી ક. ૧૬-૧૫.
- આચમનઃ મંગળ-બુધ યુતિ અતિશયોક્તિ કરનારા
- ખગોળ જ્યોતિષઃ મંગળ-બુધ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# મથુરામાં બાંકે બિહારી મંદિરનો ખજાનો ૫૪ વર્ષ પછી ખોલાયો

મથુરા (ઉત્તર પ્રદેશ) : મથુરા સ્થિત બાંકે બિહારી મંદિરનો ખજાનો સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિના આદેશથી શનિવારે ખોલવામાં આવ્યો હતો. 'તોષખાના' એ મંદિરના ગર્ભગૃહની બાજુમાં આવેલો એક ઓરડો છે. સુપ્રીમ કોર્ટે ઓગસ્ટ ૨૦૨૫ના પોતાના આદેશમાં મંદિરના રોજિંદા કામકાજની દેખરેખ માટે અલ્હાબાદ હાઈ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અશોક કુમારની અધ્યક્ષતામાં ૧૨ સભ્યોની વચગાળાની ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી હતી.

એડીએમ (નાણાં અને મહેસૂલ) ડોક્ટર પંકજ કુમાર વર્માએ કહ્યું હતું કે " સિવિલ જજ જૂનિયર ડિવિઝનની દેખરેખ હેઠળ ચાર ગોસ્વામી સભ્યો સહિત અન્ય સભ્યો સાથે રૂમ ખોલવામાં આવ્યો હતો. રૂમ ખોલવામાં થોડી મુશ્કેલી પડી હતી. પ્રક્રિયા બપોરે ૧ વાગ્યે શરૂ થઈ અને સાંજે ૫ વાગ્યે પૂર્ણ થઈ છે. રૂમ ફરીથી સીલ કરવામાં આવ્યો છે. કેટલાક પિત્તળના વાસણો અને લાકડાની વસ્તુઓ મળી આવી અને કોઈ કિંમતી ધાતુ મળી આવી નહોતી. કેટલાક લાકડાના બોક્સ પણ મળી આવ્યા છે."

એડીએમએ કહ્યુ હતું કે મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે, બાકીનું કામ પૂર્ણ કરવા માટે સિવિલ જજ જૂનિયર ડિવિઝન દ્વારા નક્કી કરાયેલી આગામી તારીખે રૂમ ખોલવામાં આવી શકે છે. ઓડિટરની ટીમે રૂમમાંથી મળી આવેલી વસ્તુઓની યાદી બનાવી છે.

ગોસ્વામી સમુદાય આ પગલાનો વિરોધ કરી રહ્યો હતો. ઉચ્ચસ્તરીય સમિતિના એક સભ્ય શૈલેન્દ્ર ગોસ્વામીએ કહ્યું હતું કે રૂમ શરૂઆતમાં જ ખોલવો જોઈતો ન હતો. મેં આ પગલાનો વિરોધ કર્યો છે અને પત્રો પણ લખ્યા છે. આ એક વચગાળાની સમિતિ છે, કાયમી સમિતિ નથી. સુપ્રીમ કોર્ટે ફક્ત ભક્તોને 'દર્શન'ની સુવિધા સુનિશ્ચિત કરવા માટે તેની રચના કરી છે. સમિતિએ અન્યત્ર દખલ ન કરવી જોઈએ. તેઓ અનુચિત લાભ લઈ રહ્યા છે અને સત્તા છીનવી રહ્યા છે. તેઓ રૂમ શા માટે ખોલી રહ્યા છે અને તેઓ શું સાબિત કરવા માંગે છે?

પોતાની ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટના વકીલ અને મંદિર સેવાયત (સેવક) સુમિત ગોસ્વામીએ કહ્યું હતું કે આ વચગાળાની સમિતિને 'તોષખાના' ખોલવાની સત્તા આપવામાં આવી ન હતી. તેમને ભક્તોની ચિંતાઓનું ધ્યાન રાખવાનું હતું અને શ્રી બાંકે બિહારી ઠાકુરના 'દર્શન'ની સરળતા સુનિશ્ચિત કરવાની હતી. વધુમાં પ્રક્રિયાનું લાઇવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું ન હતું. જોકે, શૈલેન્દ્ર ગોસ્વામીએ કહ્યું હતું કે વીડિયોગ્રાફી કરવામાં આવી હતી. સમિતિના એક ગોસ્વામી સભ્ય શ્રીવર્ધન ગોસ્વામી સ્વાસ્થ્યના કારણોસર હાજર રહ્યા નહોતા. બાંકે બિહારી મંદિરના કાર્યકર્તા જ્ઞાનેન્દ્ર ગોસ્વામીએ રૂમ ખોલવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આ પ્રક્રિયા વધુ પારદર્શક રીતે હાથ ધરવામાં આવવી જોઈતી હતી. તેમણે એમ પણ પૂછ્યું હતું કે મીડિયાને શા માટે મંજૂરી આપવામાં આવી ન હતી. સમિતિએ તેની રચના દરમિયાન માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા નક્કી કરાયેલ મુખ્ય ઉદ્દેશ્ય, એટલે કે ભક્તો માટે સુવિધાને અપગ્રેડ કરવાનું, ભૂલી ગઈ હતી. ■

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન યુદ્ધવિરામ માટે સહમત

ઈસ્લામાબાદ : કતારના વિદેશ મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા છે. આ નિર્ણય એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલેલી લડાઈ બાદ લેવામાં આવ્યો છે જેમાં ડઝનેક લોકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે.

કતારે એક નિવેદનમાં કહ્યું હતું કે બંને પક્ષો સ્થાયી શાંતિ અને સ્થિરતાને મજબૂત કરવા અને આગામી દિવસોમાં સ્થાયી યુદ્ધવિરામ સુનિશ્ચિત કરવા માટે આગામી વાટાઘાટો કરવા માટે સંમત થયા છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના પ્રતિનિધિમંડળો વર્ષોમાં તેમની વચ્ચેના સૌથી ભયંકર કટોકટીના ઉકેલ માટે વાટાઘાટો માટે દોહામાં હતા. એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલેલી લડાઈમાં બંને પક્ષોના ડઝનેક લોકો માર્યા ગયા અને સેંકડો ઘાયલ થયા હતા. વાટાઘાટો કતાર અને તુર્કી દ્વારા મધ્યસ્થી કરવામાં આવી હતી.

બંને સરકારોએ બેઠકોનું નેતૃત્વ કરવા માટે તેમના સંરક્ષણ પ્રધાનોને મોકલ્યા હતા, જે અંગે પાકિસ્તાને કહ્યું હતું કે "અફઘાનિસ્તાનમાંથી ઉદ્ભવતા સરહદ પાર આતંકવાદને સમાપ્ત કરવા અને સરહદ પર શાંતિ અને સ્થિરતા ફરીથી સ્થાપિત કરવા માટે તાત્કાલિક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરશે. અફઘાન અધિકારીઓએ જણાવ્યું હતું કે કાબૂલ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંરક્ષણ પ્રધાન મુલ્લા મુહમ્મદ યાકુબે કર્યું હતું, જ્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે તાલિબાન પ્રતિનિધિઓ સાથેની વાતચીતમાં ભાગ લીધો હતો. ■

# મને 'નમકહરામ' લોકોના મત નથી જોઇતાઃ ગિરિરાજ સિંહ

પટના : કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે લઘુમતી સમુદાય પર કરેલી ટિપ્પણીને લઈને રાજકીય વિવાદ પેદા થયો છે, જેમાં તેમણે કહ્યું હતું કે તેમને "નમકહરામ" ના મતોની જરૂર નથી. તેમણે આ ટિપ્પણી શનિવારે બિહારના અરવલ જિલ્લામાં એક જનસભાને સંબોધતા કરી હતી.

બેગુસરાયના ભાજપ સાંસદે કહ્યું હતું કે, મેં એક મૌલવીને પૂછ્યું હતું કે શું તેમની પાસે આયુષ્માન ભારત આરોગ્ય કાર્ડ છે. તેમણે કહ્યું, 'હા.' મેં પૂછ્યું કે શું આ કાર્ડ હિન્દુઓ અને મુસ્લિમોના આધારે વહેંચવામાં આવ્યા છે, અને તેમણે કહ્યું, 'ના.' તેમણે કહ્યું હતું કે, જ્યારે મેં તેમને પૂછ્યું કે શું તેમણે મને મત આપ્યો છે, ત્યારે તેમણે કહ્યું, 'હા.' પરંતુ જ્યારે મેં કહ્યું, 'તમને ખુદાની કસમ,' ત્યારે તેમણે કહ્યું હતું કે, 'ના, મેં મત આપ્યો નથી.' મુસ્લિમો અમારી બધી કેન્દ્રીય યોજનાઓનો લાભ લે છે પણ અમને મત આપતા નથી. આવા લોકોને 'નમકહરામ' કહેવામાં આવે છે. "મેં મૌલવીને કહ્યું હતું કે મારે નમકહરામના મત નથી જોઈતા."

ભાજપના નેતાએ એમ પણ કહ્યું હતું કે તેમણે મૌલવીને પૂછ્યું હતું કે શું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ક્યારેય તેમનું અપમાન કર્યું છે અથવા તેમણે (ગિરિરાજ સિંહ) આવું કંઈ કર્યું છે, અને તેમણે જવાબ આપ્યો, 'ના.' ગિરિરાજ સિંહે કહ્યું હતું કે, "પછી મેં પૂછ્યું કે મારો વાંક શું છે કે તમે મને મત ન આપ્યો, જે કોઈ ઉપકારને ઓળખતો નથી તેને નમકહરામ કહેવામાં આવે છે." તેમણે દાવો કર્યો કે એનડીએ સરકારે બિહારના સર્વાંગી વિકાસ માટે અસંખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે.

સિંહે કહ્યું હતું કે, "બિહારમાં રસ્તાઓ ફક્ત એનડીએ નેતાઓ અને કાર્યકરો માટે જ નહીં, પરંતુ સામાન્ય લોકો માટે બનાવવામાં આવ્યા છે. બિહાર હવે બદલાઈ ગયું છે. એનડીએ સરકાર સમાજના દરેક વર્ગ માટે કામ કરે છે, પરંતુ મુસ્લિમો ભાજપને મત આપતા નથી."

ગિરિરાજ સિંહના નિવેદન પર પ્રતિક્રિયા આપતા રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના પ્રદેશ પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ પીટીઆઈ વીડિયોને જણાવ્યું હતું કે, "એ વાત જાણીતી છે કે ભાજપના નેતાઓ હિન્દુ-મુસ્લિમ મુદ્દાઓ સિવાય બીજું કંઈ બોલી શકતા નથી. તેઓ બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ કે આરોગ્ય જેવા વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા કરતા નથી. "જ્યારે તમે તેમની સાથે વિકાસ વિશે વાત કરો છો ત્યારે તેઓ ધર્મનો મુદ્દો ઉઠાવીને લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરે છે."

ગિરિરાજ સિંહ તેમના વિવાદાસ્પદ નિવેદનો માટે પહેલા પણ ઘણી વખત ચર્ચામાં રહી ચૂક્યા છે. નોંધનીય છે કે બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠક માટે મતદાન ૬ અને ૧૧ નવેમ્બરે બે તબક્કામાં થશે, જ્યારે મતગણતરી ૧૪ નવેમ્બરે થશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### અયોધ્યા વિક્રમજનક

સમાવેશ થાય છે. સંગ્રહાલયના ભોંયતળિયે ભગવાન રામના બાળપણથી લઇને સ્વયંવર સુધીની જાણકારી અપાઇ છે, પહેલા માળે રામના વનવાસ, સીતાના અપહરણ, લંકા-દહન અને રામ-રાવણ યુદ્ધની રજૂઆત કરાઇ છે.

ભારત ઉપરાંત રશિયા, થાઇલૅન્ડ, ઇન્ડોનેશિયા, નેપાળ અને શ્રીલંકા ખાતેથી આવેલા અંદાજે ૯૦ કલાકારોએ રામલીલા ભજવી હતી.

અયોધ્યા ઇન્ટરનેશનલ રામાયણ અને વેદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સલાહકાર આશુતોષ દ્વિવેદીએ જણાવ્યું હતું કે રામજન્મભૂમિ ખાતે આંતરરાષ્ટ્રીય રામલીલા ૧૭થી ૨૦ ઑક્ટોબર સુધી યોજાઇ રહી છે. અમે ભારતીય પરંપરાને જાળવી રાખવા આ આયોજન કર્યું છે.

પર્યટન અને સાંસ્કૃતિક બાબતોના પ્રધાન જયવીર સિંહે જણાવ્યું હતું કે અયોધ્યાના આ દીપોત્સવે અગાઉના બધા વિક્રમ તોડી નાખ્યા છે. આ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકો માટે આ અવિસ્મરણિય અનુભવ હતો.

શ્રી અયોધ્યાજી તીર્થ વિકાસ પરિષદના સીઇઓ અને મ્યુનિસિપલ કમિશનર જયેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે અયોધ્યા ખાતે દીપોત્સવની ઉજવણીને ધ્યાનમાં રાખીને સૅનિટેશન, ટૉઇલેટ્સ, સુશોભન વગેરે માટે થોડા સમય પહેલા ટેન્ડર મગાવીને જરૂરી વ્યવસ્થા કરાઇ હતી. દીપોત્સવ માટે દીવા, વાટ, તેલ વગેરે અગાઉથી જ ગોઠવી રખાયા હતા. (એજન્સી)■

### મેડિકલ કૉલેજો

છે કે આ પ્રક્રિયાઓ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થશે.

આગામી શૈક્ષણિક વર્ષ માટે માન્યતા, પરીક્ષાઓ અને સીટ મેટ્રિક્સ મંજૂરી માટેના સમયપત્રકની વિગતો આપતી બ્લૂપ્રિન્ટ ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે. વધુમાં, ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષ માટે અરજીઓ માટેનું પોર્ટલ નવેમ્બરની શરૂઆતમાં ખૂલવાનું છે.

ડૉ. શેઠે ભાર મૂકીને જણાવ્યું હતું કે આ વર્ષે તાજેતરના ઇતિહાસમાં પહેલીવાર મેડિકલ એસેસમેન્ટ ઍન્ડ રેટિંગ બોર્ડ (એમએઆરબી)ના નિર્ણયો સામેની તમામ અપીલોનો કોઈપણ કોર્ટ હસ્તક્ષેપ વિના નિકાલ કરવામાં આવ્યો હતો. ■

### અમેરિકામાં ટ્રમ્પની

બનાવ નોંધાયા નથી. ટ્રમ્પની વસાહતીઓ પરની તવાઈના કેન્દ્ર સમા શિકાગોમાં લોકોએ ઘરે બનાવેલી સાઈન અને 'હેન્ડ ઑફ્ફ શિકાગો'ના પોસ્ટર વડે દેખાવ કર્યા હતા. તેમના હાથમાં અમેરિકાના ધ્વજની સાથે મેક્સિકો અને પ્રાઈડના ફ્લેગ હતા.

લોસ એન્જલસમાં દેખાવકારો ઈનફ્લેટેબલ કોસ્ચ્યુમ ( બેટરીથી હવા ભરે એવા પોશાક) પહેરીને ગલીઓમાં અમેરિકન ધ્વજ સાથે ઊમટ્યા હતા. દેશની રાજધાનીમાં હાલના અને ભૂતપૂર્વ કેન્દ્રીય કર્મચારીઓ સરકારી શટડાઉનના ૧૮માં દિવસે પેન્સીલવેનિયા એવેન્યુમાં રૅલી કાઢી હતી.

આટલા વિરોધ છતાં વાઈટ હાઉસે રવિવારે એક્સ પર એવી સ્ક્રિનગ્રેબ શેર કરી હતી જેમાં પ્રમુખે શાહી તાજ પહેર્યો હતો. જ્યારે શટડાઉન ચાલુ છે અને ફંડિંગ બિલ અંગે વૉશિંગ્ટનમાં મડાગાંઠ છે ત્યારે આ દેખાવો યોજાયા હતા.

ડેમોક્રેટિક નેતાઓએ દેખાવને ટેકો આપ્યો હતો, જ્યારે રિપબ્લિકન દેખાવકારોએ આ વિરોધ પ્રદર્શનને દેશવિરોધી ગણાવ્યું હતું. ■

### સાસરિયાંની નામરજી

અરજદારના પુત્ર સાથે મેરેજ કર્યા હતા અને તે સાસરિયાની મિલકતમાં રહેવા આવી હતી. દામ્પત્ય જીવન ૨૦૧૧માં કથળી ગયું હતું અને આને લીધે પક્ષો વચ્ચે દસ વર્ષથી સિવિલ અને ક્રિમિનલ કાર્યવાહી થઈ હતી. અરજદારે દલીલ કરી હતી કે મિલકત દિવંગત દલજિત સિંહે પોતાની મહેનતથી ઊભી કરી હતી. અને આથી એને પ્રોટેકશન ઑફ વુમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ વહેંચેલા આવાસ ન ગણી શકાય

જોકે અદાલતે કહ્યું હતું કે હાલની વ્યવસ્થા જેમાં સાસુ પહેલા માળે અને વહુ ભોંયતળિયે રહે છે એ બન્ને પક્ષોના હિતને પૂરતી રીતે સમતોલ કરે છે. (એજન્સી)■

### દિલ્હીના અક્ષરધામ

ગૌતમ બુદ્ધ નગરમાં એક્યૂઆઇ ગંભીર શ્રેણીમાં પહોંચી ગયો છે. નોઇડામાં એક્યૂઆઇ ૨૯૮ નોંધવામાં આવ્યો હતો, પરંતુ સેક્ટર-૧ સહિતના કેટલાક ભાગોમાં ગંભીર શ્રેણીમાં છે. ગાઝિયાબાદના વિજય નગરમાં એક્યૂઆઇ લગભગ ૩૦૦ નોંધાયો હતો, જે ખૂબ ખરાબથી ગંભીર શ્રેણીમાં આગળ વધી રહ્યો છે. તો ગુરુગ્રામમાં એક્યૂઆઇ ૨૫૮ સાથે ગંભીર શ્રેણીમાં છે.

શનિવારે દિલ્હીના ૩૮ મોનિટરિંગ કેન્દ્રોમાંથી નવમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં નોંધાઇ હતી. આનંદ વિહારમાં સૌથી વધુ એક્યૂઆઇ ૩૮૯, વજીરપુરમાં ૩૫૧, બવાનામાં ૩૦૯, જહાંગીરપુરીમાં ૩૧૦, ઓખલામાં ૩૦૩, વિવેક વિહારમાં ૩૦૬, દ્વારકામાં ૩૧૦ અને સિરી ફોર્ટમાં ૩૦૭ નોંધાયો હતો, જ્યારે રવિવારે અક્ષરધામમાં એક્યૂઆઇ ૪૨૬ સુધી પહોંચતા પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની હતી.

દિલ્હી માટે વાયુ ગુણવત્તા પ્રારંભિક ચેતવણી પ્રણાલીએ આગામી દિવસો માટે પણ આ પ્રકારની સ્થિતિની આગાહી કરી છે. ડિસિઝન સપોર્ટ સિસ્ટમના આંકડાઓ અનુસાર શનિવારે દિલ્હીના પ્રદૂષણમાં પરિવહન ઉત્સર્જનનો સૌથી મોટો ૧૫.૬ ટકા ફાળો રહ્યો હતો. ■

### મહારાષ્ટ્ર અને કર્ણાટકને

અને વાદળ ફાટવાથી પ્રભાવિત રાજ્યોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ વર્ષે કેન્દ્ર સરકારે એસડીઆરએફ હેઠળ ૨૭ રાજ્યોને ૧૩,૬૦૩.૨૦ કરોડ રૂપિયા અને એનડીઆરએફ હેઠળ ૧૫ રાજ્યોને ૨,૧૮૯.૨૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

આ ઉપરાંત, એસડીએમએફમાંથી ૨૧ રાજ્યોને ૪,૫૭૧.૩૦ કરોડ રૂપિયા અને એનડીએમએફમાંથી નવ રાજ્યોને ૩૭૨.૦૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે એનડીઆરએફ, સેના અને વાયુસેનાની જરૂરી ટીમોની તૈનાતી સહિત તમામ લોજિસ્ટિક સહાય પણ પૂરી પાડી છે અને પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાથી પ્રભાવિત તમામ રાજ્યોને ટેકો આપ્યો છે. આ વર્ષના ચોમાસા દરમિયાન બચાવ અને રાહત કામગીરી માટે ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એનડીઆરએફની મહત્તમ ૧૯૯ ટીમો તૈનાત કરવામાં આવી હતી.■

### ઈઝરાયલે ફરી

આરોપ લગાવ્યો કે હમાસ ગાઝાના રહેવાસીઓ પર હુમલો કરવાની અને યુદ્ધવિરામનો ભંગ કરવાની યોજના બનાવી રહ્યું છે.

આ ઉપરાંત ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ શનિવારે ચેતવણી આપી હતી. જેમાં કહ્યું હતું કે જ્યાં સુધી હમાસ દ્વારા પેલેસ્ટિનિયન પ્રદેશોનું નિઃશસ્ત્રીકરણ કરવામાં નહીં આવે ત્યાં સુધી ગાઝામાં યુદ્ધ બંધ નહીં થાય. તેમજ હમાસનું પણ નિઃશસ્ત્રીકરણ જરૂરી છે. જયારે હમાસની લશ્કરી પાંખ,ઇઝેદ્દીન અલ-કાસમ બ્રિગેડ્સે શનિવારે રાત્રે અમેરિકાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ ભાગ રૂપે બે વધુ બંધકોના મૃતદેહ સોંપ્યા પછી આ નિવેદન આવ્યું હતું.

ઇજિપ્તમાં પેલેસ્ટિનિયન દૂતાવાસે કહ્યું કે ગાઝાવાસીઓ માટે એક મુખ્ય પ્રવેશદ્વાર રફાહ ક્રોસિંગ સોમવારે ફરીથી ખુલશે, તેની બાદ નેતન્યાહૂએ જાહેરાત કરી હતી કે ગાઝા અને ઇજિપ્ત વચ્ચેનો રફાહ સરહદ ક્રોસિંગ આગામી સૂચના સુધી બંધ રહેશે. તેમણે જણાવ્યું હતું કે તેને ફરીથી ખોલવાનું કામ હમાસ દ્વારા મૃત બંધકોના મૃતદેહ પરત કરવા પર નિર્ભર રહેશે. ■

# મહારાષ્ટ્રમાં ૯૬ લાખ 'બનાવટી' મતદારોઃ રાજ ઠાકરે; સ્થાનિક ચૂંટણી પહેલા સુધારાની માગ

મુંબઈ : મનસેના વડા રાજ ઠાકરેએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રની મતદાર યાદીમાં ૯૬ લાખ નકલી મતદારો ઉમેરવામાં આવ્યા છે અને ચૂંટણી પંચને પૂછ્યું હતું કે, મતદાર યાદીમાં સુધારા કર્યા વિના સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી કેવી રીતે યોજાશે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના બૂથ-સ્તરના એજન્ટોને સંબોધતા, ઠાકરેએ કહ્યું કે જો મતદાર યાદીમાં છેડછાડ કરીને ચૂંટણી યોજવામાં આવે છે, તો તે મતદારોનું અપમાન છે. તેમણે તેમના પક્ષના કાર્યકરોને નકલી મતદારો શોધવા માટે મતદાર યાદીની ચકાસણી કરવા વિનંતી કરી. તેમણે દાવો કર્યો હતો કે મુંબઈમાં ૮ થી ૧૦ લાખ અને થાણે, પુણે અને નાશિકમાં ૮ થી ૮.૫ લાખ નકલી મતદારો ઉમેરાયા છે. ઠાકરેએ કહ્યું કે જ્યારે વિપક્ષ ચૂંટણી પંચ પર પ્રહાર કરે છે ત્યારે શાસક પક્ષો નારાજ થાય છે કારણ કે તેનાથી શાસક પક્ષને નુકસાન થાય છે.

શાસક ભાજપનું નામ લીધા વિના, ઠાકરેએ કહ્યું કે તે મતદાર યાદીમાં નકલી મતદારો ઉમેરીને મતદાન કરવા માગે છે. "તમે મતદાન કરો કે ન કરો તેનાથી કોઈ ફરક પડતો નથી. મેચ ફિક્સ થઈ ગઈ છે. આ કેવા પ્રકારની લોકશાહી છે?" તેમણે પૂછ્યું.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મુંબઈ એરપોર્ટનું સંચાલન ટૂંક સમયમાં નવી મુંબઈ એરપોર્ટ પર ખસેડવામાં આવશે. થોડા દિવસોમાં, કાર્ગો પણ વાધવન બંદર (પડોશી પાલઘર જિલ્લામાં બની રહેલા) પર ખસેડવામાં આવશે અને નવી મુંબઈ એરપોર્ટ અને બંદરની આસપાસની જમીન અદાણી જૂથને આપવામાં આવશે. "હું મરાઠી લોકોની સમાધિ પર બનેલા વિકાસને સહન કરીશ નહીં," તેમણે કહ્યું.

ઠાકરેએ એવો પણ દાવો કર્યો હતો કે ભારતના પ્રથમ ગૃહમંત્રી વલ્લભભાઈ પટેલ હતા, જેમણે મુંબઈના મહારાષ્ટ્ર સાથે વિલીનીકરણનો સૌપ્રથમ વિરોધ કર્યો હતો. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થનારી ગ્રામીણ અને શહેરી સંસ્થાઓની ચૂંટણીઓ પહેલાં વિપક્ષે મતદાર યાદીમાં "સુધારણા" અને "વિસંગતતાઓ" દૂર કરવાની માંગ કરી છે. (પીટીઆઈ)■

# મુંબઈમાં તાપમાનનો પારો ૩૫.૮ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ રવિવારે પણ આકરી ગરમી અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. સતત ત્રીજા દિવસે મુંબઈ ૩૫.૮ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. હવામાન વિભાગે મુંબઈમાં હજી થોડા દિવસ તાપમાનનો પારો ઊંચો રહેશે એવી શક્યતા વ્યક્ત કરી છે. મુંબઈમાં શનિવારે મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી નોંધાયા બાદ રવિવારે તેમાં હળવો વધારો નોંધાયો હતો.આ અગાઉ શુક્રવારે મુંબઈમાં ૩૭ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું, જે ઑક્ટોબર મહિનામાં છેલ્લા સાત વર્ષમાં નોંધાયેલું બીજા નંબરનું ઊંચું તાપમાન નોંધાયું હતું. આ અગાઉ ૨૦૧૯ની સાલમાં ૨૨ ઑક્ટોબરના ૩૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો સૌથી વધુ પ્રદૂષણ બીકેસીમાં નોંધાયું હતું. સાંજના પોણા આઠ વાગ્યાની આસપાસ બીકેસીમાં એક્યુઆઈ ૨૩૮ રહ્યો હતો. તો નેવી નગર કોલાબામાં સાંજના સમયે એક્યુઆઈ ૧૮૭ નોંધાયો હતો. ■

# યસ સિક્યોરિટીસ દ્વારા સાઈકલોથોન-૨૦૨૫ પહેલા અનાવરણ કાર્યક્રમનું આયોજન



મુંબઇઃ યસ સિક્યોરિટીસ દ્વારા રવિવાર, ૧૯ ઑક્ટોબરના રોજ સાઇકલોથોન-૨૦૨૫ મુંબઇ-પેડલ કરો અપને સે કાર્યક્રમ પહેલાં અનાવરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેડલ, જર્સી અને ટાઇમ્ડ સર્ટિફિકેટનું સત્તાવાર રીતે અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાઇકલિંગ મેજર્સ, ફિટનેસ ઉત્સાહીઓ, સ્ટ્રાઇડર્સ ટીમના સભ્યો અને સહયોગી ભાગીદારોના પ્રતિનિધિઓ હાજર હતા. સાંજે ત્રણ વિશેષ અનાવરણ કરવામાં આવ્યા હતાં. યસ સિક્યોરિટીસના એમડી અને સીઇઓ અંશુલ અરઝારે અને સ્ટ્રાઇડર્સના પ્રફુલ ઉચીલ જર્સીનું અનાવરણ કરાયું હતું. અંશુલ અરઝારે અને રેસ ડિરેક્ટર અનિલ ઉચીલ દ્વારા મેડલનું અનાવરણ કરાયું હતું.

અમિત ભંડારે, બિગ એફએમ, ફાસ્ટ એન્ડ અપ, ટ્રુફિટ એન્ડ હિલના પ્રતિનિધિઓ દ્વારા ટાઇમ્ડ સર્ટિફિકેટનું અનાવરણ કરાયું હતું.

અનાવરણ ઉપરાંત આ કાર્યક્રમમાં ધ બેલેન્સિંગ એક્ટ, લાઇફ, હેલ્થ એન્ડ વર્ક વિષય પર સંવાદ સાધવામાં આવ્યો હતો, જેમાં યસ સિક્યોરિટીસના એમડી અને સીઇઓ અંશુલ અરઝારે, બિગ એફએમના પ્રતિનિધિ, ફાસ્ટ એન્ડ અપના પ્રતિનિધિ. ટ્રુફિટ એન્ડ હિલના સીએફઓનો પેનલમાં સમાવેશ કરાયો હતો. રેસ ડિરેક્ટર અનિલ ઉચીલ મોડરેટર હતા. અંશુલ અરઝારેએ કહ્યું હતું કે સાઇક્લિંગ હંમેશાં એક રમત કરતાં વધુ રહ્યું છે, તે જીવનનું પ્રતિબિંબ છે. આગળ વધવાની, સંતુલિત રહેવાની અને તમારી પોતાની ગતિ શોધવાની લય યસ સિકયોરિટીસમાં અમારી ફિલસૂફી સાથે ઊંડે સુધી પ્રતિબિંબિત થાય છે. ■

# રેલવે સ્ટેશન પર જન્મેલા બાળકની હાલત નાજુક

મુંબઈઃ મુંબઈના રામ મંદિર સ્ટેશન પર લોકલ ટ્રેનમાંથી ઊતરી એક મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. બાળક હાલમાં કૂપર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે કારણ કે તેના હૃદયમાં કાણું છે. માતાની હાલતમાં સુધારો થઈ રહ્યો હોવા છતાં, બાળકને આઇસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે. બાળકના ચહેરા પર પણ થોડી તકલીફ હોવાથી ડોકટરોની દેખરેખ હેઠળ તેની સારવાર કરવામાં આવી રહી છે.

મુંબઈમાં ચાલતી લોકલમાં રાતે લગભગ ૧ વાગે એક ગર્ભવતી મહિલાને પ્રસૂતિ પીડા થવા લાગી હતી. એક સાથી એન્જિનિયરે તેને પશ્ચિમ રેલવેના રામ મંદિર સ્ટેશન પર ઉતારી દીધી અને મહિલા ડોક્ટર સાથે વીડિયો કોલ દ્વારા બાળકને જન્મ આપ્યો. રામ મંદિર સ્ટેશન પર જન્મેલું બાળક હવે ગંભીર સ્થિતિમાં છે અને તેના હૃદયમાં કાણું હોવાથી તે જીવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. માતા અને બાળકને તબીબી સારવાર માટે કૂપર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સારવાર બાદ માતાની હાલતમાં સુધારો થઈ રહ્યો છે, પરંતુ બાળકની હાલત હજુ પણ નાજુક છે. બાળકની સારવાર નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટમાં ચાલી રહી છે. બાળકના હૃદયમાં કાણું છે અને તેના ચહેરા પર કેટલીક તકલીફ છે. તેથી, બાળકને કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવામાં આવ્યો ન હતો, એમ નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટમાં તેની સારવાર કરી રહેલા ડોકટરોએ જણાવ્યું હતું. ■

# પહેલી નવેમ્બરે ચૂંટણી પંચને ઝટકો આપીશુંઃ મહાવિકાસ આઘાડી

મુંબઈઃ ચૂંટણી પંચે શાસક પક્ષના ફાયદા માટે મહારાષ્ટ્રની મતદાર યાદીઓમાં ૯૬ લાખ નકલી મતદારો દાખલ કર્યા હોવાનો દાવો મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ કર્યો છે. થોડા સમય પહેલા, મનસેની એક રેલીમાં, ચૂંટણી પંચને ચેતવણી આપતા તેમણે કહ્યું હતું કે "મતદાર યાદીઓમાં ગેરરીતિઓ સુધારવામાં ન આવે ત્યાં સુધી મહારાષ્ટ્રમાં ચૂંટણીઓ ન કરાવો. છેલ્લા પાંચ વર્ષથી મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ નથી. હજું એક વર્ષ રાહ જોઈશું. પરંતુ, પહેલા મતદાર યાદીઓમાં ગેરરીતિઓ સુધારવી પડશે." દરમિયાન, રવિવારે વિપક્ષી પક્ષોએ શિવસેના (યુબીટી) ભવનમાં યોજાયેલી પરિષદમાં વિપક્ષી પક્ષોએ જાહેરાત કરી કે પહેલી નવેમ્બરના રોજ, રાજ્યના તમામ વિપક્ષી પક્ષો એક ભવ્ય કૂચ કરશે. આ પ્રસંગે સંજય રાઉતે કહ્યું કે, પહેલી નવેમ્બરના રોજ મુંબઈમાં ચૂંટણી પંચના મનસ્વી અને ભ્રષ્ટ વહીવટ સામે સર્વપક્ષીય ભવ્ય કૂચ યોજાશે. દરેક જિલ્લા અને ગામના લોકો જેમણે પોતાનો મત આપવાનો અધિકાર ગુમાવ્યો છે તેઓ આ કૂચમાં આવશે. અમે દેશના વડા પ્રધાન, કેન્દ્રીય ગૃહપ્રધાન અને ચૂંટણી પંચને મતદારોની તાકાત બતાવીશું. ■

# આપણા પૂર્વજોએ સંસ્કૃતિનો પ્રચાર કર્યો, જીત મેળવી કે ધર્માંતર કર્યું નહીંઃ ભાગવત



મુંબઈ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું કે પ્રાચીન સમયમાં ભારતીયો સંસ્કૃતિ અને વિજ્ઞાનનો પ્રચાર કરવા માટે વિશ્વભરમાં પ્રવાસ કરતા હતા, પરંતુ ક્યારેય વિજય મેળવ્યો નહીં કે ધર્માંતરણમાં સામેલ થયા નહીં. અહીં આર્યયુગ વિષય કોશ જ્ઞાનકોશના લોન્ચિંગ પ્રસંગે બોલતા, ભાગવતે કહ્યું કે ઘણા આક્રમણકારોએ ભારતને લૂંટ્યું અને ગુલામ બનાવ્યું અને આક્રમણ કરનારા છેલ્લા લોકોએ ભારતીયોના મન લૂંટ્યા. આપણે આપણી શક્તિઓ અને દુનિયા સાથે શું શેર કરી શકીએ છીએ તે ભૂલી ગયા. આપણા પૂર્વજોએ મેક્સિકોથી સાઇબિરિયા સુધી મુસાફરી કરી અને વિશ્વને વિજ્ઞાન અને સંસ્કૃતિ શીખવી. તેઓએ કોઈને ધર્માંતરિત કર્યા નહીં કે જીત મેળવી નહીં. તેઓ સદ્ભાવના અને એકતાનો સંદેશ લઈને ગયા. તેમણે કહ્યું. "આધ્યાત્મિક જ્ઞાન હજુ પણ ખીલી રહ્યું છે અને આર્યવ્રતના વંશજો તરીકે આપણી પાસે વિજ્ઞાન અને શસ્ત્રો, તાકાત અને શક્તિ, શ્રદ્ધા અને જ્ઞાન છે."■

# થાણેમાં સ્લેબ તૂટીને પડતા પતિ-પત્ની જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પૂર્વ)માં ૩૦ વર્ષ જૂની ચાલીમાં આવેલા એક ઘરનો સિલિંગનો સ્લેબ તૂટી પડતા મહિલા સહિત બે જખમી થયા હતા. બિલ્ડિંગને તાત્કાલિક ખાલી કરાવીને રહેવાસીઓને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે કલવાના વિટાવા વિસ્તારમાં સૂર્યનગરમાં શનિવારે મોડી રાતે આ દુર્ઘટના બની હતી. ધર્મા નિવાસ નામની ચાલીના પહેલા માળા પર આવેલી રૂમ નંબર ચારનો ઉપરનો સ્લેબ શનિવારે રાતના નવ વાગ્યાની આસપાસ તૂટી પડયો હતો. સિલિંગનો સ્લેબ પહેલા માળા પર જોશભેર તૂટયો તેની સાથે ઘરનું ફલોરિંગ પણ તૂટીને નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પડ્યું હતું, જેમાં ઘરમાં રહેતા ૪૦ વર્ષના સંજય ઉત્તેકર અને તેની પત્ની યોગિતા બંને પણ ફ્લોરિંગ સાથે નીચે પટકાયા હતા.

પતિ-પત્ની ગંભીર રીતે જખમી થયા હતા. તેમને થાણેની પાલિકા સંચાલિત છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડ સહિત થાણે પાલિકાના અધિકારી-કર્મચારી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયરબ્રિગેડે તાત્કાલિક ધોરણે ધર્મા નિવાસનો વીજ પુરવઠો ખંડિત કર્યો હતો અને તેમાં રહેતા તમામ રહેવાસીઓને સુરક્ષાની દૃષ્ટિએ બહાર કાઢ્યા હતા. ■

# એરપોર્ટ પરના સફાઇ કર્મચારી સહિત બે જણની સોનાની દાણચોરી બદલ ધરપકડ

મુંબઈઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ ૧.૬ કરોડ રૂપિયાના વિદેશી મૂળના સોનાની દાણચોરી કરવા પ્રકરણે મુંબઈ એરપોર્ટ પરના સફાઇ કર્મચારી અને તેના સુપરવાઇઝરની ધરપકડ કરી હતી.

તપાસમાં એવું સામે આવ્યું હતું કે સોનાની દાણચોરી કરતી સિન્ડિકેટ સોનું વિમાનમાં છુપાવવા માટે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓનો ઉપયોગ કરે છે. આ સોનું બાદમાં એરપોર્ટ પરના સ્ટાફની મદદથી કાઢી લેવામાં આવે છે.

બંને આરોપી એરપોર્ટ સર્વિસીસ કંપનીના કર્મચારી હતા અને શનિવારે તેમને તાબામાં લેવાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ડીઆરઆઇને માહિતી મળી હતી કે છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વિદેશી મૂળના સોનાની કરવામાં આવી રહી હોઇ સોનું વિમાનમાં છુપાવવામાં આવે છે અને બાદમાં એરપોર્ટ પરનો કર્મચારી ત્યાર બાદ તેને મેળવી લે છે. આ માહિતી મળ્યા બાદ એરપોર્ટ પર સર્વેલન્સ વધારી દેવામાં આવ્યું હતું.

દરમિયાન ડીઆરઆઇના અધિકારીઓ નજર રાખી રહ્યા હતા ત્યારે સફાઇ કર્મચારીઓનો ટીમ લીડર ઉતાવળમાં એરોબ્રિજ સ્ટેરકેસ પર પેકેટ છુપાવતો નજરે પડ્યો હતો. આ પેકેટ બાદમાં હસ્તગત કરાયું હતું, જેમાં મીણ સ્વરૂપમાં ગોલ્ડ ડસ્ટ હતું, જે સફેદ કપડાંમાં છુપાવાયું હતું. ■

# શનિવાર વાડામાં નમાઝઃ હિન્દુ સંગઠનોનો વિરોધ

પુણેઃ પુણે શહેરના ઐતિહાસિક શનિવાર વાડામાં નમાઝ પઢતી મહિલાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા બાદ હિન્દુ સંગઠનો દ્વારા રવિવારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભાજપનાં રાજ્ય સભાનાં સભ્ય મેધા કુલકર્ણીએ આ વીડિયો એક્સ પર પણ પોસ્ટ કર્યો હતો અને કડક પગલાં લેવાની માગણી કરી હતી. વીડિયોને પગલે હિન્દુ સંગઠનના સેંકડો કાર્યકરોએ રસ્તા પર ઊતરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. નમાઝ પઢવામાં આવી હતી તેને શુદ્ધ કરવા કાર્યકરો દ્વારા ગૌમૂત્ર છાંટીને શિવ વંદના કરવામાં આવી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર હૃષીકેશ રવાળેએ જણાવ્યું હતું કે એ સ્થળ આર્કિયોલૉજિકલ સર્વે ઈન્ડિયા (એએસઆઈ) હેઠળ આવે છે.■

# મોહનલાલ એસ મીઠાઈવાલા દ્વારા ભવ્ય મીઠાઈ મહોત્સવ

## માનવંતા ગ્રાહકોને નકલખોરોથી સાવધ રહેવાની નમ્ર વિનંતી



સ્થાપના 1936

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મુંબઇના નામાંકિત મોહનલાલ એસ મીઠાઇવાલાએ દિવાળીના શુકનવંતા તહેવારો નિમિત્તે એમની મુંબઇ અને અમદાવાદની સર્વે દુકાનોમાં ભવ્ય 'દીપાવલી મીઠાઇ મહોત્સવ' યોજયો છે. મુંબઇમાં છ અને અમદાવાદમાં બે દુકાનો ધરાવતી સર્વે પ્રકારની મીઠાઇઓ, હલવા, ફરસાણ અને નમકીનના અગ્રણી અને જાણીતા નિર્માતા, વિક્રેતા અને નિકાસકારની આ કંપનીએ વિશ્વભરમાં આ ક્ષેત્રમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. પરંપરાગત મીઠાઈઓની સાથે વર્તમાન પેઢીને પસંદ પડે એવી નીતનવી વેરાઇટીઓ સ્વાદ શોખીનો અને ખાવાના રસિયાઓ સમક્ષ રજૂ કરી છે, જેને માટે એમનો રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ વિભાગ સતત કાર્યરત રહે છે. મોહનલાલ એસ મીઠાઇવાલાના સંચાલકોએ એમના માનવંતા ગ્રાહકોને એમની અધિકૃત દુકાનોમાંથી જ ખરીદી કરવાની વિનંતી કરી છે. વધુમાં જણાવ્યું છે કે ગ્રાહકોએ નકલખોરોથી સાવધ રહી કંપનીનો ટ્રેડમાર્ક અને કોપીરાઇટ ચકાસીને જ ખરીદી કરવી. ■

# મીઠી નદી પર ₹૩૦૩ કરોડના ખર્ચે નવો બ્રિજ બંધાશે

મુંબઈઃ મીઠી નદી પર જૂના પુલને તોડી પાડીને નવો પુલ બાંધવામાં આવવાનો છે. ધારાવીમાં ડ્રાઈવ ઈન થિયેટર પાસે મીઠી નદી પર બાંધવામાં આવનારા પુલના કામ માટે પાલિકાએ કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરી છે. તે માટે ૩૦૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે.

આ પુલને કારણે ટ્રાફિકની સમસ્યા રાહત મળી રહેશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે.

મીઠી નદી પર આ પુલ બાંધવા માટે પાલિકાએ ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. ડૉ. ચિતળેની અધ્યક્ષતા હેઠળ જુલાઈ ૨૦૦૫માં થયેલી અતિવૃષ્ટિ બાદ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. આ સમિતિએ મીઠી નદીના પટને ૬૮ મીટપથી ૧૦૦ મીટર સુધી વધારવાની ભલામણ કરી હતી. તે મુજબ સાયન, ધારાવી અને પશ્ચિમ ઉપનગરમાં બાન્દ્રાને જોડનારા પુલનું પુનઃબાંધકામ કરીને તેની પહોળાઈ વધારવામાં આવશે. આ કામ બે તબક્કામાં કરવાનું આયોજન છે.

બાન્દ્રા પૂર્વમાં ડ્રાઈવ ઈન થિયેટર પાસેથી મીઠી નદી પસાર થાય છે. સાયન, કુર્લા, બીકેસી, ધારાવી અને કલીના જવા માટે ધારાવીનો આ પુલ મહત્ત્વનો માનવામાં આવે છે. પુલની પહોળાઈ ઓછી હોવાથી તેના પર અનેક વખત પીક અવર્સમાં ટ્રાફિક થઈ જતો હોય છે.

ચોમાસામાં મીઠી નદીમાં પૂર આવે ત્યારે પુલની પહોળાઈ અને ઊંચાઈ ઓછી હોવાથી પાણી પુલને અડતા હોય છે. તેથી પુલની પહોળાઈ અને ઊંચાઈ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હાલ ધારાવીના જૂના પુલની પહોળાઈ ૯.૩ મીટર છે. તે હવે ૪૮ મીટર સુધી વધારવામાં આવવાની છે. તો લંબાઈ ૧૦૮ મીટર છે, તેથી બીકેસી, સાયન જેવા ઠેકાણે જનારાં વાહનોનો પ્રવાસ સરળ અને ઝડપી બનશે. પાલિકાએ કૉન્ટ્રેક્ટર નક્કી કર્યો હોઈ તે પાછળ ૩૦૩ કરોડ ૯૫ લાખ રૂપિયાનો ખર્ચ થવાનો છે. આ પુલ બે વર્ષમાં ઊભો કરવામાં આવવાનો છે. તો ત્રણ વર્ષ સુધી કંપની દ્વારા પુલની દેખરેખ રાખવામાં આવશે.

જૂનો પુલ તોડી પાડવાથી આ પરિસરમાં ટ્રાફિકને અસર થવાની શક્યતા છે. તેથી જૂના પુલની બાજુમાં દક્ષિણ દિશામાં વધુ એક પુલ ઊભો કરવામાં આવવાનો છે અને તે બંધાઈ ગયા બાદ જૂનો પુલ તોડી પાડીને તે જગ્યાએ નવો પુલ બાંધવામાં આવશે.■




# સંજય ગાંધી નેશનલ પાર્કના ઝોનલ ડ્રાફ્ટ પ્લાન સામે વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સંજય ગાંધી નેશનલ પાર્ક માટે મુંબઈ મહાનગરપાલિકાના ડ્રાફ્ટ ઝોનલ માસ્ટર પ્લાન પર સૂચનો અને વાંધા રજૂ કરવાની સમયમર્યાદા ૧૭ ઑક્ટોબરના પૂરી થયા બાદ હવે તેના પર જાહેર સુનાવણી થવાની છે. પાલિકાના દ્વારા આ સૂચનો અને વાંધા પર દિવાળી બાદ જાહેર સુનાવણી માટે તારીખ નક્કી કરવામાં આવવાની છે. જોકે મોટાભાગના સોશિયલ એક્ટિવિસ્ટ સહિત પર્યાવરણવાદીઓએ આ ડ્રાફ્ટ પ્લાન સામે વિરોધ નોંધાવ્યો છે. સંજય ગાંધી નેશનલ પાર્કના ઝોનલ માસ્ટર પ્લાન વિકસાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય જંગલની ઈકોલોજીનું રક્ષણ કરવાનો હતો પણ આ પ્લાન સામે વાંધો લેનારાઓના દાવા મુજબ ઈકો સેન્સિટીવ ઝોનનું સીમાંકન અને ઉદ્યાનમાં વિવિધ પ્રવૃત્તિઓને મંજૂરી આપવાથી આ હેતુ નિષ્ફળ ગયો છે. અર્બન પ્લાનરના કહેવા મુજબ અર્બન ફોરેસ્ટના રક્ષણ માટે ઝોનલ માસ્ટર પ્લાન બનાવવાનો પ્રસ્તાવ હતો પણ તેમણે વિકાસ માટે વધુ જમીન ખુલ્લી મૂકી હતી.

ન્યૂ જર્સીની એક સંસ્થા દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ ૨૦૮૦ સુધીમાં શહેર પાણીમાં ડૂબી જશે. ફક્ત સંજય ગાંધી નેશનલ પાર્ક, મલબાર હિલ જેવા અમુક વિસ્તારો જ પાણીના સ્તરથી ઉપર રહેશે. તેથી આબોહવા પરિવર્તનની દ્રષ્ટિએ પણ તેના પર્યાવરણીય મહત્ત્વને ધ્યાનમાં લેતા તેને વન વિસ્તાર તરીકે જાળવી રાખવું જોઈએ. ■

# ફેક્ટરીમાં છાતીમાં કઠણ વસ્તુ વાગવાથી કર્મચારીનું મોત

પાલઘરઃ પાલઘર જિલ્લામાં પેપર બોક્સ બનાવતી ફેક્ટરીમાં છાતીમાં કઠણ વસ્તુ વાગવાથી ૨૬ વર્ષના કર્મચારીનું મૃત્યુ થયું હતું.

તારાપુર એમઆઇડીસી વિસ્તારમાં ગિન્ની ગોપાલ પ્રાઇવેટ લિમિટેડમાં શનિવારે સાંજે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા કર્મચારીની ઓળખ કે. શ્રીકાંત રાવ તરીકે થઇ હતી. શ્રીકાંત રાવના ત્વરિત હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, એમ પાલઘરના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે કહ્યું હતું. દરમિયાન બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. રાવના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# હત્યાના પ્રયાસના કેસમાં રિક્ષા ડ્રાઈવર નિર્દોષ

થાણેઃ હત્યાના પ્રયાસના ૨૦૨૨ના કેસમાં સેશન્સ કોર્ટે તપાસકર્તા પક્ષ હુમલા સંબંધિત ઘટનાક્રમને સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો હોવાનું નોંધીને રિક્ષા ડ્રાઈવરને નિર્દોષ છોડ્યો હતો. થાણેના ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે નોંધ્યું હતું કે ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) અને ફરિયાદી કોર્ટમાં આપેલી જુબાની વચ્ચે નોંધપાત્ર વિસંગતિ હતી. કોર્ટના આદેશની નકલ રવિવારે પ્રાપ્ત થઈ હતી. તપાસકર્તા પક્ષ અનુસાર ૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ થાણેના કોપરી વિસ્તારમાં જગદીશ ઉર્ફે યાગદેવ ભીખુ મહાતો (૫૪)એ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો, જેમાં જબ્બાર અબ્દુલ રેહમાન માલગુડકરના માથા અને હાથ પર ઇજા થઈ હતી.

આ પ્રકરણે હત્યાના પ્રયાસ અને ગેરકાયદે શસ્ત્ર રાખવા બદલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ઓટો વૉશિંગ સેન્ટરમાં કામ કરતો ફરિયાદી આરોપીને ઓળખતો હતો. ફરિયાદીએ જુબાનીમાં કહ્યું હતું કે આરોપી સાથે તે જમવા ગયો હતો. જમીને પછી બન્ને આરોપીના ઘરે ગયા હતા. બેડ પર સૂતાં સૂતાં ફરિયાદી તેના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ જોતો હતો ત્યારે અચાનક આરોપી રસોડામાં ગયો હતો. રસોડામાંથી પાછો આવી આરોપીએ હુમલો કર્યો હતો.

જોકે જજે નોંધ્યું હતું કે એફઆઈઆરમાં જૂની અદાવતનો ઉલ્લેખ કરાયો હતો. ફરિયાદમાં દાવો કરાયો હતો કે ફરિયાદીએ સોનાની ચેન અને ૧૦ હજાર રૂપિયા પાછા આપવાનો ઇનકાર કર્યો હતો. આ વિગતો ફરિયાદીએ કોર્ટના પુરાવામાં છુપાવી હતી. ફરિયાદ પક્ષે રજૂ કરેલા ઘટનાક્રમમાં પણ અનેક ખામીઓ હોવાનું કોર્ટે નોંધ્યું હતું. એ સિવાય પડોશીઓ અને ફરિયાદીની જુબાનમાં વિસંગતિ જોવા મળી હતી. મેડિકલ સર્ટિફિકેટમાં પણ ત્રણ નજીવી ઇજાનો સંકેત હતો, જેથી હત્યાના પ્રયાસના આરોપમાં વધુ ગૂંચ ઊભી થઈ હતી, એમ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઈ)■



# કાઉન્ટરની ભીડ ઘટાડવા પશ્ચિમ રેલવેનો નવતર પ્રયોગ

## બસના કન્ડક્ટરની જેમ હેન્ડ મશીનથી વેઈટિંગ એરિયામાં જ મળશે ટિકિટ

મુંબઈઃ તહેવારોમાં મુંબઈ જ નહીં, પરંતુ પાટનગર દિલ્હી સહિત તમામ શહેરોમાંથી પોતાના વતન જવા માટે નાગરિકો દોટ મૂકી રહ્યા છે ત્યારે સસ્તા પરિવહનને કારણે રેલવે સ્ટેશનો પર પ્રવાસીઓની હકડેઠઠ ભીડ જોવા મળે છે, પરંતુ રિઝર્વેશનની ટિકિટ મેળવવામાં પ્રવાસીઓને નાકે દમ આવી રહ્યો છે, ક્યારેક પ્રવાસીઓ જનરલ કોચમાં ટ્રાવેલ કરતા હોય છે, પરંતુ કાઉન્ટર પરનું ભારણ ઘટાડવાના ભાગરૂપે રેલવેએ હવે નવો નુસખો અજમાવ્યો છે, જ્યાં બસના કન્ડક્ટરના માફક સ્ટેશન પરના બુકિંગ અધિકારી પ્રવાસીઓ પાસે જઈને હેન્ડ મશીન મારફત ટિકિટ આપશે.

મળતી માહિતી અનુસાર બુકિંગ અધિકારી વેઈટિંગ એરિયામાં જઈને ટિકિટ આપશે. આ મશીનમાં કેશ ઍન્ડ ઓનલાઈન બંને ટિકિટ આપવાની સુવિધા ઉપલબ્ધ હશે. હાલના તબક્કે મુંબઈમાં મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, બોરીવલી, સુરત અને ઉધના સ્ટેશન પર શરૂ કરવામાં આવી છે. બાંદ્રા ટર્મિનસ પર નવ બુકિંગ સ્ટાફને આ કામકાજ માટે તાલીમ પણ આપવામાં આવી છે.

હાલના તબક્કે બાંદ્રા ટર્મિનસ ખાતે ટેમ્પરરી વેઈટિંગ એરિયા પણ બનાવ્યો છે, જ્યાં પ્રવાસીઓ માટેની બેઝિક ફેસિલિટીઝ લાઈટ, પંખા અને પાણીની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. ઉપરાંત, પ્રવાસીઓની દર વર્ષે વધતી ભીડને જોતા કાયમી સેટઅપ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેથી જરૂરિયાત વખતે ઉપયોગ કરી શકાય. નવા વેઈટિંગ એરિયા પણ એકાદ દિવસમાં શરુ કરવામાં આવશે, જ્યાં પ્રવાસીઓ માટે બેઝિક સુવિધા પૂરી પાડવામાં આવશે.

અધિકારીએ કહ્યું હતું કે દિવાળી અને છઠના તહેવાર નિમિત્તે પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં સૌથી વધુ અનારક્ષિત ટ્રેન બાંદ્રા ટર્મિનસથી દોડાવવામાં આવી રહી છે, જેથી સૌથી વધુ સુરક્ષા કર્મચારીઓને તહેનાત પણ કરવામાં આવી છે. રુટિન અધિકારીઓ સિવાય પીક સિઝનમાં ૩૦ આરપીએફ, ૩૫ જીઆરપી (સરકારી રેલવે પોલીસ) અને ૧૫ હોમગાર્ડને તહેનાત કરવામાં આવે છે. ટ્રેન આવ્યા પહેલા અને પછી બુકિંગ સ્ટાફ અને સુરક્ષા કર્મચારી પણ તમામ લોકોને ચેક કરીને અંદર મોકલવામાં આવે એની પણ તકેદારી રાખવામાં આવી રહી છે, જેથી ભાગદોડ થાય નહીં.

# દીકરીની હત્યા અને પત્નીને ગંભીર ઇજા પહોંચાડનારો બિહારમાંથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વજનદાર વસ્તુ ફટકારીને દીકરીની નિર્દયતાથી હત્યા અને પત્નીને ગંભીર ઇજા પહોંચી ફરાર થઈ ગયેલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે બિહારમાં પકડી પાડ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૮ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ મોહમ્મદ સુલેમાન રઝાક કુજરા (૪૦) તરીકે થઈ હતી. વધુ તપાસ માટે આરોપીને વાકોલા પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની રાતે સાંતાક્રુઝ પૂર્વમાં કલિના વિસ્તારમાંની શિવનગર ચાલમાં બની હતી. આરોપી કુજરા પત્ની અને સંતાનો સાથે ભાડેની રૂમમાં રહેતો હતો અને પેઈન્ટિંગનું કામ કરતો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૨૦૦૨માં આરોપીનાં લગ્ન નસીમા સાથે થયાં હતાં. લગ્ન બાદ નસીમા વતનમાં રહેતી હતી, જ્યારે આરોપી મુંબઈમાં રહીને પેઈન્ટિંગનું કામ કરતો હતો. ત્રણ વર્ષ પહેલાં જ આરોપી પત્ની અને સંતાનોને સાંતાક્રુઝમાં રહેવા લઈ આવ્યો હતો. દારૂ પીવાનું વ્યસન હોવાથી આરોપી વારંવાર ઝઘડા કરી પત્ની અને સંતાનોની મારઝૂડ કરતો હતો. કહેવાય છે કે ઘટનાની મોડી રાતે દંપતી વચ્ચે જોરદાર ઝઘડો થયો હતો. ગુસ્સામાં આરોપીએ પત્ની અને દીકરી અસગરી (૧૪) પર વજનદાર વસ્તુથી પ્રહાર કર્યા હતા. આ ઘટનામાં અસગરી ઘટનાસ્થળે જ મૃત્યુ પામી હતી, જ્યારે પત્ની નસીમાને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટના બાદ આરોપી મોબાઈલ ફોન સ્વિચ ઑફ કરીને ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન આરોપી બિહારમાં તેના વતનમાં ગયો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ બિહાર પહોંચી હતી.

# ફટાકડા ફોડતી વખતે ધ્યાન રાખોઃ ફાયરબ્રિગેડ

મુંબઈઃ દિવાળીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પાલિકા અને ફાયર વિભાગે નાગરિકોને ઉજવણી કરતી વખતે વૃક્ષો, હાઇ-વોલ્ટેજ પાવર લાઇનો અને એર ડક્ટ્સ પાસે ફટાકડા ફોડવાથી બચવા અપીલ કરી છે. સાથે આગ કે તેના જેવી કોઈ ઘટનામાં તાત્કાલિક ૧૦૧ અથવા સિવિલ એઇડ સર્વિસના સંપર્ક નંબર ૧૯૧૬ પર સંપર્ક કરવા સલાહ આપી છે.

દિવાળી દરમિયાન દર વર્ષે આગ લાગવાની ઘટનાઓ ઘટે છે. તેથી મ્યુનિસિપલ કોર્પોરેશન અને ફાયર વિભાગ સમયાંતરે નાગરિકોને તહેવારની યોગ્ય રીતે ઉજવણી અંગે માર્ગદર્શન આપે છે. આ વર્ષે પણ, નગરપાલિકાએ તહેવાર દરમિયાન ફટાકડા ફોડતી વખતે સાવચેત રહેવાની અપીલ કરી છે. ઇમારતો, સીડીઓ કે ટેરેસ પર ફટાકડા ન ફોડવા અને ફટાકડા ફોડવા માટે માચીસ કે લાઇટરનો ઉપયોગ કરવાનું ટાળવું. વૃક્ષો, ઉપરના વીજળીના તાર કે ઊંચી ઇમારતો પાસે હવામાં ઉડતા ફટાકડા ન ફોડવા. બારીના પડદા પાસે દીવા/લેમ્પ ન પ્રગટાવવા. ઇલેક્ટ્રિક વાયર, ગેસ પાઇપલાઇન, વાહનોની નજીક અથવા પાર્કિંગની જગ્યામાં ફટાકડા ન ફોડવા. ઘર, ઇમારત, પરિસર વગેરેમાં ઇલેક્ટ્રિકલ લાઇટિંગ લગાવતી વખતે અધિકૃત ઇલેક્ટ્રિશિયનની મદદ લેવી. નગરપાલિકાએ નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ વિદ્યુત ભાર (ઓવરલોડ) ન થાય તેની ખાતરી કરવા માટે પણ સૂચનાઓ જારી કરી છે.

# પાલિકાના કર્મચારીઓની દિવાળીઃ ₹ ૩૧,૦૦૦ એક્સ-ગ્રેશિયા મળશે

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને ગુરુવારે દિવાળી પર તેના સ્ટાફ માટે રૂ.૩૧,૦૦૦ની એક્સ-ગ્રેશિયા ચુકવણીની જાહેરાત કરી.

દરેક પાત્ર બીએમસી અધિકારી અને કર્મચારી, સહાયિત ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓ, જેમાં શિક્ષણ સહાયકો અને શિક્ષણ સેવા કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેમને રૂ. ૩૧,૦૦૦ની એક્સ-ગ્રેશિયા મળશે. શિક્ષણ સેવકો અને શિક્ષક તાલીમ સંસ્થાઓના કર્મચારીઓ (સહાયિત અને બિન-સહાયિત)ને પણ એક્સ-ગ્રેશિયા આપવામાં આવશે, બીએમસીના એક પ્રકાશનમાં જણાવાયું છે. આ ઉપરાંત સમુદાય આરોગ્ય સ્વયંસેવકો રૂ.૧૪,૦૦૦ ની 'ભાઈ બીજ' ભેટ આપવામાં આવશે, જ્યારે કિન્ડરગાર્ટન શિક્ષકો અને સહાયકોને રૂ.૫,૦૦૦ મળશે, એમ પ્રકાશનમાં ઉમેરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારે તમામ બીએમસી અધિકારીઓ અને કર્મચારીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી છે, એમ તેમાં જણાવાયું છે.

# બેસ્ટની બસને વિદાય

મુંબઈઃ મુંબઈગરાઓની જીવાદોરી તરીકે ઓળખાતી બેસ્ટ બસના કાફલામાં જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી પુનર્વિકાસ યોજના હેઠળ ૧૫ વર્ષ પહેલા ખરીદાયેલી છેલ્લી ખાનગી માલિકીની અશોક લેલેન્ડ સીએનજી બસોમાંથી એકને વિદાય આપવામાં આવી. આ બેસ્ટ બસને ૧૧ ઓક્ટોબરના રોજ માલવણી બસ ડેપો ખાતે વિદાય આપવામાં આવી હતી.

બેસ્ટના કાફલામાં નોન-એસી બસો હવે ઓછી થવા લાગી છે અને હવે તેનું સ્થાન ઇલેક્ટ્રિક વાહનો દ્વારા લેવામાં આવી રહ્યું છે. માલવણી ડેપોની બસ નંબર ૧૮૬૪, બેસ્ટ સેવામાં ૧૫ વર્ષ પૂર્ણ કરી રહી છે. હવે આ બસ ૨૫ ઓક્ટોબરથી રસ્તાઓ પર દોડશે નહીં. જોકે, બસ નંબર ૧૮૬૪ માં છેલ્લી ઘડીએ એન્જિનમાં સમસ્યા ઊભી થતાં, બેસ્ટે ગોરાઈ ડેપોમાંથી વૈકલ્પિક બસ નંબર ૧૯૪૮ ની વ્યવસ્થા કરી હતી. બસ નંબર ૧૯૪૮ ૧૩ ઓક્ટોબરે નિવૃત્ત થઈ. જ્યારે સિરીઝની બીજી બસ નંબર ૧૯૪૯ શુક્રવાર, ૧૭ ઓક્ટોબરે નિવૃત્ત થઈ રહી છે.

આ બસને હાર, ફૂલો અને રિબનથી સજાવવામાં આવી હતી. નાળિયેર ફોડીને, કેક કાપીને ડેપોના કર્મચારીઓએ આ બસને વિદાય આપી. માલવણીથી આ બસની છેલ્લી ફેરી શરૂ થઈ અને આરે કોલોની, મુંબઈ ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટિક એરપોર્ટ, બાંદ્રા-વરલી સી લિંક અને નવા શરૂ કરાયેલા સ્વરાજ્યરક્ષક ધર્મવીર છત્રપતિ સંભાજી મહારાજ કોસ્ટલ રોડ થઈને બસ મંત્રાલય બસ સ્ટેન્ડ પર પહોંચી હતી.

# ભ્રષ્ટ સરકારની નજીવી સહાય; ખેડૂતોની 'કાળી દિવાળી': વિપક્ષનો આક્ષેપ

મુંબઈ : વરસાદ અને પૂરને કારણે થયેલા પાકના નુકસાનને પગલે સંકટનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના ખેડૂતો માટે આ 'કાળી દિવાળી' હશે એવો દાવો વિપક્ષી કોંગ્રેસ અને એનસીપી (એસપી)એ શુક્રવારે કર્યો હતો. ખેડૂતોને નજીવી સહાય કરવા બદલ 'ભ્રષ્ટ' મહાયુતિ સરકાર પર ટીકાની ઝડી વરસાવી હતી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના પ્રદેશ અધ્યક્ષ શશીકાંત શિંદેએ જણાવ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળની સરકારે ખોટા આશ્વાસનો આપીને ખેડૂતોની આશાઓ અને આકાંક્ષાઓને ખતમ કર્યા હોવાથી પૂર અને વરસાદથી અસરગ્રસ્ત લોકો માટે આ વર્ષ 'કાળી દિવાળી' બની રહેશે.

સત્તાના નશામાં ચૂર મહાયુતિ ગઠબંધનનો વિરોધ કરવા અને શાસકોને ખેડૂતોની દુર્દશા વિશે જાગૃત કરવા અને તેમની માંગણીઓ પ્રત્યે ધ્યાન દોરવા દરેક જિલ્લામાં એનસીપી (એસપી) કાર્યકરો અને નેતાઓ દ્વારા કલેક્ટર કાર્યાલયની બહાર દિવસભર ભૂખ હડતાલ કરવામાં આવી હતી. શનિવારે ધનતેરસથી શરૂ થતા દિવાળીના તહેવારની પૂર્વસંધ્યાએ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ મહારાષ્ટ્રમાં સાતારા જિલ્લા કલેક્ટરની ઓફિસની બહાર ભૂખ હડતાળમાં ભાગ લેનારા શિંદેએ જણાવ્યું હતું કે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનનો હેતુ ખેડૂતોની ઉપેક્ષા કરવા બદલ મહાયુતિ સરકારની નિંદા કરવાનો હતો. મહારાષ્ટ્રની ત્રણ પક્ષીય સરકારે સૌથી પ્રગતિશીલ રાજ્યની નામના ધરાવતા રાજ્યના અન્ન પ્રદાતાઓ માટે 'નજીવી સહાય'ને તેમણે મજાક ગણાવી છે.

કોંગ્રેસ વિધાયક દળ (સીએલપી) ના નેતા વિજય વડેટ્ટીવારે નોંધ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારે ખેડૂતો માટે ૩૧ હજાર કરોડ રૂપિયાથી વધુના રાહત પેકેજની જાહેરાત કરી છે, પરંતુ વાસ્તવિક રાહત ૧ હજાર ૮૦૦ કરોડ રૂપિયા સુધી મર્યાદિત છે. (પીટીઆઈ)

# વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે કામ કરતી એનજીઓ અને સંસ્થાઓ માટે મહારાષ્ટ્ર સરકારની એસઓપી જાહેર

મુંબઈમાં મહારાષ્ટ્ર સરકારે વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ, વિકાસ અને પુનર્વસન માટે કામ કરતી બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ) અને અન્ય સંસ્થાઓ માટે એક એસઓપી જાહેર કરી છે. આ પગલુ વિકલાંગ અધિકાર અધિનિયમ, ૨૦૧૬ના વિભાગો ૪૯થી ૫૩ અનુસાર ફરજિયાત નોંધણીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. આ એસઓપીથી આ ક્ષેત્રમાં કાર્યરત સમાજસેવી સંસ્થાઓમાં એકરૂપતા, પારદર્શિતા અને જવાબદારી વધશે તેવી અપેક્ષા છે.

વિકલાંગ કલ્યાણ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવમાં આ જીઆરની વિગતો આપવામાં આવી છે. વિકલાંગ કલ્યાણ કમિશનરને અધિનિયમ હેઠળ અધિકૃત અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નવી માર્ગદર્શિકા અનુસાર, સંસ્થાઓએ સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ અથવા કંપનીઝ એક્ટની કલમ ૮ હેઠળ નોંધણી કરાવી હોવી જરૂરી છે. તેમના ઉદ્દેશ્યોમાં વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ, તાલીમ, સંશોધન અને પુનર્વસન જેવા ક્ષેત્રો સ્પષ્ટપણે સમાવિષ્ટ હોવા જોઈએ.

સંસ્થાઓએ પર્યાપ્ત કર્મચારીઓ, આર્થિક ક્ષમતા, સુલભતા અને અન્ય નિર્ધારિત ધોરણોનું પાલન કરવું પડશે. નોંધણી માટે અરજીઓ જિલ્લા-સ્તરના અધિકારીને સોંપવી પડશે, જે પ્રાથમિક તપાસ બાદ તેને કમિશનરને મોકલવાની રહેશે. જિલ્લા તપાસ સમિતિ ૩૦ દિવસમાં અહેવાલ આપવો પડશે, અને મંજૂરી બાદ સંસ્થાને એક વર્ષનું નોંધણી પ્રમાણપત્ર અને અનન્ય આઈડી આપવામાં આવશે.

સંસ્થાઓએ નોંધણીની મુદત પૂરી થવાના ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા નવીકરણ માટે અરજી કરવી પડશે અને દર વર્ષે વાર્ષિક અહેવાલ તેમ જ ઓડિટેડ નાણાકીય વિવરણો સોંપવા પડશે. દરેક નોંધાયેલી સંસ્થાનું વર્ષમાં ઓછામાં ઓછું એક વખત તપાસ કરવામાં આવશે. સરકારી અથવા અદાલતી આદેશોનું ઉલ્લંઘન, ભંડોળનો દુરુપયોગ, વિકલાંગ વ્યક્તિઓને લાભ ન પહોંચાડવો, આર્થિક અનિયમિતતા અથવા શોષણના કિસ્સામાં નોંધણી રદ કરવામાં આવશે.

# ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલાયું

ઔરંગાબાદઃ મહારાષ્ટ્રના ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને હવે છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન કરવામાં આવ્યું છે. આ નિર્ણય મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગેઝેટ નોટિફિકેશન દ્વારા લેવામાં આવ્યો છે. આ ફેરફાર શહેરનું નામ ઔરંગાબાદથી બદલીને છત્રપતિ સંભાજીનગર કરવાના લગભગ ત્રણ વર્ષ પછી થયો છે, જેનો હેતુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને ઉજાગર કરવાનો છે.

અધિકારી સૂત્રો પ્રમાણે, ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારે ૧૫ ઓક્ટોબરે ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલવા માટે ગેઝેટ નોટિફિકેશન જારી કર્યું હતું. આ પહેલ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની એમવીએ સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી, અને તે પછી એકનાથ શિંદેની સરકારે શહેરનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કર્યું હતું. આ નામ મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજના પુત્રના સન્માનમાં રાખવામાં આવ્યું છે, જે પહેલાં મુઘલ બાદશાહ ઔરંગઝેબના નામ પરથી ઓળખાતું હતું.

રેલવે સ્ટેશનનો ઇતિહાસ ઔરંગાબાદ રેલવે સ્ટેશનની સ્થાપના ૧૯૦૦માં હૈદરાબાદના ૭મા નિઝામ મીર ઓસ્માન અલી ખાન દ્વારા કરવામાં આવી હતી. આ સ્ટેશન કાચેગુડા-મનમાડ સેક્શન પર સ્થિત છે અને મુખ્યત્વે છત્રપતિ સંભાજીનગર શહેરને સેવા આપે છે. આ સ્ટેશન દક્ષિણ મધ્ય રેલવે ઝોનના નાંદેડ ડિવિઝન હેઠળ આવે છે, અને દેશના મુખ્ય શહેરો સાથે રેલવે જોડાણ ધરાવે છે.

છત્રપતિ સંભાજીનગર શહેર એક પર્યટન કેન્દ્ર તરીકે પ્રખ્યાત છે, જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ એવા અજંતા એલોરા ગુફાઓથી ઘેરાયેલું છે. આ શહેરને 'દરવાજાઓનું શહેર' તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમાં મુઘલ યુગ દરમિયાન બનેલા અનેક દરવાજા છે, જેમની પોતાની સ્થાનિક ઇતિહાસની વાર્તા છે. આ ઉપરાંત, શહેરમાં બીબી કા મકબરા અને ઔરંગાબાદ ગુફાઓ જેવા બે એએસઆઈ-સંરક્ષિત સ્મારકો છે, તેમજ અન્ય ઘણા ઐતિહાસિક સ્થળો પણ શહેરની હદમાં આવેલા છે.

# દિવાળીની રજાઓમાં મુંબઈથી મુખ્ય રૂટ પરના હવાઈ ભાડામાં તોતિંગ વધારો

મુંબઈઃ દિવાળીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે મુંબઈથી મુખ્ય ટાયર-ટૂ શહેરોના વિમાન ભાડા રોકેટની જેમ ઊંચે પહોંચી ગયા છે, કેટલાક રૂટ પર ₹૧૮,૦૦૦ ને વટાવી ગયા છે. ભારે માંગ અને મર્યાદિત સીટ ઉપલબ્ધતાને કારણે ઘણા સ્થાનિક ક્ષેત્રોમાં ટિકિટના ભાવમાં ૩૦-૩૫ ટકાનો વધારો થયો છે. તહેવારોની રજાઓ દરમિયાન ઘરે જતા અથવા પરિવારને મળવા જતા હજારો મુંબઈવાસીઓ માટે મુસાફરીનું આયોજન મોંઘુ થઈ ગયું છે.

ડેટા દર્શાવે છે કે મુંબઈથી પટના, લખનઊ, વારાણસી અને રાંચી સુધીની ફ્લાઇટ્સના ભાડામાં સૌથી વધુ વધારો જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બરમાં મુંબઈ-પટનાની એક તરફની ટિકિટ, જે લગભગ ₹૯,૦૦૦ હતી,અત્યારે તેની કિંમત ૧૭,૦૦૦ રૂપિયાથી ૨૦,૦૦૦ રૂપિયાની વચ્ચે છે. તેવી જ રીતે, મુંબઈથી કોલકાતા અને ગુવાહાટીની ફ્લાઇટ્સનું ભાડું લગભગ બમણું થઇ ગયું છે. જે ટ્રાફિક અને સમયના આધારે ૧૮,૦૦૦ રૂપિયાથી - ૨૨,૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

દિવાળી પહેલાના અઠવાડિયામાં સામાન્ય રીતે મુંબઈથી પોતાના વતનમાં સ્થળાંતર કરનારાઓ, વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોનો ધસારો જોવા મળે છે. જોકે, આ વર્ષે ફ્લાઇટ્સની સંખ્યા ઓછી હોવાથી ઉપલબ્ધતામાં ઘટાડો થયો છે, જેના કારણે ભાડામાં વધારો થયો છે.

આ સમયગાળા દરમિયાન મધ્ય અને પશ્ચિમ રેલ્વે દ્વારા પ્લેટફોર્મ ટિકિટ પરના પ્રતિબંધો દર્શાવે છે કે જમીન પર અને આકાશમાં, ટ્રાવેલ કોરિડોર કેટલા ભીડવાળા બની ગયા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) એ હસ્તક્ષેપ કર્યો છે અને તહેવારોના સમયગાળા દરમિયાન ભાડા વાજબી મર્યાદામાં રાખવા એરલાઇન્સને અપીલ કરી છે. ઉડ્ડયન નિયમનકારે એરલાઇન્સને વધુ ભાવો ટાળવા અને વધુ માંગવાળા રૂટ પર ભાડાનું નિયમન કરવાનો નિર્દેશ આપ્યો છે.

## પારસી મરણ

રોદા જહાંબક્ષ જીજીના તે મરહુમ જહાંબક્ષ રતનશા જીજીનાના ધણીયાની. તે મરહુમો આલામાય તથા ફરામરોઝ શાપુરજી કુપરના દીકરી. તે દીલનવાઝ જે. શેઠના ને ફરઝાદ ઝે. જીજીનાના મમ્મી. તે જમશેદ પ્રી. શેઠનાના સાસુ. તે આબાન એ. કાથાવાલા તથા મરહુમ બખ્તાવર એસ. હાંસોટીયાના બહેન. તે કુમી જે. શેઠનાના મમયજી. (ઉં. વ. ૮૩) રે. ઠે. સી-૧૪, સેન્ટ્રલ બેન્ક હાઉસિંગ સોસાયટી, દાદાભાઇ ક્રોસ લેન નં-૩, ઇરલા વિલેપાર્લે, મુંબઇ-૪૦૦૦૫૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૧૦-૨૫ને બપોરે ૩.૪૫ વાગે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

ગુલ જાલ ગઝદર તે જાલ સોરાબજી ગઝદરના ધણીયાની. તે મરહુમો બાનુ તથા નરીમાન ઝવેરીના દીકરી. તે દીનાઝ પી. તલાટી, ફરનાઝ વાડીયા ને ખુશરૂ જે. ગઝદરના મમ્મી. તે પરસી ડી. તલાટી ને ખુશનાઝ કે. ગઝદરના સાસુ. તે ઝરીન એન. પાતરાવાળા, સાયરસ એન. ઝવેરી, અસ્પી. એન. ઝવેરી તથા મરહુમો ઝરીન દેગામવાલા ને રોહિન્ટન એન. ઝવેરીના બહેન. તે પાકઝીન, ટીયાના, ટવીશા ને આતીસ્તાના મમયજી. (ઉં.વ. ૬૮) રે. ઠે. પી-૧૦, ભરૂચા બાગ, ભોંયતળિયે, એસ.વી. રોડ, શોપર્સ સ્ટોપની સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૦-૧૦-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે અંધેરી મધે અંધેરી પટેલ અગિયારીમાં.

જેરુ નોશીર ભરૂચા (ઉં. વ. ૮૬) તા. ૧૮-૧૦-૨૫એ ગુજરી ગયા છે. તે નોશીરના વાઇફ મરહુમ મંચેરશા અને મરહુમ નાજામાઇ કાટકીના દીકરી. જેરોઝ અને ફ્રેડીના મધર. કાશ્મીરા અને પરીઝાદના સાસુ. દાનેશના દાદી. ઉઠમણું તા. ૨૦-૧૦-૨૫એ.

**અમેરિકા**

મરહુમ એરવદ ફરામરોઝ (ફલી) એરચ આંત્યા (કરાંચીના રહેવાસી) તે રોશનના ખાવીંદ. એરવદ એરચ તથા શહેરા આંત્યાના બેટા. તે એરવદ બહમનશા તથા ઓસ્તી હોમાય કકલીયાના જમાઇ. તે અનાહીતા સરોષ કાંગા, મીથ્ર જમશેદ પાત્રાવાલાના પિતાજી. તે જમશેદ તથા મરહુમ સરોષનાં સસરાજી. તે ઝાસાના મમાવાજી. તે મરહુમ મહેર મલબારીના ભાઇ. (ઉં. વ. ૮૩) ઉઠમણું : તા. ૨૦-૧૦-૨૫ના સોમવારે બપોરે કામાબાગ અગિયારીમાં થશેજી.

## જૈન મરણ

પાટણ નિવાસી વિશા શ્રીમાળી કુંભારિયા પાડાના હાલ વસઈ શાહ મહેન્દ્રભાઈ કાંતિલાલ (મશરુવાળા) (ઉં. વ. ૭૭)તા. ૧૭/૧૦/૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ નયાનાબેનના પતિ. સ્વ.લિલાવતીબેન કાતિલાલ તથા સ્વ. કાંતિલાલ ડાહ્યાચંદના સુપુત્ર, સ્વ. ચંદ્રાવતીબેન તથા સ્વ. જયંતિલાલ મુલચંદના જમાઈ. રવિશ, જીનેશ, ચૈતાલી આશિષભાઈના પિતા. પુત્રવધૂ રીના, રચના તથા જમાઇશ્રી આશિષભાઈના સસરા. વિહાન, નિવાન, વ્રુષ્ટી, આર્યા તથા કાવ્યાના દાદા. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન મરણ**

ધોરાજી નિવાસી હાલ મુંબઈ પ્રવીણભાઈ પ્રાણલાલ મડિયા ઉંમર વર્ષ ૮૩ તારીખ ૧૮.૧૦. ૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વર્ગીય પારૂલબેનના પતિ. પારસ અને શ્રેણીકના પિતા. નીતા તથા હીરૂપના સસરા તથા સાનિયા કહાન અને ખ્યાનાના દાદાજી. તે કમલેશભાઈ તથા સ્વ. કિશોરભાઈ વ્રજલાલ ધુલીયા, મીનાબેન ભરતભાઈ મહેતા તથા ભારતીબેન રજનીકાંત અજમેરાના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ચેંબુર મુકેશ શાંતિલાલ મહેતા (ઉં. વ. ૬૮) તા. ૧૬-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતિલાલ હરીમંગળદાસ મહેતા તથા સ્વ. કમળાબેન શાંતિલાલ મહેતાના પુત્ર. નયનાબેનના પતિ. શ્રદ્ધા તથા અભિજીતના પિતા. કેતન, સેજલના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કુકડ નિવાસી હાલ મુલુંડ સ્વ. જયંતભાઇ દ્વારકાદાસ મહેતા (બહુડુક)ના ધર્મપત્ની રેખાબેન જે. મહેતા (ઉં. વ. ૭૪) તા. ૧૯-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મમતાબેન અને વિપુલભાઇના માતુશ્રી. રાજેશભાઇ અને જાગૃતિના સાસુ. પિયરપક્ષ સ્વ. રસીકલાલ હરીલાલ પારેખ (ભાવનગરવાળા)ની દીકરી. દિનેશભાઇ, નરેશભાઇના બેન. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી-૧૦, ભાગ્યોદય સોસાયટી, વાલજી લધા રોડ, કસ્તુરબા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી દેરાવાસી જૈન**

વિછીયા નિવાસી હાલ મલાડ ચંપકલાલ જીવરાજભાઇ માથુકિયા (ઉં. વ. ૮૭) તે સ્વ. હસુમતીબેન ચંપકલાલ માથુકિયાના પતિ. તે સ્વ. ચુનીભાઇ, કાંતિભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, કાકુભાઇ, સુરેશભાઇ અને સ્વ. લીલીબેન, મધુબેન, તથા વિમળાબેનના ભાઇ. તે હિતેનભાઇ, સંજીવભાઇ, હેતલબેનના પિતા. તે દીનાબેન, કાશ્મીરાબેન તથા ભાવેશકુમારના સસરા. તથા સ્વ. ધીરજલાલ શિવલાલ વસાણીના જમાઇ તા. ૧૭-૧૦-૨૫ શુક્રવારના અરિહંશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વડીયા નિવાસી હાલ મલાડ, સ્વ. વેણિલાલ અમરચંદ મહેતાના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં.વ.૮૫) રવિવાર, તા. ૧૯-૧૦-૨૫ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સોનલબેન ચેતન કૂવાડીયા, રૂપાબેન શૈલેષ અજમેરા, હેમાબેન હિતેશ સંઘરાજકા, પિંકી પરેશ ઠોસાણીના માતુશ્રી. તે સ્વ. પ્રભાબેન પરમાણંદદાસ કોઠારીના દીકરી. તે સ્વ. રમણીકભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ.વિનોદભાઇ, બકુલભાઇ, સ્વ. કમળાબેન પંચમિયા, અનિતાબેન રૂપાણીના બેન. તે સ્વ. વજુભાઇ, સ્વ. શાંતિભાઇ, સ્વ. પ્રાણલાલભાઇ મહેતા, તે સ્વ. સવિતાબેન, સ્વ.ચંપાબેન, સ્વ. મુક્તાબેનના ભાભી. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

બિદડા (હાલે કેન્સાસ અ.જ.અ)ના અ.સૌ. સરોજ રતીલાલ સંગોઈ (ફુરીયા) (ઉ.વ.૭૨) ૧૪-૧૦-૨૫ ના અવસાન પામેલ છે. રતીલાલના પત્ની. સ્વ. સોનબાઇ ખીમજી લધાના પુત્રવધૂ. આનંદ, અંકુરના માતા. લુણીના સ્વ. ભાનુમતી તલકશી ગલિયાના પુત્રી. સ્વ. રસીલા ઠાકુર, લાખાપરના નિશા દિલીપ, બેરાજાના ડો. અલ્પા પરેશ, મો. આસંબીયાના નીના યોગેશ, દીપકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજ સંગોઇ.

શેરડીના અ.સૌ. હેમલતાબેન હરિયા (ઉં.વ. ૬૭) ૧૮-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મક્કાબાઈ કાનજી ધરમશીના પુત્રવધૂ. દિનેશભાઈના પત્ની. મોનિકા, નયનના મમ્મી. માપરના રતનબેન ભવાનજી ગેલા ગડાના સુપુત્રી. માપરના વસંત, કેતન, ચેતન, ગઢશીશાના કુંજલતા ડુંગરશી, રામાણીયાના ટીના કીર્તિના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : દિનેશ હરિયા, ૧૨, શર્મિલા એ વિંગ, મંદાકિની સીએચએસ, મોડલ ટાઉન, મુલુંડ (વે), મું.૮૦.

નવીનારના દમયંતી જયંતિલાલ વોરા (ઉં.વ.૭૦) ૧૭.૧૦.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન ધારશી ટોકરશી વોરાના પુત્રવધૂ. સ્વ. જયંતિલાલના ધર્મપત્ની. નાના ભાડિયા રતનશી વરજાંગ મારૂના દીકરી. સ્વ. ગુલાબ, ગુંદાલા પ્રભા ભરત સત્રા, મોટા આસંબિયા વાસંતી જીતેન્દ્ર છેડા, જીતેન્દ્ર, વિમલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : જીતેન્દ્ર મારૂ, લક્ષ્મી સી.એચ.એસ, બી-૪૦૩, કલ્પતરૂની બાજુમાં, ઉમરગામ (પશ્ચિમ), પિન-૩૯૬૧૬૫.

નાની તુંબડીના માતુશ્રી મણીબેન કાનજી સંગોઈ (ઉં. વ.૧૦૦) શનિવાર તા.૧૮-૧૦-૨૫. અરિહંત શરણ પામેલ છે. પરમાબેન ધારશી શવરાજના પુત્રવધૂ. કાનજી ધારશીના પત્ની. સ્વ. આરતી (વિમળા), રમીલા, સ્વ. કિશોરના માતુશ્રી.ગંગાબાઈ ખેતશી ગાલાના સુપુત્રી. સ્વ. સુરજી (વેલજી) રાયણ મંજુલા શાંતિલાલના બેન. પુનડી વેજબાઈ તેજશી પૂંજાના દોહિત્રી. તુંબડી ભાણબાઈ પ્રેમજી, મેઘબાઈ પુનશી, લક્ષ્મીબેન હીરજીના દેરાણી. કસ્તુરબેન ચનાભાઈ, લક્ષ્મીબેન નાનજીના જેઠાણી. પ્રાર્થના રાખેલ નથી. ઠે, નિ.હંસા કિશોર સંગોઈ. ૩૦૪ સાઈ એવેન્યુ, નવઘર રોડ, મુલુંડ (ઇ.) મું. ૮૧.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી ઝાલાવાડી જૈન**

વિરમગામ નિવાસી હાલ વસઈ પ્રમેશભાઈ (કકુન) મણીલાલ જગજીવનદાસ શાહના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન (ઉં.વ. ૭૨) ૧૭/૧૦/૨૫ શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તે અમી રાજેશ શાહ, જલ્પા અપૂર્વ શાહ, બીજલ હેપ્પી શાહના માતુશ્રી. તે સ્વ.પ્રવીણભાઈ, સ્વ.મુકેશભાઈ, સ્વ.મનોજભાઈ, શૈલેશભાઈ, સ્વ.વિપુલભાઈ, ભાવનાબેન, વર્ષાબેન, સ્વ.નલીનભાઈ, નરેશભાઈ, મહેશભાઈ, ભારતીબેન, અરુણાબેનના ભાભી. તે ચંપકલાલ ઝવેરચંદ શાહના પુત્રી. તે કિરીટભાઈ, પંકજભાઈ, સ્વ.હર્ષિદાબેન, બેલાબેનના બહેન. તે આર્યન,ક્રીના, વ્યનયના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

સાવર કુન્ડલા નિવાસી હાલ મુંબઈ સુરેશ અમૃતલાલ પારેખ (ઉં. વ. ૮૦) તા. ૧૫-૧૦-૨૫ના રોજ પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ કલ્યાણપુર (દ્વારકા) હાલ કાંદિવલી નિવાસી સ્વ. વેલજી દેવરામ પરમાણી (કારિયા)ના સુપુત્ર બિપીનભાઈ (ઉં.વ. ૭૩) ૧૯-૧૦-૨૫ના રવિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે રંજનબેનના પતિ. તે ધવલ અને શીતલના પિતા. તે સ્વાતિ તથા મનોજકુમાર ઠક્કરના સસરા. તે સ્વ. રમણીકભાઈ, સ્વ. જેઠુભાઈ, સ્વ. કિર્તીભાઈ, અશોકભાઈ, સ્વ. તારાબેન, સ્વ. વિજયાબેન, સ્વ. કમુબેન તથા સ્વ. કલાબેનના ભાઈ. તે સ્વ. મૂળજીભાઈ ઠક્કર (અંજાર)ના જમાઈ. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ મુલુંડ કિશોર જેઠાલાલ રાચ (ઉ. વ. ૮૬) તે રસીલાબેન રવજીભાઇ ખાખરીયાના પતિ. તે જયંતીલાલ, પૂર્ણિમા દતાણીના ભાઇ. સ્વ. દિપેશ, પિયુષ, હેતલ બદીયાણીના પિતા. રીતીકા બદીયાણીના નાના. જશ, પુનિતના દાદા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

કરાચી સ્થિત સ્વ. જીવરાજ લખમશી સુચડેના પુત્ર અમૃતલાલ (અમુભાઇ) (ઉં. વ. ૧૦૧) સ્વ. મુલજીભાઇ, સ્વ. મોહનભાઇ, સ્વ. ગોરધનભાઇ, સ્વ. શાંતિભાઇ, અજીતભાઇ, નરુભાઇ, રમેશભાઇ, વિમલાબેન જમનાદાસ નારણ અને હંસાબેન બંસીલાલ વસંતના ભાઇ તા. ૧૮-૧૦-૨૫ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. આરતી (લીલા) અનિલ સંપટ (ઉં. વ. ૮૩) તે સ્વ. અનિલ દામોદર સંપટના પત્ની. તે સ્વ. ચરણદાસ વિઠ્ઠલદાસ (ઘાટકોપર)ના સુપુત્રી. તે મિતેન, ઉદય, અ. સૌ. મોના, અ. સૌ. વર્ષા, અ. સૌ. પ્રનોતિ, સ્વ. પ્રાચીના મામી. ગં. સ્વ. પદમિની ભાટીયા, સ્વ. અ.સૌ.દમયંતિ અજીતસિંહ સરૈયા, ગં. સ્વ. હંસા માખીજાના ભાભી. સ્વ. મધુભાઇ, સ્વ. શાંતુભાઇ, શ્રીકૃષ્ણભાઇના બેન. તે તા. ૧૭-૧૦-૨૫ના શ્રીજીના ચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા (નાગેશ્રી) હાલ સાંતાક્રુઝ સ્વ. રમાલક્ષ્મી ચંદ્રકાંત મહેતા (કાપડીયા)ના સુપુત્ર ચી. બીજલ (ઉં. વ.૬૦) તે નીપાબેનના પતિ. જીગરના પિતાશ્રી. દ્રષ્ટિના સસરા. સ્વ. આશાબેન મધુસુદન કાપડીયા, સ્વ.રૂપાબેન દિલીપકુમાર મહેતા, સૌ. ડોલીબેન હિમાંશુ સંઘવીના ભાઇ.ગં. સ્વ. રંજનબેન શરદભાઇ દોશીના જમાઇ તા. ૧૮-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશી બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર, ચૈતન્ય પ્રતાપરાય ભટ્ટ (ઉં. વ.૬૯) શુક્રવાર તા. ૧૭/૧૦/૨૦૨૫ નાં રોજ કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. જશુમતિ પ્રતાપરાય ભટ્ટનાં પુત્ર. તે સ્વ.મીતાબેન ચૈતન્ય ભટ્ટનાં પતિ શ્યામ અને અવનીનાં પિતાશ્રી. વરૂણ અને નિકિતાનાં સસરા, હ્રિદાંશનાં દાદા ધારી નિવાસી સ્વ. ધીરજલાલ મણિશંકર ઠાકરનાં જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

ગો. વા શ્રી જયંતભાઈ નવનીતલાલ ભટ્ટ (ઉં. વ. ૭૦) તે સ્વ. નવનીતલાલ હરિલાલ ભટ્ટના સુપુત્ર તે સ્વ. સુરેશ દ્વારકાદાસ સેવકના જમાઈ. તે ભાવનાબેનના પતિ. તે કરણ તથા શસાંગના પિતા. તે શ્રી નયનભાઈના મોટા ભાઈ. તા. ૧૭-૧૦-૨૫ શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.લોકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ મોરબી વવાણીયા હાલ મુંબઈ કમલેશભાઈ રસિકલાલ ઠક્કર (ઉં.વ.૬૩) તે સ્વ. ઉષાબેન રસિકલાલ ઠક્કર (ગંદા)ના પુત્ર. ગં.સ્વ. વિજયાબેન હરિલાલ ખંધેડિયાના જમાઈ. નીતાના પતિ. ધ્રુવના પિતા, દિશા ના સસરા. તે ૧૫/૧૦/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે.

**કડવા પાટીદાર**

અરવિંદ મનુભાઈ પટેલ (સાપરીયા) (ઉં.વ.૭૪) ગામ આદિત્યાણા હાલ બોરીવલી વેસ્ટ તે ૧૫/૧૦/૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે મંજુબેનના પતિ. ધૈર્ય અને તૃપ્તિના પિતાશ્રી. ગુંજન અને સમીર જીતેન્દ્રભાઈ દાણીના સસરા. શશીકાંત, જયશ્રીબેન, ઇલાબેનના ભાઈ. સ્વ. મોહનભાઇ નાથાભાઈ પરસાણીયા મહોબતપુરના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક રિવાજ બંધ છે.

**રાધનપુર તીર્થ**

રાધનપુર તીર્થ નિવાસી હાલ બોરીવલી, નરેશકુમાર રસિકલાલ શાહ (ઉં.વ .૬૯) તે સ્વ. પદમાબેન રસિકલાલ શાહના પુત્ર. સ્વ. દામિનીબેનના પતિ. બૈજુના પિતા. આરતીના સસરા. તે ઇન્દ્રવદનભાઈ અને રાજેશભાઈના ભાઈ. સ્વ. વસંતલાલ શિવલાલ શાહના જમાઈ. ૧૮-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી દિગંબર જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ વિજયભાઈ લહેરચંદ દોશીના ધર્મપત્ની અ.સૌ. જ્યોતિબેન વિજયભાઈ દોશીનું દેહ પરિવર્તન થયેલ છે, (ઉં.વ.૭૦)૧૯.૧૦.૨૫ના રોજ તે પ્રતીક વિજયભાઈ દોશીના માતુશ્રી. નિધિ પ્રતીક દોશીના સાસુજી. આરિકા પ્રતીક દોશીના દાદી. પિયરપક્ષે સ્વ. હસમુખભાઈ કગથરા, સ્વ. વિરેનભાઈ, યોગેશભાઈ, હિરેનભાઈ, સ્વ. જસવંતીબેન, સ્વ. નિમુબેન શાહ અને ચંદ્રિકાબેન શાહના બહેન. તે નરેન્દ્રભાઇ, ભરતભાઈ, શૈલેષભાઈ, જયેશભાઇ, ભાવનાબેન બાવીશી અને જાગૃતિબેન ધોળકિયાના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુંબઈ પ્રવીણભાઈ પ્રાણલાલ મડિયા (ઉં.વ.૮૩) ૧૮ .૧૦. ૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. પારૂલબેનના પતિ. પારસ અને શ્રેણીકના પિતા. નીતા તથા હીરૂપના સસરા. તે સાનિયા કહાન અને ખ્યાના ના દાદાજી. તે કમલેશભાઈ તથા સ્વ. કિશોરભાઈ વ્રજલાલ ધુલીયા, મીનાબેન ભરતભાઈ મહેતા તથા ભારતીબેન રજનીકાંત અજમેરાના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

ધર્મતેજ

## મનન

# કાળી ચૌદશ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



દિવાળી એ તહેવારોનો સમૂહ છે. અમાસના દિવસને દિવાળી ગણવામાં આવે છે અને એના પછીના સુપ્રભાતથી નવું વર્ષ શરૂ થાય છે. દિવાળીના એક દિવસ પહેલાનો, મહાકાળીની ઉપાસના માટેનો દિવસ એટલે કાળી ચૌદશ. આમ તો આ મહિનામાં જ શક્તિની આરાધના માટેનું પર્વ નવરાત્રી આવે છે. આ નવ દિવસોમાં પણ માતાની - શક્તિની આરાધના તો થતી જ હોય છે. પરંતુ નવરાત્રીમાં શક્તિના જે સ્વરૂપની આરાધના કરાતી હોય છે એનાથી કાળી ચૌદશ માટેની આરાધનાનું સ્વરૂપ સાવ ભિન્ન જણાય છે. નવરાત્રીમાં જાણે સમગ્ર માનવ સમુદાય માતાની ભક્તિમાં જોડાઈ જાય છે જ્યારે કાળી ચૌદશની વિશેષ આરાધના વિશેષ દરજ્જાના સાધકો માટે જ ઈચ્છનીય છે. એક તરફ માતાજીનું શાંત સ્વરૂપ છે તો અન્ય તરફ માતાજીની રૌદ્રતા પ્રગટ થાય છે. આ બંને સ્વરૂપને માતાનો જ દરજ્જો મળ્યો હોવાથી બેમાંથી કોઈ પણ કે બંને સ્વરૂપની આરાધનાથી માતા પોતાના ભક્ત પ્રત્યે - પોતાના સંતાન પ્રત્યે કરુણા દર્શાવે એ સ્વાભાવિક છે.

દિવાળીના દિવસે લક્ષ્મીની પૂજા થાય છે જ્યારે કાળીચૌદશે કાલિકાની. તેની સાથે શારદીય નવરાત્રીમાં શારદાની પૂજા થાય છે. આમ માતાજીના ત્રણેય સ્વરૂપની આ મહિનામાં પૂજા અર્ચના સંભવ બને છે. પોતાની રુચિ પ્રમાણે વ્યક્તિને જે સ્વરૂપમાં વધુ શ્રદ્ધા હોય તે માટેની તેની આરાધના વધુ દ્રઢ રહે. અહીં બધા માટે સરખી સંભાવના છે. ભારતીય સંસ્કૃતિનું આ એક અનોખું સત્ય છે. અહીં દરેક વ્યક્તિને પોતાની શ્રદ્ધાની શ્રેણી પ્રમાણે આધ્યાત્મના માર્ગમાં આગળ વધવાની તક મળે છે.

આ મહાકાલીની પૂજા - અર્ચના - આરાધના - સાધનાનો દિવસ છે. ચોક્કસ પ્રકારની સામગ્રીના ઉપયોગથી, ચોક્કસ સમયગાળામાં - મુહૂર્તમાં, ચોક્કસ પ્રકારના ક્રિયાકાંડની આ પૂજા છે. પણ આ બધામાં શ્રદ્ધા વધારે જરૂરી છે. શ્રદ્ધાથી માતાને જે અર્પણ કરવામાં આવે તે તે સ્વીકારી લે. માતા સાથેના વ્યવહારમાં પ્રેમ સભર છૂટછાટ માન્ય છે. પણ જેઓ વિશેષ હેતુથી, વિશેષ સાધના કરવા માગતા હોય તેમણે નિયમોને આધીન સ્થાન વિશેષ પર પૂજા કરવાનું સૂચન છે. કુળદેવીની ઉપાસના માટે પણ આ દિવસ અગત્યનો છે. આ દિવસે કુળદેવીને નૈવેદ્ય ધરાવવામાં આવે છે, જેમાં મુખ્યત્વે મેથીના ગોટા, દાલવડા તથા દહીંવડાનો સમાવેશ કરાય છે. આ સાથે કોઈ મીઠાશ ભરેલી વાની તો હોવી જ જોઈએ. નૈવેદ્યને નજીકના ચાર રસ્તા પર પદ્ધતિસર મૂકી આવીને કુટુંબમાંથી કકળાટ કાઢવાની પ્રથા પણ પ્રચલિત છે. એમ માનવામાં આવે છે કે અશુભ શક્તિઓને આ પ્રકારનું નૈવેદ્ય પસંદ હોવાથી તે ઘરની સ્ત્રી સાથે બહાર જાય છે અને જ્યાં નૈવેદ્ય રાખવામાં આવે છે તે સ્થાન સાથે બંધાઈને પછી ત્યાં જ રહી જાય છે.

આમાં ક્યાંક કોઈકને અંધશ્રદ્ધા દેખાશે. અર્વાચીન મનોવિજ્ઞાન પણ એમ કહે છે કે મન જેવી ભાવના કરે તેવું પરિણામ સામે આવે. વ્યક્તિ જો એમ વિચાર્યા કરે કે પોતે નિષ્ફળ થશે તો તેની નિષ્ફળ થવાની સંભાવનાઓ વધી જાય. આધુનિક મનોવિજ્ઞાનની આ વાત કકળાટ કાઢવાની બાબતમાં પણ લાગુ પાડી શકાય. જો કુટુંબની દરેક વ્યક્તિ એ પ્રમાણે ભાવના રાખે તો ચોક્કસ કુટુંબમાંથી અમુક સમયગાળા માટે તો કંકાસ દૂર થવાની સંભાવના વધી જ જાય. આને કોઈ ધાર્મિક રંગ પણ આપી શકે અને કોઈ મનોવૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ કરી શકે. સાથે કાળી ચૌદશના દિવસે ધર્મરાજ યમની પણ પૂજા કરવામાં આવે છે.વળી હનુમાનજીને આપણે રક્ષક માનીએ છીએ, તેથી અશુભથી મુક્તિ માટે હનુમાનજીની પૂજા પણ આ દિવસે કરાતી હોય છે.

નરકથી મુક્તિ માટેનો આ દિવસ છે. આ દિવસ નરક ચતુર્દશી તરીકે પણ ઓળખાય છે. કેટલાક આને રૂપ ચૌદશ કે ભૂત ચતુર્દશી તરીકે પણ ઓળખે છે. અમુક વિસ્તારમાં આ દિવસને નરક નિર્વાણ ચતુર્દશી તરીકે પણ ઉજવવામાં આવે છે. નામ ગમે તે હોય, ઉપાસના મહાકાળીની થતી હોય છે, અને ઉપાસના પાછળની મુખ્ય પ્રાર્થના અશુભ તત્ત્વોથી મુક્તિની હોય છે.

મહાકાળી સાથે કાલ શબ્દ વણાયેલો છે. કાલ એટલે સમય. મહાકાલ એ સમયના દેવતા છે અને મહાકાળી એ સમયની નિયંતા છે. આ સંસાર એ સ્થળ અને સમયની પૂર્વધારણા સમાન છે. અહીં નથી સ્થળ શાશ્વત કે નથી સમય કાયમી. સમયની અસ્થિરતા તો બધા જ સતત અનુભવતા હોય છે. તેવી જ રીતે સ્થળ પણ જેમ છે તેમ અમુક ક્ષણો માટે જ સ્થિર રહે છે. સંસારના ચક્રમાંથી છૂટવા માટે સ્થળ અને સમય બંનેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી તેની અસરથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્થળની પૂર્વધારણામાંથી છૂટવા માટે ઇષ્ટદેવની આરાધના યોગ્ય ગણાય શકે જ્યારે સમયની પૂર્વધારણામાંથી મુક્ત થવા કાળ અર્થાત સમયની દેવીની આરાધના જરૂરી બને.

મહાકાળીનું સ્વરૂપ રુદ્ર છે. જો તેઓ દર્શન આપે તો ઘણા એ દર્શનને જ પચાવી ન શકે. આથી મહાકાળીની ઉપાસના કરનાર સાધકે ઉચ્ચ કક્ષાની ક્ષમતા પ્રાપ્ત કરવાની હોય છે. મા કાળીની સાથે કાળા રંગને તો જોડી જ દેવાય છે પણ સાથે સાથે લાલ રંગ માતાને પસંદ હોવાથી સાધનામાં તે રંગને પણ મહત્ત્વ અપાય છે. આમ પણ માતા સાથે કંકુ એક તત્ત્વ તરીકે વધુ સંકળાયેલું હોવાથી મહાકાળી સાથે પણ લાલ રંગનું મહત્ત્વ વણાયેલું હોય એ સ્વાભાવિક છે.

જીવનમાંથી આળસ અને પ્રમાદ જેવા નર્કના તત્ત્વોને દૂર કરવા માટેનો આ દિવસ છે. લાંબા ગાળાની માંદગી અને અશુભ તત્ત્વોની અસરથી મુક્ત થવા માટેનો આ દિવસ છે. રૌદ્રતાને શુભકારક તરીકે જોવાનો આ દિવસ છે. જો આવી દૃષ્ટિ કેળવાય તો રૌદ્ર અને શુભ વચ્ચેનું અંતર નાશ પામે અને દરેક પ્રકારના દ્વંદ્વના ભાવથી મુક્ત થવાની શરૂઆત થાય. ■

# જગતને હવે ઉદ્ધારક કે સુધારકની જરૂર નથી- જરૂર છે કોઈ સ્વીકારકની

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



બાપ! જિસસ ક્રાઈસ્ટની એ વાત જાણીતી છે કે એક સ્ત્રીએ કોઈ ભૂલ કરી હશે અને જે તે સમયના ધર્મના કોઈ કઠોર નિયમને કારણે બધા એને પથ્થર મારી રહ્યા હતા, પીટી રહ્યા હતા કે તું આવી છે, પતિત છે! અહલ્યાને સમાજ જ પેદા કરે છે અને પેદા કરી અને સમાજ ભાગી જાય છે ત્યારે કોઈ રામ, લક્ષ્મણ અને વિશ્વામિત્ર આવે છે અને ઉદ્ધારક બને છે. સમાજમાં સુધારક ઘણા છે; ઉદ્ધારક પણ ઘણા છે; અરે! વિચારકોનો પણ તૂટો નથી! હવે સમાજને સ્વીકારક જોઈએ છીએ; જેવા પણ હોય એનો સ્વીકાર કરવો.

મારો કહેવાનો મતલબ છે કે સમાજને સ્વીકારકની જરૂર છે. હું કોઈ ધર્મનું નામ ન લઉં પરંતુ તથાકથિત ધર્મો મૂળમાં ખૂબ જ આક્રમક છે! હવે કોઈ નવું ધર્મજગત લાવવું જોઈએ. હવે કોઈ નવા મઝહબ અને મહોબ્બત જોઈએ. વિશ્વને જોઈએ પ્રેમધર્મ, સત્યધર્મ, કરુણાધર્મ. કેટલા બધા તથા કથિત ધર્મોની આક્રમક દુનિયા તો જુઓ! જીવતા સળગાવી દેવામાં આવે! કાપીને હોમી દેવામાં આવે! શું તમાશો છે આ બધો! શું આ તંદુરસ્ત જગતનો પરિચય છે? જો હોય તો એવું જગત મારી સામેથી હટાવી દો! અને તમે જ્યારે પ્રસન્ન થઈને આનંદપૂર્વક ધર્મનું નિર્વાહન કરો છો એ દુનિયાને માફક નથી આવતું! તેથી દુનિયા પરેશાન કરશે તમને.

તો એ વખતનો નિયમ હતો કે એવી કોઈ નારી હોય તો એને બધા પથ્થર મારે એટલે ટોળાંએ કહ્યું કે બધા પથ્થર મારો! એમાં જિસસ ક્રાઈસ્ટ ત્યાંથી નીકળ્યા તો બધાએ એમને પકડ્યા કે આપ તો ધર્મનો નિયમ જાણો છો કે આવી સ્ત્રી હોય એને પથ્થરથી મારવામાં આવે. આપ શું કરશો? હવે જિસસ જો એમ કહે કે હું પથ્થર નહીં મારું તો એમણે ધર્મ સિદ્ધાંત તોડ્યો ગણાય અને પથ્થર મારે તો એમની કરુણા ખંડિત થઈ જાય. શું કરવું? તો એ વખતે જિસસે બહુ ચતુરાઈથી નિર્ણય કર્યો... જિસસે કહ્યું કે પથ્થર કોઈ પણ મારી શકે છે; ધર્મનો નિયમ છે. મારો એને; એવી જ સ્ત્રી છે તો મારો, પરંતુ જેમણે જીવનમાં ક્યારેય કશું પાપ ન કર્યું હોય એ હાથમાં પથ્થર ઉઠાવે.

કહેવાય છે કે બધાએ પોતાના હાથમાં પથ્થર રાખ્યા હતા, પણ જિસસની વાત સાંભળી બધા ભાગી ગયા!. કેમ કે સૌએ કોઈને કોઈ પાપ તો કર્યા જ છે! મનોજભાઈ ખંડેરીયા સમક્ષ જ્યારે એ વાત આવી કે કોઈએ પાપ ન કર્યું હોય ને જે સાચા હોય એ પથ્થર મારે, તો મનોજભાઈએ ગઝલનો શેર કહ્યો કે-

*ક્યારેય પાપ જેવું કશું પણ કર્યું નથી,*
*એથી જ થોડો પથ્થર ઉપાડિયે?*

કવિએ કહ્યું કે હું ત્યાં હોત તો મારી સારપ કે મારી સચ્ચાઈ સિદ્ધ કરવા માટે પણ હું હાથમાં પથ્થર ન ઉઠાવું. સચ્ચાઈ સાબિત કરવા માટે હું કોઈ પર પથ્થર ન ફેંકુ... આ વિચાર નવો છે. મારે રામેશ્વરમની આ કથામાં આપને એક વાત કહેવી છે.

જિસસને જ્યારે શૂળી મળી ત્યારે જિસસનું એક વાક્ય છે કે હે પરમાત્મા, હે મારા પિતા, એને માફ કરી દેજો. કેમ કે એ જાણતા નથી કે એ શું કરી રહ્યા છે! જિસસનું એ આખરી વાક્ય હતું. મારે એમ કહેવું છે કે હે મારા ઠાકોર, એને માફ કરી દેજે કેમકે એ જાણે છે કે એ શું કરી રહ્યા છે! They know what they are doing. મારે એ કહેવું છે. મહાદેવના આશ્રયમાં હવે સૂત્ર બદલવું જોઈએ. એમને માફ કરી દેજો, એવો જાણે છે કે એ શું કરી રહ્યા છે. છોડો એને. કાલથી મારા મગજમાં આ ઘૂમી રહ્યું હતું. મારા દિલમાંથી ઉઠે પછી એને હું રોકું નહીં; કમસેકમ બોલી તો નાખું, પછી વાદળ જાણે અને વસુંધરા જાણે! આપણે બીજ તો વાવી દઈએ.

કેટલીક વાતોને સમય લાગે છે. એક યુવક ઝવેરી પાસે ગયો અને એને કહ્યું કે આપ હીરાના- ઝવેરાતના બહુ મોટા જાણકાર છો, તો મને હીરા પરખવાની રીત જણાવો કે હીરાની પરખ કઈ રીતે કરી શકાય? ઝવેરી ચતુર શિરોમણિ હતો. એણે યુવકના હાથમાં એક હીરો આપ્યો. પછી કહ્યું, મુઠ્ઠી બંધ કર. પેલા એ મુઠ્ઠી બંધ કરી દીધી. ઝવેરીએ કહ્યું, એક વર્ષ સુધી મુઠ્ઠી ખોલતો નહીં. સુવા જાઓ, દોડો, જાગો, ચાલો પણ મુઠ્ઠી ખોલતો નહીં. આ ટ્રેનિંગ છે.

હીરાની પરખ કરવી હોય તો એક વર્ષ મુઠ્ઠીમાં હીરાને પકડી રાખો. યુવકને થયું કે આ તો બહુ આકરી શરત છે, પરંતુ તેને મુઠ્ઠીમાં એક વર્ષ સુધી હીરો રાખી મુક્યો. એક વર્ષ પછી ઝવેરી પાસે જઈ હીરો પાછો આપ્યો..બસ હવે મને બતાવો કે હીરાની પરખ કેવી રીતે કરી શકાય? યુવક કંઈ સમજે એ પહેલા ઝવેરીએ બીજો હીરો પકડાવી દીધો !. પેલા એ કહ્યું હદ છે ! હવે હદ થાય છે ! ઝવેરી એ કહ્યું, હીરો પકડતો ખરો ! યુવકે હીરો પકડ્યો અને કહ્યું આ હીરો ક્યાં છે? ઝવેરીએ કહ્યું, તું એક વર્ષમાં જાણવાનું શીખી ગયો. હવે હાથમાં આવતા જ તને ખબર પડી ગઈ કે આ હીરો નથી, પરંતુ કાચ છે!


તો મારો કહેવાનો મતલબ છે કે થોડું તપ જોઈએ, થોડું ધૈર્ય જોઈએ. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય છે. પરંતુ આપણું સત્ય સિદ્ધ કરવા માટે પણ કોઈને પથ્થર ન મારવા જોઈએ, એ મનોજ ખંડેરિયાનો વિચાર મને બહુ સારો લાગે છે. આ રામેશ્વરની ભૂમિ પર હું કહેવા માગું છું કે હે પરમાત્મા, એને માફ કરી દેજે; એને ખબર છે કે એ શું કરી રહ્યા છે! મારા યુવાન શ્રોતાઓ સમાજમાં સેતુ બનાવે અને સ્વીકારક બને.

-સંકલનઃ જયદેવ માંકડ

## અલૌકિક દર્શન

# પ્રાણાયામના અભ્યાસથી મગજની ને જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધે છે

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

બીજી અનેક બાબતોની જેમ આ બાબતમાં પણ આ બધી ક્રિયાઓમાં પ્રાણાયામ શિરમોર સાધન છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે.

પ્રાણના નિમ્નગામી પ્રવાહો વ્યક્તિને ભોગ તરફ ખેંચી જાય છે. એ જ પ્રાણના પ્રવાહો જ્યારે ઊર્ધ્વગામી બને ત્યારે સાધક ભોગમાંથી છૂટીને યોગ તરફ અગ્રેસર જાય છે. પ્રાણના આ પ્રવાહોને ઊલટાવવા માટે પ્રાણાયામ ચાવીરૂપ સાધના બની શકે તેમ છે.

આ ચાવીનો ઉપયોગ કુશળ અને અનુભવી શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે જ કરવાનો હોય છે.

(ઇ) શારીરિક ક્ષેત્રે :

(i) એક એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે પ્રાણાયામ દરમિયાન શરીરને વધુ ઑક્સિજન મળે છે. ભસ્ત્રિકા પ્રાણાયામના પ્રથમ ભાગ સિવાય કોઈ પ્રાણાયામમાં આમ બનતું નથી. પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે પ્રાણાયામ દરમિયાન અભ્યાસી સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં પણ ઓછો ઑક્સિજન લે છે, કારણ કે દર મિનિટે સામાન્ય શ્વાસોચ્છ્વાસનાં આવર્તનો કરતાં પ્રાણાયામનાં આવર્તનો ઘણાં ઓછા થાય છે.

પ્રાણાયામ દ્વારા શ્વસનતંત્રને અને સમગ્ર શરીરને જે ફાયદો થાય છે, તે બીજી રીતે થાય છે. પ્રાણાયામ અભ્યાસીના શ્વસનતંત્રને એવી રીતે તૈયાર કરે છે કે પ્રાણાયામના અભ્યાસકાળ પછી આખા દિવસ દરમિયાન અભ્યાસી સામાન્ય કરતાં વધુ ઑક્સિજન લઈ શકે છે. શ્વસનતંત્રની કાર્યક્ષમતા કાયમી ધોરણે વધી જાય છે. આ વધુ મહત્ત્વપૂર્ણ ઘટના છે.

પ્રાણાયમ દ્વારા શ્વસનતંત્રની આ કેળવણી કેવી રીતે થાય છે?

- રેચક અને પૂરક દરમિયાન ફેફસાંને સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં વધુ સારો મસાજ મળે છે. તેથી તેમની કાર્યક્ષમતા વધે છે. વળી, શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવનાર ઉદર પટલ અને છાતીના સ્નાયુઓ પણ લાંબા અને ઊંડા રેચક-પૂરકના અભ્યાસથી વધુ કાર્યક્ષમ બને છે. આમ બનવાથી શ્વસનતંત્રની કાર્યક્ષમતામાં કાયમી ધોરણે વધારો થાય છે.

- પ્રાણાયામના અભ્યાસથી અભ્યાસીને ઊંડા શ્વાસોચ્છ્વાસની કાયમી ટેવ પડે છે. આ ટેવ અભ્યાસકાળ સિવાય પણ આખા દિવસ દરમિયાન ચાલુ રહે છે.

- ઊંડા પૂરક અને રેચક તથા કુંભકના અભ્યાસથી ફેફસાંમાં રહેલા બંધ વાયુકોશો ખૂલે છે અને એક વાર ખુલ્લા થયેલા આ વાયુકોશો અભ્યાસના સાતત્યથી કાયમી ધોરણે ખુલ્લા જ રહે છે. પરિણામે ફેફસાંની વાયુધારણ કરવાની શક્તિ વધે છે.

- પ્રાણાયામ દરમિયાન ઊંડા રેચકથી ફેફસાં સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં વધુ ખાલી થાય છે. આમ બનવાથી કાર્બન ડાયૉક્સાઇડથી દૂષિત થયેલો વાયુ વધુ પ્રમાણમાં બહાર કાઢી શકાય છે અને ઊંડા પૂરકને પરિણામે વધુ પ્રમાણમાં ઑક્સિજન અંદર લઈ શકાય છે. પ્રાણાયામના અભ્યાસ પછી પણ શ્વસનતંત્રની આ ટેવ ચાલુ રહે છે. આ રીતે પ્રાણાયામ દ્વારા સમગ્ર શરીરતંત્રનું શોધન થાય છે.

(ii) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન હૃદયને સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં વધુ સારી રીતે મસાજ મળે છે. પરિણામે હૃદયની કાર્યક્ષમતા અને સ્વાથ્યમાં સુધારો થાય છે.

ભસ્ત્રિકા જેવા પ્રાણાયામના અભ્યાસથી શરીરના છેક દૂર-દૂરના કોશો સુધી પર્યાપ્ત-પર્યાપ્ત પ્રમાણમાં લોહી પહોંચે છે. વળી ધમનીઓ અને રક્તવાહિનીઓને પર્યાપ્ત શોધન, મસાજ અને વ્યાયામ મળી રહેતાં તેમની કાર્યક્ષમતા વધે છે.

(iii) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્વાસની ગતિ મંદ પડે છે, પરંતુ તેથી ઊલટું મગજના રુધિરાભિસરણની ગતિ વધે છે, કારણ કે એમ નોંધાયું છે કે કાર્બન ડાયૉક્સાઈડના સંચયથી મગજના રુધિરાભિસરણમાં વધારો થાય છે. આમ છતાં પ્રાણાયામના અભ્યાસથી મગજની અને પરિણામે જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

(iv) શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર અને જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધતાં, તે ત્રણેની અસરથી અંતઃસ્રાવીતંત્રની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં પણ અચૂક સુધારો થાય છે.

(v) પ્રાણાયામના અભ્યાસથી હોજરી, આંતરડાં, કાળજું, પેનક્રિયાસ વગેરેને સારો મસાજ મળે છે અને પેટના સ્નાયુઓને વ્યાયામ મળે છે. પરિણામે ઉત્સર્ગતંત્ર અને પાચનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

આમ, પ્રાણાયામના અભ્યાસથી શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર, જ્ઞાનતંત્ર, અંતઃસ્રાવીતંત્ર, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર અને કાંઈક અંશે સ્નાયુતંત્રની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં વધુ ઊંડો અને વધુ સ્થાયી સુધારો થાય છે. આનો અર્થ એમ થયો કે પ્રાણાયામના અભ્યાસથી સમગ્ર શરીરના સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતામાં અપ્રતિમ સુધારો થાય છે.

સ્વામી કુવલયાનંદજીએ ઉચિત રીતે જ કહ્યું છે -

No Physical exercise can have even one hundred of efficacy of pranayam.

'શરીર સ્વાસ્થ્યની બાબતમાં પણ શારીરિક શિક્ષણની કોઈ પણ પદ્ધતિ પ્રાણાયામના સોમા ભાગની પણ ક્ષમતા ધરાવતી નથી.'

આ બધું છતાં આપણે અહીં ફરીથી એ હકીકતનું સ્મરણ કરીએ કે પ્રાણાયામનો ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્ય નહીં, પરંતુ આધ્યાત્મિક વિકાસ છે. શારીરિક સ્વાસ્થ્ય આડપેદાશ છે.

૧૧. પ્રાણાયામ વિષયક વૈજ્ઞાનિક સંશોધન

પ્રાણાયામ દ્વારા થતાં આંતરિક ફેરફારોને આધુનિક વૈજ્ઞાનિક સાધનો દ્વારા ચકાસવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. વળી, આ વિષય અંગે બહુ વૈજ્ઞાનિક સંશોધન થયું પણ નથી. એટલું જ નહીં, એ પણ સમજી લેવું જોઈએ કે આધ્યાત્મિક ક્ષેત્રની ઘટનાઓ વિશે વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય ખૂબ જ મર્યાદિત કક્ષાનું જ રહેવાનું. આમ છતાં પ્રાણાયામ વિશે જે કાંઈ વૈજ્ઞાનિક સંશોધન થયું છે, તે અહીં પ્રસ્તુત છે

(૧) રેચક-પૂરકમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ધીમી પડે છે અને કુંભકમાં શ્વાસ બંધ રહે છે. પરિણામે દેખીતું જ છે કે પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ જમા થવાનું પ્રમાણ વધે છે. હવે એ એક હકીકત છે કે કાર્બન ડાયોક્સાઈડ મગજના રક્તાભિસરણ માટે ઉત્તમ ઉત્તેજક છે. મગજના રક્તાભિસરણમાં સુધારો થવાથી મગજના સ્વાસ્થ્યમાં ખૂબ સુધારો થાય છે. શરીરની ઐચ્છિક અને અનૈચ્છિક ક્રિયાઓને નિયંત્રિત કરતા મગજના કેન્દ્રની કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. પરિણામે સમગ્ર શરીરના સ્વાસ્થ્ય પર તેની અનુકૂળ અસર થાય છે.

(૨) કાર્બન ડાયોક્સાઈડનો સંચય મગજ માટે ઉત્તમ પ્રશાંતકનું કાર્ય કરે છે. તેનાથી માનસિક શાંતિ માટેની અનુકૂળ પરિસ્થિતિ તૈયાર થાય છે.

(૩) પ્રાણાયામ દરમિયાન શરીરને મળતાં ઑક્સિજનના પ્રમાણમાં ઘટાડો થાય છે, પરંતુ આ ઘટાડો એટલો ધીમો-ધીમો થાય છે કે શરીર આ નવી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી લે છે. એટલે જો પ્રાણાયામનો અભ્યાસ લાંબા સમય સુધી કરવામાં આવે તો શરીરમાં ઓછા ઑક્સિજનથી કામ ચલાવવાની અને પ્રાપ્ત ઑક્સિજનનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની એક વિશેષ શક્તિ પેદા થાય છે. આ બહુ મહત્ત્વનો, મૂલ્યવાન અને મૂલગામી સુધારો છે.

અહીં એ નોંધવું પણ ઉપયોગી થશે કે અંતરંગયોગના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ ખૂબ ઘટી જાય છે અને ક્વચિત્ બંધ પણ પડી જાય છે, જો પ્રાણાયામના અભ્યાસથી શરીર ઉપરોક્ત રીતે તૈયાર ન થયું હોય તો તેના પર વિપરીત અસર થવાનો પૂરો સંભવ છે. એથી ઊલટું પ્રાણાયામના અભ્યાસથી શરીર ઓછા ઑક્સિજનથી ચલાવી લેવા માટે તૈયાર થયું હોય તો તે આ મુશ્કેલીથી બચી જાય છે.

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@bombaysamachar.com

# ધન્ય ઘડી રે આજ દિવસ દિવાળી...



ધન્ય ઘડી રે આજ દિવસ દિવાળી,
નીરખ્યા તે રણછોડરાય રે...
-ધન્ય ઘડી રે આજ દિવસ દિવાળી...૦
દયા કરીને તમે દરશન દીધાં કોટિ સરિયાં કાજ રે,
નેણે નીરખું ને હૈડે રે હરખું, વાલા લાગે હે વ્રજરાજ રે...
ચતુર ભુજ પ્રભુ છેલ છોગાળા,
રંગ ભીના રણછોડ રે,
શંખ ચક્ર ને ગદા પદ્મ બિરાજે,
મૂર્તિ રે છે મન મોડ રે...
-ધન્ય ઘડી રે આજ દિવસ દિવાળી...૦
ભજન કરે રે તેના ભાવઠ ભાંગે,
પ્રેમ રંગે રિયે રાજી રે,
ભુપતિ કેરાં વા'લો ભોજન તજીને,
જમ્યા વીદુર ઘેર ભાજી રે...
પાંડવ કેરી તમેં રે પ્રતિમા પાળી,
પાંચાળીનાં પૂરિયાં ચીર રે,
સુદામાના વહાલે સંકટ કાપ્યાં,
સમરથ શ્યામ શરીર રે...
-ધન્ય ઘડી રે આજ દિવસ દિવાળી...૦
વ્રજનાં વાસીને તમેં લાડ લડાવ્યાં,
પૂરી અંતર કેરી આશા રે,
ભક્ત વત્સલ પ્રભુ બિરદ તમારૂં,
વસો રે પ્રેમીજન પાસા રે...
ભજન જાણે તે તો મહાસુખ માણે,
ધન્ય ધન્ય તેની કમાઈ રે,
વિપ્ર નથુરામ દાસ તમારો,
રીઝવે હરિ ગુણ ગાઈ રે...
-ધન્ય ઘડી રે આજ દિવસ દિવાળી...૦

લોક ભજનિકોમાં નથુરામના નામાચરણ સાથે જે રચનાઓ ગવાય છે તેમાં વિપ્ર નથુરામ, રવિભાણ સંપ્રદાયના ત્રિકમસાહેબના શિષ્ય નથુરામસાહેબ, બિલખાના શ્રીમન્ન નથુરામ શર્મા તથા અર્વાચીન કવિ નથુરામ સુંદરજીની ભજન-પદ રચનાઓ ઉપરાંત અન્ય નથુ અને નથુરામ નામધારી સર્જકોની વાણીમાં ખૂબ જ ભેળસેળ થઈ છે. અહીં વિપ્ર નથુરામની શિવ મહિમાની તથા શ્રી કૃષ્ણ ભક્તિની રચનાઓ આપી છે.

હાટકેશ્વર શું હેત ઘણેરો,
વા પર જાઉં બલિહારી રે...
પ્રેમ ધરી પ્રભાતે પૂજે,
હર હર શબ્દ ઉચ્ચારી રે,
ધન્ય જન્મ સો વેદ વખાણે,
પામે પદારથ ચારી રે...
જપ તપ જોગ જગન જુગતાઈ,
શિવ બીજું નહીં સુખદાઈ રે,
વા જપે અમર કરે વિવેકી, હય મેધ કરે હજારી રે...
- હાટકેશ્વર શું હેત ઘણેરો,
વા પર જાઉં બલિહારી રે..૦
સાર્વ ભોમ સંપત તો આપે,
શુભ પુત્ર પરિવારી રે;
કીર્તિવંત શો કહાવે જગ મેં,
પર દુઃખ ભંજન હારી રે...
સુખ કરતા દુઃખ દરિદ્ર હરતા,
અભય પદ અધિકારી રે ,
નથુરામ કહે ભોળાને ભજતાં,
સર્વ કારજ નિરધારી રે...
- હાટકેશ્વર શું હેત ઘણેરો,
વા પર જાઉં બલિહારી રે...૦
(ઢાળ : ધીરાના કાફી )
એવી છબી પર વારી શ્યામ
હરિ છોગાળા રે, તમે રૂદિયામાં રહેજો રણછોડ રૂપાળા રે...
દીન દયાળુ પ્રભુ દેવ મોરારી,
રંગ ભીના રે રણછોડ,
રત્ન સિંહાસન રાજીવ લોચન વા'લા લક્ષ્મી નારાયણ જોડ,
એવું પ્યારૂં રૂપ પરખું રે,
મોહન વર મરમાળા.- એવી છબી પર વારી રે,
શ્યામ હરિ છોગાળા રે...૦
કુંડળ કાને બાંયે બાજુ બંધ,
મરકલડું રે મન મોડ,
આશરે તારે આવે અભાગી વા'લા,
પૂરો પ્રભુ મનડાના કોડ,
આદિનું બિરદ એવું રે રાંકાનાં છો તમે રખવાળા.- એવી છબી પર વારી શ્યામ હરિ છોગાળા રે...૦
ચતુર ભુજ શંખ ચક્ર બિરાજે,
કૌસ્તુભ મુક્તા રે માળ,
ચરણકમળ મારે ચિત્ત ધરંતાં વા'લા,
જૂઠી રે જગ જંજાળ,
હવે ભાવઠ મારી ભાગો રે,
ધોળુડી ધજાવાળા.- એવી છબી પર વારી શ્યામ હરિ છોગાળા રે...૦
ધન્ય ઘડી રે આજ આનંદ હેલી,
નિરખ્યા દ્વારકા નાથ,
વિપ્ર નથુ રે ધન્ય નટવર નાગર વા'લા,
વિનવું જોડી ને હાથ,
મન કર્મ વચને જપતો રે,
હરિ કેરી જપ માળા .
- એવી છબી પર વારી શ્યામ હરિ છોગાળા રે... ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# સ્વાધ્યાય તપ છે



ગત અંકમાં મૃદુ વાણીને તપની ઉપમા આપીને હવે ભગવાન કૃષ્ણ સ્વાધ્યાયને પણ તપ સમાન ગણાવે છે તેને સમજીએ.

'તપ' એ શબ્દ મૂળ સંસ્કૃતમાંથી આવ્યો છે, જેનો અર્થ છે તપસ્યા, સહનશીલતા, સઘન યત્ન અથવા આત્મસંયમ દ્વારા ઉચ્ચ ધ્યેય માટેનું અનુશાસિત જીવન. તપ એ માત્ર શરીરને કષ્ટ આપવા સુધી સીમિત નથી, પણ આંતરિક શાંતિ માટે, આત્માવિકાસ માટે અને ઋણાંજલિભાવથી ઊંચા જીવનમૂલ્યને પામવા માટેનું નિયમિત જીવનસાધન છે. ભગવદ્ ગીતા, ઉપનિષદો અને ભારતીય પરંપરા દ્વારા તપસ્વી એવા માનવને કહેવાય છે જે પોતાના ધ્યેય માટે નિયત અને ઉત્તમ માર્ગે સતત પ્રયત્નશીલ રહે છે, પોતાની ઇન્દ્રિયોને અને મનને નિયંત્રિત કરે છે અને જીવનને ઉદાત ધ્યેય માટે સમર્પિત કરે છે.

આ દૃષ્ટિએ અધ્યયન, અભ્યાસ, ભણવું કે સ્વાધ્યાય પણ તપ કહેવાશે. સ્વાધ્યાય એટલે માત્ર લૌકિક અધ્યયન નહીં, પણ શ્રેય અને પ્રેય બંને માર્ગે આગળ વધવાનો માર્ગ છે. એ જ્ઞાનપ્રાપ્તિની યાત્રા છે, જેમાં વ્યક્તિ પોતાના વિચારો, વર્તન અને જીવનદૃષ્ટિને ઊંડાણપૂર્વક માણે છે, જ્યારે શિક્ષાર્થી પોતાના જીવનનાં શ્રેષ્ઠ વર્ષો શિક્ષણ માટે સમર્પિત કરે છે, કલાકો સુધી મન એકાગ્ર રાખી અભ્યાસ કરે છે, ત્યારે એ અભ્યાસ હવે માત્ર વિદ્યા પ્રાપ્ત કરવાનો સાધન નહિ રહે તે તપ બની જાય છે.

સિવિલ સર્વિસ જેવી પ્રતિષ્ઠિત અને અતિસ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરનાર વિદ્યાર્થીઓના જીવનમાં સ્વાધ્યાય તો એક ઊંડી તપસ્યા બની જાય છે. આ પરીક્ષાઓ માત્ર જ્ઞાનનો પરિચય જ માગતી નથી, પણ પ્રબળ આત્મવિશ્વાસ, નિરંતર દૃઢતા અને સંઘર્ષ સહન કરવાની ક્ષમતા પણ માગે છે. આવા વિદ્યાર્થીઓ રોજના ૧૦-૧૨ કલાક વાંચન, લેખન અને ચિંતનમાં વિતાવે છે. વિષયોની ઊંડાણપૂર્વક સમજ, સમાજશાસ્ત્ર, રાજકારણ, અર્થતંત્ર, નૈતિકતા જેવી દિશાઓમાં વિશ્લેષણાત્મક વિચારશક્તિ વિકસાવવી પડે છે. માતા-પિતા, મિત્રમંડળ અને ભૌતિક સુખવિલાસથી દૂર રહી, લાંબા સમય સુધી આત્મલક્ષિત જિંદગી જીવવી પડે છે અને એ જીવનશૈલી ખરેખર એક તપસ્વી જ અપનાવી શકે.

આવા વિદ્યાર્થીઓએ પોતાના યુગની મર્યાદાઓને ઓળંગવી પડે છે, જ્યારે અન્ય યુવકો મનોરંજનમાં સમય વિતાવે છે, ત્યારે આ પરીક્ષાર્થી રાત્રિના વિરામનો ત્યાગ કરીને પણ પુસ્તકો સાથે સંવાદ કરે છે. એને માટે રંગરાગ કે મોજશોખ નહીં, માત્ર લક્ષ્ય જ જીવન બને છે. દરેક દિવસ એક સાધનાના દિન સમાન હોય છે જ્યાં ઊઠવાનું, ભણવાનું, ફરી પાછું પુનરાવર્તન કરવાનું, લખાણ કરવાનું અને ફરીથી પોતાને સાવચેતીપૂર્વક મૂલવવાનું એ બધું તેની જીવનપદ્ધતિ બની જાય છે. આ ઉગ્ર શિસ્ત અને આત્મસંયમ એ જ સ્વાધ્યાયને તપના સ્તરે પહોંચાડે છે.

વિશેષ વાત એ છે કે આવા વિદ્યાર્થી માટે કોઈ દબાણ, દંડ કે ઉપદેશ નથી તેમને માત્ર પોતાનું ધ્યેય અને પોતાની અંતરાત્માની પ્રેરણા છે. આ આત્મપ્રેરિત અભ્યાસ એ જ ખરેખર તપ છે, જ્યાં ન કોઈ ઉપસ્થિત શિક્ષક હોય, ન કોઈ ડેડલાઈન પણ છતાં વ્યક્તિ પોતાના ઊંડાણમાં જઈને સતત શ્રેષ્ઠતા તરફ આગળ વધે છે. એવી તપશ્ચર્યા વિના જ્ઞાનમાં ઊંડાણ આવતું નથી અને જીવનમાં ઊંચાઈ પણ નહીં મળે.

સ્વાધ્યાયના તપનું વિસ્તાર અન્ય ક્ષેત્રો સુધી પણ ફેલાયેલું છે સંગીતકારો રાગના અનેક વર્ષો સુધી અભ્યાસ કરે છે, શાસ્ત્રજ્ઞો વિદ્વતામાં ઊંડાણ લાવે છે, કે લેખકો પોતાની લેખનકળા માટે સતત અનુસંધાન કરે છે. બધા ક્ષેત્રોમાં જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે કાયમી તપના પરિણામરૂપ છે. એ તપમાં સતત પ્રયત્ન, આત્મવિશ્લેષણ અને જીવન ઘડતર કરે તેવા ભણતરનું સંકલન હોય છે.

આથી, સ્પષ્ટ છે કે સ્વાધ્યાય એ તપ છે તે વ્યક્તિના આંતરિક વિકાસ માટે સાધન છે, જે માત્ર ભૌતિક સફળતાનું નહીં, પણ આધ્યાત્મિક ઊંચાઈનું પણ દ્વાર છે, જે વ્યક્તિ આ તપના માર્ગે ગમન કરે છે, તે માત્ર પોતાના સપનાઓને સાકાર કરતો નથી, પણ સમાજ માટે એક નવો આદર્શ સર્જે છે. નવી પેઢી માટે આ ઉદાહરણ સમાન જીવનજીવી જવો એજ તો સાચી અભ્યાસ તપસ્યા છે.

મહંતસ્વામી મહારાજ કહે છે કે ભણવું તપ છે, એ સાચું! પણ તે જયારે ભગવાનને રાજી કરવા માટે થાય ત્યારે ભણવું તે ભક્તિ પણ બની જાય છે, કારણ કે તે લોકને બતાવવા માટે નથી થતું, એટલે એમાં શ્રમ, શાંતિ, શિસ્ત અને આત્માનુશાસન આપ મેળે આવે છે, જે રીતે કોઈ યોગી તપથી ઉત્કર્ષના શિખરે પહોંચે છે, એ જ રીતે એક વિદ્યાર્થી પણ ભણતર દ્વારા લૌકિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ સુધી પહોંચી શકે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# દીપં જ્યોતિ નમોસ્તુતે...



પ્રકાશનું પર્વ દિવાળી હોય અને દીપક પ્રજ્વલિત ન કરીએ તો કેમ ચાલે? આપણે ત્યાં ધર્મના પ્રત્યેક વિધિ-વિધાનમાં દીપ પ્રાગટ્ય અવશ્ય હોય છે. આપણે ત્યાં દીપ પ્રાગટ્યનો સુંદર શ્લોક છે. શુભમ કરોતિ કલ્યાણમ, આરોગ્યમ ધન સંપદામ, શત્રુ બુદ્ધિ વિનાશાય, દીપં જ્યોતિ નમોસ્તુતે. આ શ્લોકનો અર્થ પણ બહુ સુંદર છે, સૌભાગ્ય અને સમૃદ્ધિ લાવનાર, સ્વાસ્થ્ય અને સંપત્તિ આપનાર અને શત્રુઓના વિચારોનો નાશ કરનાર દીવાના પ્રકાશને નમસ્કાર. જુઓ, શત્રુનો નાશ કરવાની વાત નથી કરી, તેના શત્રુભાવ વાળા વિચારોનો નાશ કરવાની વાત કરી છે. આવી પ્રાર્થના દ્વારા આપણા પ્રત્યે શત્રુભાવ રાખનારનું પણ કલ્યાણ કરવાની ઉત્તમ ભાવના છે. તેનો બીજો અર્થ પણ થાય છે કે, આપણામાં કોઈના પ્રત્યે શત્રુતાનો ભાવ હોય તો તેનો નાશ થાય. આ દ્રષ્ટિકોણથી આત્મકલ્યાણની પ્રાર્થના છે.

આપણે અગ્નિને ભગવાનનું સ્વરૂપ માનીએ છીએ. અગ્નિ દેવને સાક્ષી રાખીને શુભ કાર્યો કરવાનું વિધાન છે. તેથી કોઈપણ દેવી-દેવતાની પૂજા દરમિયાન દીવો પ્રગટાવવામાં આવે છે. અગ્નિ અથવા દીવો પ્રગટાવવાની પરંપરા ઋગ્વેદ કાળથી જોવા મળે છે. પંડિતોના મતે, ઋગ્વેદમાં જણાવાયું છે કે દીવામાં દેવતાઓનું તેજ હોય છે. તેથી, સકારાત્મક ઊર્જાનું સંચારણ કરવા માટે દીવા પ્રગટાવવામાં આવે છે. ત્રેતા યુગ દરમિયાન જ્યારે ભગવાન રામ અયોધ્યા પાછા ફર્યા ત્યારે અને દ્વાપર યુગ દરમિયાન જ્યારે ભગવાન કૃષ્ણએ નરકાસુરનો વધ કર્યો ત્યારે દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. પાછળથી, આ પરંપરાઓ વિવિધ કારણોસર તહેવારો સાથે સંકળાયેલી બની. હવે તો અયોધ્યા પ્રતિવર્ષ દીપ પ્રાગટ્યનાં નવા વર્લ્ડ રેકોર્ડ બનાવે છે!

માટીનો દીવો પાંચ તત્ત્વોનું પ્રતીક છે, તે માટીને પાણીમાં પલાળીને બનાવવામાં આવે છે જે પૃથ્વી તત્ત્વ અને જળ તત્ત્વનું પ્રતીક છે, તેને બનાવ્યા પછી તેને સૂર્યપ્રકાશ અને હવામાં સૂકવવામાં આવે છે જે આકાશ તત્ત્વ અને વાયુ તત્ત્વનું પ્રતીક છે, પછી તેને અગ્નિમાં તપાવીને બનાવવામાં આવે છે.

અગ્નિ પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, દેવી પુરાણ, ઉપનિષદો અને વેદોમાં ફક્ત ગાયના ઘી અને તલના તેલથી જ દીવા પ્રગટાવવાનું વિધાન છે. જોકે હવે આવા દીપ પ્રાગટ્યની પરંપરાઓ ઓછી થતી જાય છે. તેને બદલે ઇલેક્ટ્રિક દીવાઓએ લઇ લીધી છે. ઘીને પાંચ અમૃત એટલે કે પંચામૃતમાંથી એક ગણવામાં આવે છે. તેથી ઘીનો દીવો પ્રગટાવવાનું ખાસ મહત્ત્વ છે. ઘીમાં એક સુગંધ હોય છે જે લાંબા સમય સુધી પ્રગટાવેલી જગ્યાએ રહે છે, જેના કારણે તે જગ્યા શુદ્ધ રહે છે અને તે અનેક પ્રકારના રોગોથી પણ બચાવે છે.

આધ્યાત્મિકતા અનુસાર, આપણા શરીરમાં સાત ઉર્જા ચક્રો હોય છે. તલના તેલથી દીવો પ્રગટાવવાથી મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્રો અમુક અંશે જાગૃત થઈ શકે છે. જોકે, ઘીનો દીવો વાપરવાથી સાતેય ચક્રો પર અસર પડે છે, જેનાથી શરીરમાં નવી ઊર્જાનો સંચાર થાય છે. જો ઘીમાં લવિંગ ઉમેરવામાં આવે તો તેમાંથી નીકળતો ધુમાડો ઘર માટે હવા શુધ્ધીકરણનું કામ કરે છે, જે ત્વચાના રોગોથી રાહત મેળવવામાં મદદ કરે છે. આ સાથે, તે શરીરમાં ચંદ્ર, સૂર્ય અને સુષુમ્ણા નાડીને પણ શુદ્ધ કરે છે.

ધ્યાનમાં એક પ્રકાર ત્રાટકનો હોય છે, જેમાં ઘીના દીપક પર નજર એકાગ્ર કરવામાં આવે છે. દીવાનો પ્રકાશ સૂર્યના તેજ અને અગ્નિ તત્ત્વને પ્રતિબિંબિત કરે છે. સૂર્યનું તેજ અને પ્રકાશમાં બ્રહ્મનો પ્રકાશ હોય છે. તેથી, દરેક સાધકે બ્રહ્મની ભાવનાથી દીવો જોવો જોઈએ. દીવો સત, તમ અને રજના સંયોજનનું પ્રતિનિધિત્વ કરે છે. દીવો સફેદ પ્રકાશ (સત) અને ઘોર અંધકાર (તમ) ના સંયોજનનું પ્રતિનિધિત્વ કરે છે.


વૈદિક કાળમાં, સોમ યજ્ઞ દરમિયાન 'તમસો મા જ્યોતિર્ગમય' મંત્રનો પાઠ કરવામાં આવતો હતો, જે બૃહદારણ્યક ઉપનિષદનો મંત્ર છે. આ પ્રાર્થનાનો અર્થ છે, 'મને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાઓ.' તેથી, દીવાના પ્રકાશને જ્ઞાનનું પ્રતીક માનવામાં આવે છે. પુરાણોમાં, દીવાને સકારાત્મકતા અને દરિદ્રતા દૂર કરનાર પણ કહેવામાં આવ્યો છે.

મોટાભાગે વિષમ સંખ્યામાં દીપ પ્રજ્વલિત કરવાની પરંપરા ચાલી આવે છે. પણ એક થી લઈને સોળ વાટના દીપક પ્રગટાવવાની પરંપરા જોવા મળે છે. તે પ્રમાણે તેની વિશેષતા પણ બતાવવામાં આવે છે. એક વાટનો દીપક ઇષ્ટદેવની કે નિયમિત પૂજામાં કરવામાં આવે છે. બે વાટનો દીપક મા જગદંબા અને માતા સરસ્વતીની આરાધના માટે કરવામાં આવે છે. ગણાધીશ ગણપતિની આરાધના માટે ત્રણ વાટનો દીવો પ્રગટાવાય છે. ભૈરવ દેવતાને પ્રસન્ન કરવા માટે ચાર વાટનો દીવો પ્રજ્વલિત થાય છે. કોઈ વિશેષ મનોકામના માટે અને ભગવાન કાર્તિકિયને પ્રસન્ન કરવા પાંચ વાટનો દીપક અર્પણ કરાય છે. માતા લક્ષ્મીની કૃપા માટે સાત વાટનો દીવો પ્રગટાવવામાં આવે છે. મહાદેવને પ્રસન્ન કરવા આઠ કે બાર વાટનો દીવો કરાય છે. દશાવતારની પૂજા માટે દસ વાટનો અને ભગવાન વિષ્ણુને અર્પણ કરવા સોળ વાટનો દીવો પણ કરાય છે. જોકે, આ માત્ર પરંપરાઓ છે. આપણી શ્રદ્ધાનું મહત્ત્વ સંખ્યાથી અનેકગણું વધુ છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# એક માત્ર ઈશ્વર જ માન-અપમાનથી પરઃ નમ્રતાવાલા હી પ્રભુ કો પાતા હૈ!



લાખો રૂપિયા હાથવગા હોય પરંતુ એનો ઉપયોગ ભોગવિલાસને બદલે સારા કામમાં થાય, દીન-દુઃખીઓને મદદ થાય, મોજશોખનાં સર્વ સાધનો હાજર હોવા છતાં માણસ સંયમ સેવે, સંસારની વચ્ચે રહીને પણ ઈન્સાન પોતાના નીતિનિયમ અને ધર્મને છોડે નહીં અને આ બધા કરતાં માનવી એક તણખલા જેટલો રહે, એને જરા અમથુંય અભિમાન નડે નહીં એ છે નિરંકાર. નિરંકારનો સાદો સીધો અર્થ છે નિરાભિમાન. જેનામાં અહંકાર નથી, જે નમ્ર છે, જે સૌને નમે છે એ નિરંકાર.

સદા નમ્રતા મનમેં ધારો યહ સતગુરુ કા કહના હૈ
શીશ ઝુકાકર જગમે ચલના યહ સેવક કા ગહના હૈ
નલ કે આગે શીશ ઝુકાઓ તો યહ પ્યાસ બુઝાતા હૈ
જ્યોં જ્યોં નીચા હોવે પાની સાગર બીચ સમાતા હૈ
કહે અવતાર નમ્રતાવાલા હી પ્રભુ કો પાતા હૈ

આમ જુઓ તો સંતબાબા અવતારસિંગની આ પંક્તિઓમાં બધા ધર્મોનો સાર આવી જાય છેઃ

પ્રાચીન સુભાષિત સંગ્રહમાં એક શ્લોકમાં કહ્યું છે કે નમે તે સૌને ગમે, નમે એ વંટોળિયાને ખમે.

એક સુંદર બોધકથા છેઃ

એકવાર આંધી આવી ત્યારે આંબો નમી ગયો, તાડનું ઝાડ મૂળસોતું જમીનમાંથી ઊખડી ગયું. જરા અમથું ઠુંઠું રહી ગયું. વંટોળિયો ચાલ્યો ગયો ત્યારે તાડના ઠુંઠાએ આંબાને પૂછ્યું કે વંટોળિયાની રાક્ષસી તાકાત છતાં તું શી રીતે ઊગરી ગયો?

ત્યારે આંબાએ કહ્યું કે વંટોળિયો આવે કે ન આવે, હું તો હંમેશાં નમેલો રહું છું. હું નમેલો હતો એટલે મારા માથા પરથી વંટોળિયો ચાલ્યો ગયો. તું વંટોળિયાની સામે અક્કડ ઊભો રહ્યો માટે ફેંકાઈ ગયો. નમે તે સૌને ગમે.

રસ્તે દોડી જતા ટ્રકો, વ્હીકલોની પાછળ કંઈને કંઈ લખેલું હોય છે. પંજાબી માલિકના વાહન પાછળ એક પંક્તિ લખેલી હોય છેઃ એક તૂ હી નિરંકાર. એટલે કે એકમાત્ર ઈશ્વર (પરમાત્મા) જ માન-અપમાનથી પર છે. અહંકાર વિનાનો છે. બાકી સર્વે અહંથી ભરેલા હોય છે. કેટલાકને તો મને કોઈ વાતનું અભિમાન ચડે જ નહીં એ વાતનું અભિમાન હોય છે. નિરંકારી પંથના ભક્તોને પાયામાં આ સિદ્ધાંત શીખવવામાં આવે છે. અભિમાન છોડો. નમ્ર થાઓ. આ વાત બોલવી કે લખવી બહુ સહેલી છે, અમલમાં મૂકવી બહુ મુશ્કેલ છે.

આમ તો નિરંકારી પંથ પણ ગુરુબાની અને શીખોના ગુરુઓને માને છે. આ બધા પણ ગુરુદ્વારામાં જાય છે, પંચ કક્કામાં માને છે, પરંતુ અન્ય ધર્મોની જેમ શીખ ધર્મમાં પણ સિદ્ધાંતના આધારે જે ફાંટા પડ્યા તેમાં એક છે નિરંકારી પંથ. તેઓ વાદળી રંગની પાઘડી પહેરે છે. નિરંકારી મિશનના વડા ધર્મગુરુ બાબા હરદેવસિંઘજીની હિદાયત છે કે નિરાભિમાની માણસમાં હિંસા રહેતી નથી. આપણી આજુબાજુ જે કલેશકંકાસ અને અશાંતિ જોવા મળે છે, હિંસા અને ત્રાસવાદ જોવા મળે છે તેના મૂળમાં અહમ્ રહેલો છે. અહમ્ ઓગળી જાય તો અનાયાસે શાંતિ-અમન સ્થપાઈ જાય.

કોઈપણ ઝઘડાનું કારણ સમજવાનો પ્રયત્ન કરો તો ખ્યાલ આવશે કે

* માણસનો સ્વાર્થ અને અભિમાન ઝઘડા સર્જે છે.
* દરેક વ્યક્તિ બીજાના ભોગે આગળ જવા મથે છે.
* સારા નરસા કોઈપણ સાધન દ્વારા માણસ પોતાની પ્રગતિ ઈચ્છે છે.
* બીજાનું જે થવું હોય તે થાય, ચડતી તો મારી જ થવી જોઈએ.
* માણસ દરેક સુખ પોતાને માટે ઈચ્છે છે.
* કોઈને દુઃખ જોઈતું નથી.
* ઈન્સાનની ઈચ્છાઓનો અંત જ નથી.

- નિરંકારી સંત બાબા અવતારસિંહજીના એક પદથી આ વાત પૂરી કરીએઃ

બિના કાન કે સબ કી સુનતા બિના કર કારાબાર કરે,
બિન ટાંગો કે ચલતા ફિરતા પિંગલા પર્બત પાર કરે,
બિના કાન કે સૂંઘ હે શકતા બિન જિહ્વા રાગ સુનાતા હૈ,
બિન આંખ કે સબ કુછ દેખે બિના ઉદર કે ખાતા હૈ,
યદ્યપિ ઇસ કા રૂપ નહીં હૈ પર રૂપ ધારકર આતા હૈ,
કહે અવતાર અલખ કી લખતા સતગુરુ આપ કરાતા હૈ... ■

## પ્રકરણ-૩૬

‘ગોહિલ, મેં તને કહ્યું હતુંને... ડાઈરેક્ટ અટેક નહીં... યુક્તિપૂર્વકની તપાસ હોવી જોઈએ!’ ડીસીપી સુનીલ જોશીની સમજાવટમાં એક પ્રકારની ચેતવણી હતી.

ઘરેથી નીકળીને ગોહિલ બોલેરોમાં આરે જઈ રહ્યો હતો ત્યારે ડીસીપીનો કૉલ આવ્યો. બોલેરો ત્યારે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર નેસ્કો ગ્રાઉન્ડ સામેથી પસાર થઈ રહી હતી.

‘સર... અટેક તો હું કરતો જ નથી, પણ હજુ કોઈની આકરી પૂછપરછ પણ કરાઈ નથી!’ ગોહિલે કહ્યું.

‘ડૉક્ટર ઈમાનદારનો કૉલ હતો... ડૉક્ટર ભંડારી અને ડૉક્ટર મંદિરાની પૂછપરછને લઈ ફરિયાદ છે!’ જોશીના કહેવા પહેલાં જ ગોહિલ સમજી ગયો હતો. તે જાણતો હતો કે ડૉક્ટરો ડીસીપી સુધી જશે જ.

‘પણ તેમને માઠું લાગે એવા કોઈ પ્રશ્ન કરાયા નથી.’

‘તેમનું કહેવું છે કે પુરાવા વિના પૂછપરછ કરીને ડૉક્ટરોને ત્રાસ આપવામાં આવી રહ્યો છે.’

‘અત્યાર સુધી એવું કરવાની જરૂર પડી નથી, પણ હવે આકરી પૂછપરછનો સમય આવી રહ્યો છે!’ ગોહિલે દાણો ચાંપ્યો.

‘એટલે?’

‘સર... ડૉક્ટર માજીવડેએ માનવ અવયવની તસ્કરીના રૅકેટની શક્યતા વ્યક્ત કરી છે, જે ડૉક્ટરોના સહયોગ વિના શક્ય નથી!’

ગોહિલે કહ્યું: ‘અને સર, વિધાનસભ્ય જાંભુળકરનું કહેવું છે કે સલ્લુને આર્થિક મદદ અંગેના ભલામણ પત્ર માટે ડૉક્ટર મંદિરા દ્વારા કહેવામાં આવ્યું હતું.’

હવે બોલેરો ગોરેગામની સ્મશાનભૂમિ પાસેથી પસાર થઈને ચેકનાકા પહોંચી. વાત કરતાં કરતાં ગોહિલનું ધ્યાન ડ્રાઈવર સંજય માને તરફ ગયું. તેના ગાલની હિલચાલે તમાકુ ખાધાની ચાડી ખાધી.

‘ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ રૅકેટની ખાતરી છે?’ જોશીએ પ્રશ્ન કર્યો.

‘ડૉક્ટર માજીવડેનું તો એવું જ કહેવું છે. શબના કોઈ ને કોઈ અવયવ ગુમ છે એટલે અવયવ ચોરીનો મામલો હોઈ શકે!’ ગોહિલ આત્મવિશ્વાસથી કહેતો હતો.

તેણે ઉમેર્યું: ‘સર, ડૉક્ટર મંદિરાની ફરી પૂછપરછ કરવી પડશે... તમે કહેતા હો તો આજે જ પોલીસ સ્ટેશને બોલાવું.’

‘ના. આવી ભૂલ ન કરતો. પોલીસ સ્ટેશને આવવું બદનામી સમજે છે આ લોકો.’

થોડું વિચારીને જોશી બોલ્યા: ‘ડૉક્ટર મંદિરાને અવયવ ચોરીની તપાસ ચાલી રહી છે એની જાણ ન થવી જોઈએ. માત્ર ભલામણ પત્ર અંગે જાણકારીની વાત કરજો અને સંયમપૂર્વકની પૂછપરછ હોવી જોઈએ!’

જોશીએ કૉલ કટ કર્યો ત્યારે બોલેરો પોલીસ સ્ટેશન બહાર પહોંચી ચૂકી હતી. ગોહિલ પહેલા માળે ગયો ત્યારે સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂત ટીમ સાથે કૅબિન બહાર જ ઊભો હતો. ગોહિલની પાછળ તેની ટીમ પણ કૅબિનમાં પ્રવેશી.

‘બોલ... રાજપૂત. કાલે શું કહેતો હતો?’ ખુરશીમાં બેસતાં જ ગોહિલે પૂછ્યું.

‘સર, એ કૅમેરા જોનીએ ચર્ચગેટની દુકાનમાંથી ખરીદ્યો હતો અને ત્યાંથી તેનો મોબાઈલ નંબર પણ મળ્યો છે!’ રાજપૂતે કહ્યું.

‘મોબાઈલ નંબર? પણ એ બન્ને ગાંડા તો મોબાઈલ રાખતા નહોતાને?’ એપીઆઈ પ્રણય શિંદેએ પૂછ્યું.


‘અત્યાર સુધીની તપાસમાં બધાએ આપણને આવું જ કહ્યું હતું... પણ ચર્ચગેટની દુકાનમાં કૅમેરાના બિલ પર નંબર છે!’ રાજપૂતે જણાવ્યું.

‘ટેક્નિશિયન પાસે કૅમેરા ખોલાવ્યો તો અંદરથી મળેલા બાર કોડને સ્કૅન કરવામાં આવ્યો હતો. એ કૅમેરા ચર્ચગેટની દુકાનમાંથી વેચવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.’

‘ક્યારે ખરીદ્યો હતો કૅમેરા?’ ગોહિલે પૂછ્યું.

‘છ મહિના પહેલાં બે કૅમેરા ખરીદવામાં આવ્યા હતા!’ રાજપૂતે માહિતી આપી.

‘બે કૅમેરા... એટલે કે બીજો કૅમેરા હજુ કોઈ ઝાડ પર જ હોવો




જોઈએ!’

ગોહિલે વિચારીને કહ્યું: ‘એક ટીમે જઈને બીજો કૅમેરા શોધી કાઢવો પડશે!’

‘જૉનીનો મોબાઈલ ઑન છે?’ ઈન્સ્પેક્ટર રવિ કદમે સવાલ કર્યો.

‘ના. બંધ આવે છે.’

‘એક કામ કરો... આ જૉની અને સલ્લુ સાથે બાકીના શકમંદોના મોબાઈલના કૉલ ડિટેઈલ રેકોર્ડ (સીડીઆર) મગાવો... અને ટેલિકૉમ સર્વિસ પ્રોવાઈડર કંપનીને ખાસ કહેજો કે તાત્કાલિક જોઈએ છે!’ ગોહિલે કહ્યું.

વાતચીત આગળ વધે તે પહેલાં પોલીસ સ્ટેશન નીચે અચાનક હોબાળો મચ્યો. બૂમાબૂમ અને ગાળાગાળીનો અવાજ સાંભળી ગોહિલે બારીમાંથી ડોકિયું કર્યું. યુનિટ-પચીસના મુખિયા જુગલ મેશ્રામની ટીમ એક માણસની મારપીટ કરતા હતા. ગોહિલ તરત નીચે ઊતરી આવ્યો.

‘મેશ્રામજી... કોણ છે આ અને શા માટે મારો છો એને?’ કોન્સ્ટેબલ નામદેવ દળવીએ પૂછ્યું.

‘આ પેલા ડ્રગ્સવાળા સલ્લુનો સાથી છે, જેને તમે શોધી રહ્યા છો!’ મેશ્રામે જવાબ આપ્યો.

‘ઓહ... શું નામ છે અને ક્યાં મળ્યો આ?’ દળવીએ બીજો સવાલ કર્યો.

‘શોએબ નામ કહે છે પોતાનું અને આપણા જંગલમાં જ સંતાયો હતો...’

શોએબને ફટકારીને અધમૂઓ કરી દેવાયો હતો એટલે ગોહિલે તેને આરે હૉસ્પિટલમાં પ્રાથમિક ઉપચાર માટે લઈ જવાની સૂચના દળવીને આપી.

‘સાજો થયા પછી આને જોઈશું!’ ગોહિલ બોલ્યો.

×××

‘મેં ઈમાનદારીથી તમને સાથ આપ્યો અને તમે મને જ ફસાવો છો, સર!’ મીઠાબોલી કૃપા અત્યારે ગુસ્સાને કારણે કડવું બોલી રહી હતી.

‘એવું કંઈ નથી. તને કોઈએ ગેરમાર્ગે દોરીને મારી વિરુદ્ધ ભડકાવી છે!’ ડૉ. વિશ્વાસ ભંડારી સમજાવવાનો પ્રયત્ન કરતા હતા.

સાકીનાકામાં આવેલી ટ્રસ્ટની હૉસ્પિટલમાં ડૉ. ભંડારી તેમની કૅબિનમાં બેઠા હતા. ખરેખર તો તે આકૃતિ બંગારાને જોવા આવ્યા હતા. આકૃતિ સાથે નિકટતાથી વાતચીત કરી માનસિક તાણ દૂર કરવાનો તેમનો ઇરાદો હતો, પરંતુ આકૃતિ કૅબિનમાં આવ્યાની પાંચ જ મિનિટમાં કૃપા આવી હતી. અનિચ્છાએ આકૃતિને કૅબિન બહાર મોકલાવી દેવી પડી હતી.

‘જો કૃપા, હું તને શા માટે ફસાવું. તને ફસાવીને મારે પોતાના જ પગ પર કુહાડી થોડી મારવી છે!’ કૃપાને નારાજ કરવી પોસાય એમ નહોતું.

‘એટલે? આ બધું મેં જ કર્યું છે, એવું તમારું કહેવું છે?’

‘બિલકુલ નહીં... તું ફસાય તો પોલીસ મને છોડે?’

‘પેલો ઈન્સ્પેક્ટર કદમ કહેતો હતો કે તપાસમાં તમે જ મારું નામ આગળ ધર્યું.’

‘મેં? કઈ રીતે?’

‘મેડિકલ કૅમ્પમાં આવનારી વ્યક્તિઓની બધી જાણકારી મને જ

> **એમ્બ્યુલન્સ અને લાશ હોય તો કોઈ ચેકિંગ થતું નથી... આસાનીથી હેરફેર થઈ શકે છે એટલે મોટા કન્સાઈન્મેન્ટ માટે આ પદ્ધતિ અપનાવાઈ હતી!**

હોય છે, એમ તમે કહ્યું.’

‘વાત એમ છે કે અંજુ વિશે મને પૂછવામાં આવ્યું એટલે મેં કહ્યું, એની વધુ માહિતી કૃપા આપી શકશે.’ ડૉ. ભંડારી શબ્દો ગોઠવીને બોલતા હતા.

‘સર... અંજુ વિશે જેટલી મને જાણ છે તેટલી તમને પણ તો છે... તો પોલીસને મારી પાછળ છોડવાનો શો મતલબ?’ કૃપા લડવાના મૂડમાં હતી.

‘તું હોશિયાર છે એની મને ખબર છે. ક્યાં કેટલું બોલવાનું એ તું બરાબર જાણે છે!’ ડૉ. ભંડારી મસકો લગાવી રહ્યા હતા.

‘પોલીસ સામે હોશિયારી લાંબી ટકતી નથી... કદમ મને ધમકી આપીને ગયો છે કે પુરાવા સાથે મળીશું અને ત્યારે મારી અકડ હવામાં ઊડી જશે!’ કૃપાની વાત સાંભળી ડૉ. ભંડારી થોડા વિચલિત થયા.

‘પોલીસ તને ભડકાવી રહી છે... ગુસ્સામાં તું ખોટું પગલું ભરે તો તને ફસાવવાનો મોકો મળે!’

ડૉ. ભંડારી સમજાવી રહ્યા હતા: ‘પોલીસની વાતથી ડરીને ઉશ્કેરાટમાં ન આવ. અમે ડૉક્ટર ઈમાનદાર સાથે ચર્ચા કરી છે... તે આ બધું રોકવાનો પ્રયત્ન કરશે!’

‘ઠીક છે, સર... પણ હું ફસાઈ તો કોઈ સુરક્ષિત નહીં રહે!’

* * *

‘સલ્લુ સાથે કેટલાં વર્ષથી ડ્રગ્સના ધંધામાં છે?’ હૉસ્પિટલમાં પ્રાથમિક ઉપચાર પછી સલ્લુના સાથી શોએબને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો. ગોહિલની ટીમ તેની પૂછપરછ કરી રહી હતી.

‘ત્રણ વર્ષથી તેની સાથે છું!’ શોએબે કહ્યું.

‘એટલે કે ત્રણ વર્ષથી લોકોને મારીને જમીનમાં દાટી રહ્યા છો?’ ગોહિલે પૂછ્યું.

‘ના... એ તો... હમણાં...’ શોએબ અટકી અટકીને બોલતો હતો.

‘ફટાફટ બોલ, નહીંતર...’ એપીઆઈ શિંદેએ ધમકાવ્યો.

‘છએક મહિનાથી લાશ જમીનમાં દાટી રહ્યા છીએ!’ ફફડી ઊઠેલા શોએબે કહ્યું.

‘તારું શોએબ નામ સાચું છે કે પછી...’

‘સાચું નામ છે, સાહેબ!’

‘ચિંતા ન કર... તારી ઇજા ગંભીર નથી. પીટાઈને કારણે તું નબળો પડ્યો છે... પૂરો ઉપચાર કરાશે, પણ તે પહેલાં સવાલના જવાબ આપ.’ ગોહિલે સમજાવ્યો.

‘સલ્લુને કોણે માર્યો અને શા માટે?’ ગોહિલે પૂછ્યું.

‘મને નથી ખબર...’ કહેતાં જ શિંદેએ તેને અડબોથ લગાવી. પીડાથી તે કણસી ઊઠ્યો અને શિંદેના બાવડાં વધુ ફુલાયાં.

‘બરાબર જવાબ આપ, નહીં તો હું જ તારી સારવાર કરીશ અને આનાથી બદતર હાલત કરીશ.’ શિંદેએ દમદાટી આપી.

‘કસમ ખાઈને કહું છું, સાહેબ... અમને તો તેની હત્યાની જાણ જ નહોતી. તમને બૉડી મળી ત્યારે ખબર પડી એટલે ડરના માર્યા અમે લૅબોરેટરી સગેવગે કરી નાસી છૂટ્યા!’ શોએબ બોલ્યો.

‘અમે એટલે? તારો સાથી કોણ અને અત્યારે ક્યાં છે?’

‘સાહેબ, આજ રાતની ટ્રેનથી હું અને ઝમીલ બિહાર જવાના હતા, પણ...’

‘ડ્રગ્સ અને જમીનમાંથી મળેલાં શબ વચ્ચે શું કનેક્શન છે?’ ગોહિલે પૂછ્યું, પણ શોએબ ચૂપ રહ્યો.

‘ડ્રગ્સની હેરફેર માટે લાશનો ઉપયોગ થતો હતો?’ ઈન્સ્પેક્ટર રવિ કદમે પૂછેલા પ્રશ્નનો પણ તેણે કોઈ જવાબ ન આપ્યો.

‘લાગે છે... પગ સાથે બહુ પ્રેમ રહ્યો નથી... તંગડી તોડાવીને જમીન પર ધૂળ ચાટતાં પડવું છે!’ શિંદેએ શોએબનો કાંઠલો પકડ્યો.

‘જો શોએબ... તારી પાસે કોઈ વિકલ્પ નથી. તારે બોલવું તો પડશે જ. ફરક માત્ર એટલો છે કે કોઈ પણ પ્રકારનો ત્રાસ સહન કર્યા વિના જવાબ આપ કાં પછી માર ખાઈને મોં ખોલ!’ ગોહિલે ધમકીભરી ભાષામાં સમજાવ્યો.

એ જ વખતે શિંદેએ અચાનક પેટમાં લાત મારતાં શોએબના મોંમાંથી ચીસ નીકળી ગઈ. તેણે ફરી લાત મારવા પગ ઊંચો કર્યો એટલે શોએબ ભાંગી પડ્યો.

‘હા... બૉડીમાં ડ્રગ્સ ભરીને બીજાં રાજ્યોમાં મોકલવામાં આવતું. આ માટે ફ્રીઝરવાળા વાહનને એમ્બ્યુલન્સમાં ફેરવી નખાયું હતું.’ શોએબ ચોંકાવનારી માહિતી આપતો હતો.

‘શબનો ઉપયોગ વધુ દિવસ કરી શકાતો નથી... એટલે એક વારના ઉપયોગ પછી તેને જમીનમાં દાટવામાં આવતું!’

‘અંજુની લાશમાંથી ડ્રગ્સના અંશ મળ્યા હતા... તેની લાશનો ઉપયોગ...’ ગોહિલે વાક્ય અધૂરું છોડ્યું, પણ શોએબ સમજી ગયો.

‘હા... તેની લાશમાં ડ્રગ્સ ભરીને પંજાબ મોકલાયું હતું!’

‘પણ આંતરરાજ્ય ડ્રગ્સની તસ્કરી થતી જ હોય છે... લાશની જરૂર શા માટે પડી?’ કદમે પૂછ્યું.

‘એમ્બ્યુલન્સ અને લાશ હોય તો કોઈ ચેકિંગ થતું નથી... આસાનીથી હેરફેર થઈ શકે છે એટલે મોટા કન્સાઈન્મેન્ટ માટે આ પદ્ધતિ અપનાવાઈ હતી!’ શોએબ પોપટની જેમ બોલતો હતો.

‘ડ્રગ્સ કાઢીને બૉડી ફરી કામચલાઉ સીવી પાછી મુંબઈ મોકલી અપાતી હતી.’ તેણે કહ્યું.

‘સલ્લુના શબમાં પણ ડ્રગ્સના અંશ હતા... તો શું તેનો ઉપયોગ પણ હેરફેર માટે થયો?’ શિંદેએ પૂછ્યું.

‘ના... સાચે જ અમને ખબર નથી કે તેને કોણે માર્યો. એક રાત તે અચાનક ગુમ થઈ ગયો હતો.’

શોએબે ઉમેર્યું: ‘હા... ડ્રગ્સનો કારોબાર કરતાં કરતાં તેને પણ નશીલા પદાર્થના સેવનની આદત પડવા લાગી હતી!’

‘શબમાંથી અવયવ પણ તમે જ કાઢ્યા હતા?’ ગોહિલ મૂળ પ્રશ્ન પર આવ્યો.

‘ના... ના. અમને તો એ આવડતું જ નથી!’

‘તો કોણ કાઢતું હતું?’

‘ખબર નથી, સાહેબ. અમારી પાસે તો અવયવ કાઢેલાં શબ આવતાં હતાં!’ (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચોર | એકાંગી |
| ચોખ્ખું | અડસટ્ટો |
| ચોક્કસ | શાહુકાર |
| ચોમેર | ઉખાડવું |
| ચોંટાડવું | અસ્વચ્છ |

### ઓળખાણ પડી?



યુએઈના દુબઇ શહેરમાં આવેલી વિશ્વની સૌથી ઊંચી (૨૭૨૨ ફૂટ) ઈમારત ‘બુર્જ ખલિફા’ માં કુલ કેટલા માળ આવેલા છે એ જાણો છો?

અ) ૧૨૫ બ) ૧૪૯ ક) ૧૬૩ ડ) ૧૭૫

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ૨ ચા | પ | ૩ લ | ટ | | ૪ ક | સ | ૫ દા | ૬ ર |
| ૭ ચિં | તા | | પ | | ૮ પ | | | ૯ ત | જ |
| ૧૦ ડો | ચા | | ૧૧ લ | ઘ | ર | ૧૨ વ | ઘ | ર | |
| | ૧૩ ત | ૧૪ લ | પ | | ૧૫ કા | જ | | ૧૬ ડું | ૧૭ ખ |
| ૧૮ ચા | | ચી | | ૧૯ છા | યા | ન | ૨૦ ટ | | ર |
| ૨૧ લ | ૨૨ ખ | લું | ટ | | પ્ર | | ૨૩ ગ | રી | બ |
| ૨૪ ચ | ર | | | ૨૫ ન | વે | ૨૬ સ | ર | | ચ |
| ૨૭ લ | ચ | ૨૮ પ | ચ | | ૨૯ શ | ર | | ૩૦ વ | ડું |
| ગ | | ટ | | ૩૧ અ | | ૩૨ ક | ૩૨-અ ર | મ | |
| ૩૩ ત | મા | લ | પ | ત્ર | | ૩૪ સ | ફ | ળ | તા |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | | | | ૭ | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | ૧૩ | | |
| | | | ૧૪ | | ૧૫ | | | | |
| ૧૬ | | ૧૭ | | | | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | | | ૨૧ | ૨૨ | | | |
| | | ૨૩ | | | | ૨૪ | | | ૨૫ |
| ૨૬ | ૨૭ | | | | ૨૮ | | | | |
| ૨૯ | | ૩૦ | | ૩૧ | | | | ૩૨ | |
| ૩૩ | | | | | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. સરસ્વતી પૂજનનો દિવસ (૫)
૪. દાળભાત --- બોલાવીને ખવાય (૪)
૭. કૃષ્ણનું એક નામ (૩)
૯. શોધી (૨)
૧૦. પેણી, કઢાઇ (૩)
૧૨. એક જંગલી વેલ (૪)
૧૫. એક પ્રાણી (૩)
૧૬. ચાલીસ વત્તા બે (૪)
૧૮. આકર્ષણ, સંમોહન (૩)
૨૦. જળાશય (૪)
૨૧. સારું (૨)
૨૩. રબાબ, રિવાજ, ધારો (૩)
૨૪. દેવોના રાજાની સભા (૪)
૨૬. અંધારિયું (૨)
૨૮. કોઇને --- ના આપવું (૨)
૨૯. પ્રવાહ, વહેણ, તીક્ષ્ણતા (૩)
૩૧. આફત, ધાડ, તાકીદ (૩)
૩૨. મોઇદડા માટેનો ખાડો (૨)
૩૩. પંજાબની એક નદી (૪)
૩૪. આબરૂ, વિશ્વાસ (૩)

**ઊભી ચાવી**

૧. કહાણી (૩)
૨. પાણીનો કૂવો (૩)
૩. સમાવેશ કરવો તે (૩)
૪. સગવડ (૪)
૫. સમસ્યા, ગરબડ, સંકટ (૨)
૬. તાંત્રિક સાધનાનો દિવસ (૨,૩)
૮. લક્ષ્મીપૂજનનો દિવસ (૫)
૧૧. ભવિષ્યવાણી (૪)
૧૩. તારો (૩)
૧૪. દીકરીએ --- ભોગવવો પડે (૫)
૧૬. નવા વર્ષનો પહેલો દિવસ (૩,૩)
૧૭. દારૂ પીવાથી --- બગડે (૩)
૧૯. ચામડીનો રોગ (૩)
૨૨. છેવટે (૪)
૨૫. ભાઇ બહેનના ત્યાં જમવા જાય (૪)
૨૭. શાહીનો ખડિયો (૩)
૨૮. ચોપડા પૂજનનો દિવસ (૩)
૩૦. વાદળી (૨)
૩૨. ઝડપ (૨) (જો.છૂ.)

### ગુજરાત મોરી મોરી રે

રેલવે લાઈનનું વીજળીકરણ પ્રથમવાર ગુજરાતના કયા શહેરમાં થયું હતું એ જણાવો. અહીં નેરોગેજ રેલવે ચાલતી હતી.

અ) માલસર બ) જાંબુસર
ક) મોટી કોરલ ડ) ડભોઈ

### માતૃભાષાની મહેક

ધરમના દેશધર્મ, કુલધર્મ, જાતિધર્મ, વયોધર્મ, ગુણધર્મ, શરીરધર્મ, કાળધર્મ, આપદધર્મ ઇત્યાદિ અનેક ભેદ મહાભારતમાં કહ્યા છે. ધરમ કરતાં ધાડ પડવી એટલે કોઈનું ભલું કરવા જતાં પોતે સંકટમાં આવી પડવું. ધરમની ગાય એટલે ગરીબ, બહુ જ ભલું, સાલસ. બક્ષિસ એવો પણ અર્થ છે. ધરમની ગાયના દાંત ન જોવા એટલે મફત મળતી વસ્તુમાં સારાખોટાપણું જોવું નહીં.

### ઈર્શાદ

એક જણ આવે અને સાતેય રંગો અવતરે.
એક જણ જાતાં જ માથે આભ કાં તૂટી પડે?

-- *નીતિન વડગામા*

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘અહીં મળી આવતું દર્ભ પવિત્ર માનવામાં આવે છે’ પંક્તિમાં ‘દર્ભ’ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) દહીં બ) કંકુ ક) ઘાસ ડ) સાકર

### સુડોકુ-૯૧૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૮ | | ૩ | | ૫ | |
| ૧ | | ૩ | ૨ | | ૭ | ૯ | | ૪ |
| | | ૫ | | | | ૩ | | |
| ૬ | ૩ | | | | | | ૭ | ૧ |
| | | ૧ | | | | ૮ | | |
| ૪ | ૨ | | | | | | ૯ | ૫ |
| | | ૨ | | | | ૪ | | |
| ૩ | | ૬ | ૪ | | ૫ | ૭ | | ૯ |
| | ૯ | | ૬ | | ૧ | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૩ | ૭ | ૧ | ૫ | ૬ | ૪ | ૯ |
| ૧ | ૬ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ | ૫ |
| ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૬ | ૮ | ૧ | ૨ |
| ૩ | ૪ | ૮ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ | ૬ |
| ૯ | ૨ | ૬ | ૮ | ૭ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૭ | ૧ | ૫ | ૪ | ૬ | ૨ | ૩ | ૯ | ૮ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૯ | ૫ | ૨ | ૩ |
| ૮ | ૩ | ૨ | ૧ | ૫ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૫ | ૯ | ૨ | ૩ | ૭ | ૪ | ૮ | ૧ |

### માઈન્ડ ગેમ

હોટેલમાં જમ્યા પછી આવેલું ૧૯૭૩ રૂપિયાનું બિલ રોકડામાં ચૂકવવા માટે ઓછામાં ઓછી કેટલી ચલણી નોટ જોઈએ એ કહી શકશો?

અ) ૮ બ) ૯ ક) ૧૧ ડ) ૧૪

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચીડ | રુચિ |
| ચીવટ | લાપરવાહી |
| ચીટકવું | ઉખડવું |
| ચિંતાતુર | બેફિકર |
| ચિક્કાર | ખાલી |

ઓળખાણ પડી?
હુબલી જંકશન

માઈન્ડ ગેમ
૯૭

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
લાંબો પડાવ

ગુજરાત મોરી મોરી રે
વડોદરા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરુ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) વિપીન શાહ (૧૪) હર્ષા મહેતા (૧૫) લજીતા ખોના (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) પ્રવીણ વોરા (૧૮) મીનલ કાપડિયા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) ચેતના છેડા (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) ભરત કજરીયા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) અરવિંદ કામદાર (૩૦) વીણા સંપટ (૩૧) અંજુ ટોલીયા (૩૨) અલકા વાણી (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) ડાયના સંતોક (૩૬) પુષ્પા ખોના (૩૭) નતીન જયંતિલાલ બજરીયા (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) હીનાબેન દલાલ (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) ધીરેન્દ્ર મુલરાજ (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# દિવાળી - પ્રકાશ ને રંગનો સમન્વય



પ્રકાશ એટલે આંખ નામની જ્ઞાનેન્દ્રિય માટે જરૂરી વ્યવસ્થા. આ પ્રકાશને કારણે દૃશ્યમાન જગત ભાસિત થાય છે. આ પ્રકાશને કારણે આજુબાજુની પરિસ્થિતિની સમજ સ્થપાય છે. પ્રકાશ છે એટલે દુનિયા ઉજાગર થાય છે. રંગ એટલે પ્રકાશના વિભાજનથી સ્થાપિત થયેલ ચોક્કસ આવર્તન વાળા પ્રકાશની ઓળખ. રંગ એટલે જે તે પદાર્થની સપાટીનો ચોક્કસ પ્રકારનો ગુણધર્મ. આમ તો રંગ બે પ્રકારના કહેવાય, અપારદર્શક અને પારદર્શક. પરંતુ તેના મૂળમાં તો પ્રકાશનું વિભાજન જ હોય છે.

દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનનું અસ્તિત્વ પ્રકાશને કારણે સંભવે છે. દર્શન શક્ય બને છે કારણ કે પ્રકાશ છે. ચોક્કસ માત્રામાં અને શુદ્ધ પ્રકાશની હાજરીમાં દર્શનમાં મલિનતા ન આવે. પ્રકાશમાં જો કોઈપણ પ્રકારની વિકૃતિ ન હોય તો જે તે દૃશ્યની અનુભૂતિમાં વિકાર સંભવી ન શકે. દૃશ્યમાંથી નીકળતાં પ્રકાશનાં કિરણો જે તે માધ્યમમાંથી પસાર થઈ દ્રષ્ટાના ચક્ષુમાં પ્રવેશ કરે, ત્યાં નેત્ર-પટલ પર ચોક્કસ છાપ ઊભરે અને દૃશ્ય અંકિત થાય. આ દૃશ્યનું પછી મન પોતાની રીતે અર્થઘટન કરે. આ સમગ્ર પ્રક્રિયા પ્રકાશને કારણે જ અસ્તિત્વમાં આવે. આ સમગ્ર પ્રક્રિયાને અંતે રંગની પણ ઓળખ સ્થપાય. મન અર્થઘટન કરે કે કઈ પરિસ્થિતિનો રંગ કયો છે. ભૌતિક વિશ્વમાં જેમ દ્રષ્ટિ માટે પ્રકાશની આવશ્યકતા છે તેમ આધ્યાત્મિક વિશ્વમાં પણ યથાર્થ દ્રષ્ટિ માટે આત્માના પ્રકાશની આવશ્યકતા છે. આત્માના પ્રકાશની અનુભૂતિથી જ સૃષ્ટિનાં સમીકરણો જાણી શકાય.

એ તો બધા જાણે છે કે સફેદ રંગમાં સાત રંગો સમાયેલા છે. તેવી જ રીતે શુદ્ધ પ્રકાશમાં પણ સાતે રંગો સમાયેલા હોય છે. શરૂઆત નારંગીથી થાય અને જાંબલી પર અટકે અથવા શરૂઆત જાંબલીથી થાય અને નારંગી પર અટકે. અંતે તો સાત રંગનો સમૂહ અગત્યનો છે. દિવાળીના દિવસોમાં જે પ્રકાશ અને રંગના મહત્ત્વનો સમન્વય કરાયો હોય તેમ લાગે છે. દિવાળીની ઉજવણીમાં દીવાનો પ્રકાશ અને રંગોળીના રંગ એ બંને સ્પષ્ટ, સુદ્રઢ, સાત્વિક, ઉત્સવીય તેમજ સમાવેશીય પ્રતિક છે. જો પ્રકાશ સત્ય છે તો રંગ એ સત્યનું એક સ્વરૂપ છે. જો પ્રકાશ જ્ઞાન છે તો રંગ એ જ્ઞાનનું એક પાસું છે. જો પ્રકાશ સાધન છે તો રંગ તે સાધનનું એક અંગ છે. જો પ્રકાશ ભૌતિક ઘટના છે તો રંગ તે ભૌતિકતાનું પ્રમાણ છે. જો પ્રકાશ ધર્મનું પ્રતીક છે તો રંગ તે ધર્મના સ્વરૂપનું એક અંગ છે. જો પ્રકાશ આધ્યાત્મિકતાની પ્રતીતિ છે તો રંગ તેના એક અંશની અનુભૂતિ છે. જો પ્રકાશ જીવન છે તો રંગ તે જીવનની એક ઘટના છે. જો પ્રકાશ આદર્શ છે તો રંગ આદર્શથી ઉદ્‌ભવતું સમીકરણ છે. જો પ્રકાશ નૈતિકતા છે તો રંગ તે નૈતિકતાનું પરિણામ છે. જો પ્રકાશ ચેતના છે તો રંગ તે ચેતના દ્વારા અનુભવાતી સ્થૂળતા છે. જો પ્રકાશ ઉલ્લાસનું કારણ છે તો રંગ તેનું પરિણામ છે. જો પ્રકાશ શુદ્ધ ભાવના છે તો રંગ એ ભાવના પાછળ છુપાયેલો પ્રેમ છે. પ્રકાશ અને રંગની જુગલબંધી સૃષ્ટિની પ્રત્યેક પવિત્રતા અને શુદ્ધતા સાથે સંકળાયેલી છે.

જો પ્રકાશ કાનજી છે તો રંગ રાધા છે. જો પ્રકાશ ગીતા છે તો રંગ તે ગીતાથી પ્રભાવિત થયેલ અર્જુન છે. જો પ્રકાશ વેદવાણી છે તો રંગ તેના એક અંગ સમાન ઉપનિષદ છે. જો પ્રકાશ ભાગવતના શ્રી વિષ્ણુ છે તો રંગ તે વિષ્ણુનો એક અવતાર છે. જો પ્રકાશ પ્રગટેલ હોળી છે તો રંગ તે હોળીની એક જ્વાળા છે. જો પ્રકાશ ભક્તિ છે તો રંગ તે ભક્તિને યથાર્થતા બક્ષતી બાબત છે. જો પ્રકાશ યોગનું એક સ્વરૂપ છે તો રંગ તે યોગમાં સંમિલિત થતી સાધના છે. જો પ્રકાશ સાત્વિક કર્મ છે તો રંગ તેમાં છુપાયેલી નિષ્કર્મતા છે. પ્રકાશ અને રંગ વચ્ચેનું સંતુલન સૃષ્ટિની અનેક ઘટના છે.

જ્યારે પ્રકાશ આધાર છે ત્યારે રંગ આધારિત છે. જ્યારે પ્રકાશ સમન્વય છે ત્યારે રંગ વિશેષતા છે. જ્યારે પ્રકાશ સમાવેશીય છે ક્યારે રંગ અનોખું સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે પ્રકાશ સમગ્રતાની વાત કરે છે ત્યારે રંગ પોતાની ઓળખ સ્થાપિત કરે છે. જ્યારે પ્રકાશ એકત્વની વાત કરે છે ત્યારે રંગ રસપૂર્ણ વિવિધતા સ્થાપિત કરે છે. જ્યારે પ્રકાશ સમરસતાની દલીલ કરે ત્યારે રંગ સમરસતાના પ્રત્યેક અંગને મહત્ત્વ આપવાનું કામ કરે. પ્રકાશ અને રંગ વચ્ચેનું સમીકરણ સૃષ્ટિની કેટલીક ગુઢ બાબતોને ઉજાગર કરવાનું સામર્થ્ય ધરાવે છે.

મનોભાવને પ્રકાશ અને રંગ, બંને સમાન રીતે પણ જુદા જુદા પ્રકારની અસર કરે છે. પ્રકાશ જીવનમાં આશા જન્માવે તો રંગ જીવનને રંગીન બનાવી દે. પ્રકાશ જીવનમાં હકારાત્મક બાબત સ્થાપિત કરે તો રંગ તે હકારાત્મકતાને વધુ નિખારે. પ્રકાશ જીવનમાં ઉત્સાહનું સિંચન કરે તો રંગ તે ઉત્સાહને પ્રોત્સાહનથી ભરી દે. પ્રકાશ થકી જીવનની અમુક બાબતો ઉજાગર થાય તો રંગ એ બાબતોને આકર્ષક બનાવી દે. પ્રકાશ થકી જીવનમાં એક પ્રકારની જીવંતતા પ્રવેશે તો રંગ જીવનને આકર્ષક બનાવી શકે. ચોક્કસ પ્રકારના પ્રકાશ અને રંગનું સહ-અસ્તિત્વ જીવનને જુદા જ પ્રકારનાં માહોલમાં લઈ જઈ શકે.

દિવાળીના દિવસોમાં પ્રકાશ સમજવાનો છે અને રંગ માણવાના છે, પ્રકાશ સ્વીકારવાનો છે અને રંગ પ્રસારવાના છે, પ્રકાશની અનુભૂતિ કરવાની છે અને રંગની અનુભૂતિ કરાવવાની છે, પ્રકાશને આદર્શ તરીકે લેવાનો છે અને રંગને વાસ્તવિકતા તરીકે જોવાના છે, પ્રકાશ ફેલાવવાનો છે અને રંગો સ્થિત કરવાના છે, પ્રકાશનો અર્થ સમજવાનો છે અને રંગોને સાર્થકતા આપવાની છે, પ્રકાશનો વ્યાપ અસ્તિત્વમાં ઉતારવાનો છે અને રંગોને માયાના સ્વરૂપ તરીકે સમજવાના છે. દિવાળી માત્ર દિવાળી નથી, તેની ઉજવણીમાં ઉપયોગમાં લેવાતા દીવડાઓ માત્ર દીવડાઓ નથી, તે ઉત્સવમાં આલેખાતી રંગોળી માત્ર રંગોની ગોઠવણી નથી, આ તો એક ભવ્ય પૌરાણિક સમાજ દ્વારા, સાંસ્કૃતિક મૂલ્યોને આધારે સ્થાપિત થયેલી પરંપરા છે. અહીં સાત્વિકતા પણ છે અને ધાર્મિકતા પણ. અહીં નૈતિકતા પણ છે અને આધ્યાત્મિકતા પણ. અહીં પવિત્રતા પણ છે અને નિર્લેપતા પણ. અહીં શુદ્ધતા પણ છે અને સાતત્યતા પણ. સનાતનની સંસ્કૃતિના ઉદાત્ત મૂલ્યો તથા વારસાને ચરિતાર્થ કરવાની તક આ સંસ્કૃતિના દરેક તહેવારની ઉજવણીમાં સમાયેલી હોય છે. દિવાળી આમાં અપવાદ નથી. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# દુહામાં નારીકેન્દ્રી તથ્ય ને સત્ય

દુહામાં એનો રચયિતા માનવજીવનના તથ્ય અને સત્યને નિરૂતતો હોય છે. પોતાને જીવનમાંથી સાંપડેલું રહસ્ય કે તથ્ય આ નિમિત્તે ભાવકને સાંપડતું હોય છે. દુહા એ કારણે માનવ ઘડતર પણ કરે છે. સાવ તુક્કા, તરંગ કે નરી કલ્પનાને દુહામાં અવકાશ નથી. દુહા આવા કારણથી સર્વાધિક લોકપ્રિય પણ બન્યા અને વખણાયા પણ ખૂબ. મેં નારીકેન્દ્રી નારી વિષયક જ થોડાં દુહાઓ એકત્ર કરેલા. મારે અવલોકવું હતું કે નારી બાબતે શું તથ્ય અને સત્ય એમાંથી સાંપડે છે. એમાં પૂર્વગ્રહ છે કે પક્ષપાત એ પણ અવલોકવું હતું. તાટસ્થ્ય જાળવીને દુહામાં નારીકેન્દ્રી ભાવવિશ્વને સ્થાન મળ્યું છે કે નહીં એ અવલોકવું હતું. આવા થોડાં દુહાને આસ્વાદીએ. નારીકેન્દ્રી નિરૂપણ કેવાં તથ્યોનો પરિચય કરાવે છે તે સમજીએ.

*નારી ઠમકો દિયે, ચિતનું કંઈ ચાલ્યું નહિ ;*
*ભોળો ઈ ભીલડીએ, જલધર મોહ્યો જોગડા.*

નારીના ઠમકા-લટકાથી ચિત્તનું-મનનું કંઈ ચાલતું નથી. ભીલડીના નૃત્ય ઠમકાથી ભોળાનાથ મોહી પડેલા. જલંધર પણ વૃંદામાં મોહિત થયેલા, જોગડો નામથી ઘણાં દુહા પરંપરામાં પ્રચલિત છે. પોતે જોગી છે પણ એમના મોટાભાગના દુહામાં નારી સંદર્ભ જ સ્થાન પામેલ જોવા મળે છે.

સ્ત્રીનો પ્રભાવ, એનાથી મોહિત થવાનું વલણ અહીં દષ્ટિગોચર થાય છે બીજો એક આવો દુહો આસ્વાદીએ.

*ત્રિયા નમાવે દેવને, ત્રિયા અપાવે રાજ;*
*ત્રિયા કુશળ સંસારમાં, ત્રિયા જગતની લાજ.*

ત્રિયા એટલે સ્ત્રી-નારી. દેવ જેવા દેવને પણ નારી નમાવે.



પરાજિત કરે. સ્ત્રી રાજસુખ અને રાજય પણ અપાવે. આ સંસારમાં સ્ત્રી જ કુશળ છે. સ્ત્રી જ નારી જ જગતની લાજ છે. જગતનું આભૂષણ છે. નારીનો પ્રભાવ અને એનો મહિમા અહીં આલેખાયો છે. એ દાતા છે, એ લાજ-આભુષણ પણ છે. એની મહત્તાને સાચી રીતે અહીં દુહામાં અભિવ્યક્તિ સાંપડી છે. નારીના બીજા એક અનોખા રૂપને પણ દુહામાં સ્થાન મળ્યું છે એનો પરિચય મેળવીએ.

*સાજન તુમ મ જાણિયો, વિછડ્યાં પ્રીત ઘટાય ;*
*વ્યાપારી કે વ્યાજ જયૂં, વધત વધત વધ જાય.*

નારી-સ્ત્રી કહે છે કે હે સાજન-પ્રિયતમ તને ખબર નથી કે વિરહ-દૂરતા પ્રિતને-પ્રેમને ઘટાડનારું પરિબળ છે. વેપારી પાસેથી લીધેલ મૂડીનું વ્યાજ જેમ વધતું વધતું જ રહે છે. મૂલ લક્ષ્મીથી દૂર નીકળી જાય એમ લાંબા સમયનું અલગપણું દૂરતા વધારે અને સ્નેહ ઘટાડે. નારી ચિત્તના ભાવને આલેખતો એક વિશેષ દુહો અવલોકીએ.

*સામેરી સજણ વળાવિયા, તાતી વેળું માંય;*
*જો સરજી હોત વાદળી,(પિયુને) પલપલ ઢાળત છાંય*

સામેરી નામની નાયિકા કહે છે કે મેં મારા સાજણ-પ્રિયજનને વિદાય આપી પણ એમનો પંથ તો રેતાળ રણમાં છે. આવી ઉની-ગરમ વેળુ-રેતીમાં પ્રવાસ કરીને પંથ કાપી રહેલા પ્રિયજનના રસ્તામાં વાદળી રૂપે હું હોત તો ઘડીએ ઘડી-પળેપળ એમની ઉપરા છાંયડાથી એમને ઠંડક આપત અને ગરમીમાં રાહત આપી શકી હોત.

નારીનો-સ્ત્રીનો સમર્પણભાવ, પ્રિયતમની ચિંતા કરવાનું વલણ એ નારીની પ્રકૃતિ છે. એનો પરિચય આ દુહામાંથી મળી રહે છે. નારીકેન્દ્રી દુહા-નારીના સ્વભાવનો અને નારીના પ્રભાવનો એમ સર્વાંગીપણે પરિચય કરાવે છે. નારીનું વ્યક્તિત્વ કેવી ઊંચાઈ, કેટલી ઊંડાઈ અને કેવા પ્રકારની વ્યાપક્તા ધરાવે છે એના તથ્યને નિર્દેશતા આ દુહાઓ ભારતીય નારી પ્રતિભાના-માતૃશક્તિના દ્યોતક છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# કોઈપણ માનવ શ્રદ્ધાથી ગંગાસ્નાન કરે તો તેનાં પાપ શું ખરેખર ધોવાઈ જતા હશે?

એક દિવસ કૈલાસ પર વિરાજમાન ભગવાન શિવે માતા પાર્વતીને ‘કાળી’ કહીને સંબોધ્યા. દેવીને થયું કે હવે તો હદ થાય છે. આનો કોઈ ઉપાય શોધી કાઢવો જોઈએ. મારા મૌનને સંમતિ માની સ્વામી આ મશ્કરી મૂકતા જ નથી. પોતાના સ્વામીએ ‘કાળી’ તરીકેનું સંબોધન કરતાં કાળજામાં તીરની માફક ખૂંચી ગયું. માતા પાર્વતીએ ગંભીર મુદ્રા ધારણ કરી લીધી. ભગવાન શિવે ઘણીવાર મનાવવાની કોશિશ કરી પણ દેવી માન્યા નહીં. ક્રોધિત માતા પાર્વતી ગૃહત્યાગ કરીને હિમાલયના કોઈ ઉચ્ચ શિખર પર પહોંચી ગયાં. ત્યાં તેઓ કઠોર તપ કરવા લાગ્યાં. થોડાંજ સમયમાં માતા પાર્વતી તપમાં તલ્લીન થઈ ગયા. માતા પાર્વતીએ એક પગે ઊભા રહીને તપશ્ચર્યા આદરી. એવામાં એક સિંહ આવી ચઢ્યો. સિંહે વિચાર્યું કે, વાહ મારું કામ તો થઈ ગયું. ક્યાં સુધી આ સ્ત્રી એક પગે ઊભા રહીને તપ કરશે? ક્યારેક તો બેશુદ્ધ બનીને ઢળી પડશે ને! ઢળી પડશે એટલે આ શિકારથી મારી ભૂખ ભાંગીશ.એને ક્યાં ખબર હતી કે આ તો જગતજનની માતા પાર્વતીજીનું તપ હતું. દિવસોના દિવસો અને મહિનાઓ પસાર થઈ ગયાં. માતા પાર્વતી તપમાં હજીય તલ્લીન હતાં. આદ્યશક્તિના અખંડ તપની પ્રશંસા દેવી-દેવતાઓ કરવા લાગ્યા. દેવર્ષિ નારદ ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે પહોંચે છે અને કહે છે કે માતા પાર્વતીનું તપ પૂર્ણ કરાવો. ભગવાન શ્રીહરિ વિષ્ણુ કહે છે કે દેવી પાર્વતી બ્રહ્માજીનું તપ કરી રહ્યા હોવાથી બ્રહ્માજી જ આ બાબતે મદદ કરી શકે. દેવગણો ભગવાન શ્રીહરિ વિષ્ણુને લઈ બ્રહ્મલોક પહોંચે છે. બ્રહ્માજી તેમને કહે છે કે યોગ્ય સમયે દેવી પાર્વતીને હું વરદાન આપીશ. તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહો. દેવતાઓ પોત પોતાના લોક પરત ફરે છે. થોડાં જ સમયમાં માતા પાર્વતીનો સ્વર બહ્મલોક પહોંચતાં બ્રહ્માજી પ્રસન્ન થાય છે અને માતા પાર્વતી પાસે પહોંચી વરદાન માગવાનું કહે છે. માતા પાર્વતી તેમને કહે છે કે મેં વરદાનની આકાંક્ષાથી તપ કર્યું નથી. મને હવે જીવનો ખપ નથી, બિચારો સિંહ વર્ષોથી મને ટાંપીને ભૂખ્યો બેઠો છે, મારી રક્ષા કરી છે. માટે તેને વરદાન આપો. બ્રહ્માજીએ વિચાર કર્યા પછી વરદાન આપ્યું કે, ‘હે વનરાજ, તું ભગવાન શિવ અને માતા પાર્વતીનો અનન્ય ભક્ત થા. સંસારમાં કોઈ પ્રાણી તમારાથી બળવાન નહીં થાય.’ બ્રહ્માજી ફરી વરદાન માંગવાનું કહેતા માતા પાર્વતી કહે છે કે, ‘મને એવું વરદાન આપો કે મારું શરીર સુવર્ણ જેવું થઈ જાય અને હું પરમ સુંદરી બનું, જેથી સ્વામી મને કાળી કહી ચીડવી ન શકે.’ બ્રહ્માજી વરદાન આપતાં કહ્યું ‘તથાસ્તુ.’ તથાસ્તુ કહેતાં જ માતા પાર્વતી પરમ સુંદરી બની ગયા. પ્રસન્ન માતા પાર્વતીને લઈ બ્રહ્માજી કૈલાસ પહોંચે છે. માતા પાર્વતી સાથે બ્રહ્માજીને જોતાં ભગવાન શિવ પ્રસન્નતા અનુભવે છે અને શિવગણો માતા પાર્વતી અને બ્રહ્માજીનું સ્વાગત કરે છે.

માતા પાર્વતીને ફરી કૈલાસ આવેલા જોઈ શિવગણો ઉત્સવ મનાવે છે. એક દિવસ માતા પાર્વતી ભગવાન શિવને કહે છે.



માતા પાર્વતીઃ હે સ્વામિ, લોકમાતા ગંગા નદી પતિતપાવની કહેવાય છે, શું કોઈપણ માનવ શ્રદ્ધાથી ગંગાસ્નાન કરે તો તેનાં પાપો શું ખરેખર ધોવાઈ જતા હશે?

ભગવાન શિવઃ દેવી ચાલો હું તમને પ્રત્યક્ષ પ્રમાણ બતાવું.

ભગવાન શિવ એક વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરે છે અને મુખ્ય રસ્તા પર તેઓ એક કાદવકીચડવાળા ખાડામાં ફસાઈ પડ્યા અને માતા પાર્વતીને કહ્યું કે તમારે એમ કહેવું કે, ‘આ મારા વૃદ્ધ પતિને કાદવકીચડમાંથી બહાર કાઢનારનું ભોળાનાથ ભલું કરશે, પરંતુ તેમને બહાર કાઢનાર જો તદ્દન નિષ્પાપ નહિ હોય તો મારા પતિનો સ્પર્શ થતાની સાથે જ તે બળીને ભસ્મ થઈ જશે.’

અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુ પૂર્ણિમાના દિવસે ગંગાતટે મહોત્સવ હતો. હજારો લોકો ગંગાસ્નાન કરી પોતાના પાપોનું વિસર્જન કરવા અહીં આવ્યા હતા. ગંગાસ્નાન કરી ઘેર જતી યુવાન સ્ત્રીનું રુદન કરવાનું કારણ પૂછતાં માતા પાર્વતી કહેતાં કે, મારા વૃદ્ધ પતિને કાદવકીચડમાંથી બહાર કાઢનારનું ભોળાનાથ ભલું કરશે, પરંતુ તેમને બહાર કાઢનાર જો તદ્દન નિષ્પાપ નહિં હોય તો મારા પતિનો સ્પર્શ થતાની સાથે જ તે બળીને ભસ્મ થઈ જશે. આવી શરત સાંભળી સૌકોઈ વિચારમાં ગરકાવ થઈ જતું કે ગંગાસ્નાન તો શ્રદ્ધાથી જ કર્યું છે પણ સર્વ પાપો નષ્ટ થઇ ગયાં કે કેમ તેની ખબર કેવી રીતે પડે? થોડાંક પાપ જો રહી ગયાં હોય તો તો ધરમ કરતાં ધાડ પડે. આ વૃદ્ધ બ્રાહ્મણને ખાડામાંથી બહાર કાઢવા જતાં રખેને બળીને ભસ્મ થઈ જવાય તો? આવું વિચારી સૌ કોઈ પોતપોતાને રસ્તે રવાના થઈ જતાં. આ વૃદ્ધ બ્રાહ્મણને કાઢવા કોઈ તૈયાર ન થયું.

કોઈક કામી પુરુષો તો યુવાન સ્ત્રીને રસ્તા પર જોઈ તેના તરફ આકર્ષણ અનુભવતા અને કહેતા, ‘કાદવકીચડમાં પડેલા આ બુઢ્ઢાને છોડ અને ચાલ મારી સાથે.’

સાંજનો સમય થવા આવ્યો હતો, ગુરુપૂર્ણિમાનો દિવસ હોવાથી નજીકના ગુરુજીના આશ્રમમાં ભેટ ધરીને ગંગાજીમાં સ્નાન કરી તે પાછો ફરી રહ્યો હતો. પેલી સ્ત્રીની વાત સાંભળીને તેણે કહ્યું, ‘અરે! એમાં શું બહેન, તમારા પતિને હું બહાર કાઢીશ. હું ગંગાસ્નાન કરીને જ આવ્યો છું, હું નિષ્પાપ છું, ગંગાસ્નાન કર્યા બાદ મારાથી અન્ય કોઈપણ પાપ થયું નથી, બહેન તમે રડો નહીં, તમારા પતિને હું અવશ્ય બહાર કાઢીશ. આ તો પરોપકારનું કામ છે.’

ભગવાન શિવને તેણે તુરંત ખાડામાંથી બહાર કાઢ્યા, ભગવાન શિવ અને માતા પાર્વતીએ તેમને દર્શન આપતાં તે કૃતાર્થ થઈ ગયો અને ભવોભવના ખાડામાંથી બહાર નીકળી પડયો.

ભગવાન શિવઃ ‘દેવી! શ્રદ્ધા પરમ દુર્લભ છે. શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ. ખરેખર શ્રદ્ધામય સમતા પર જ પરમ જીવનની પ્રતિષ્ઠા છે. સમભાવ સાચી શ્રદ્ધા વિના આવે નહીં. શ્રદ્ધાળુ પાસે નિષ્ફળતા આવી શકતી નથી, હંમેશાં સફળતા જ મળે છે. શ્રદ્ધાને દુર્લભ એટલા માટે કહી છે કે, શ્રદ્ધા મોક્ષનો પાયો છે. શ્રદ્ધા વગર જીવનનો સામાન્ય વ્યવહાર પણ ચાલતો નથી. શ્રદ્ધા એટલે પરમ પવિત્ર પુરુષના ચરણમાં પરમ સમર્પણભાવ. શ્રદ્ધા, ટેક અને વિશ્વાસનો ત્રિવેણીસંગમ પ્રભુને મેળવવાનો માર્ગ છે. સત્ય પર શ્રદ્ધા ન હોય, ત્યારે જ બધાં દર્દ અને દુઃખો ઊભરાય છે, જીવને કોઈપણ સ્થળે શાંતિ અનુભવી શકતો નથી.

કહેવાનું તાતપર્ય એ છે કે, ગંગાસ્નાન શ્રદ્ધાથી કરો, શ્રદ્ધા અને દ્રઢતા એવી પાંખો છે, જેને સહારે તમારા લક્ષ પ્રતિ તત્કાળ ઉડ્ડયન આદરી શકો છો. શ્રદ્ધા એ જીવનનું મોટામાં મોટું બળ છે. શ્રદ્ધા જ નિર્ધનનું ધન છે. શ્રદ્ધા જ દુઃખમાં આશ્વાસન આપવાની ક્ષમતા ધરાવે છે. શ્રદ્ધા જ સાર્થક જીવન છે. શ્રદ્ધા વગર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. શ્રદ્ધા હૃદયની વસ્તુ છે, બુદ્ધિ કે તર્ક સાથે ટકરાવાથી એના ચૂરેચૂરા થઈ જાય છે. શ્રદ્ધા પોતાના સ્વભાવને જ અનુસરે છે. ઓછેવત્તે અંશે દરેકમાં શ્રદ્ધા છે. જેની શ્રદ્ધા બળવાન તેને ફળ પણ મોટું મળે. શ્રદ્ધા મેરુ પર્વત જેવી ઉત્તુંગ અને અવિચળ હોવી જોઈએ.

શ્રદ્ધાળુ જ્ઞાનને પામે, તલ્લીન ને જિતેન્દ્રિય,
જ્ઞાન પામી, પરશાંતિ, શીઘ્ર તે મેળવી વળી

દરેક મનુષ્યે આત્મશ્રદ્ધા - અંદરની શ્રદ્ધા કેળવવી જોઈએ. ક્ષણે ક્ષણે વિકલ્પો અને કુર્તકો ચિત્તને સતાવ્યા કરે છે. મનમાં આસુરી અને દૈવી પ્રકૃત્તિનું યુદ્ધ ચાલતું જ હોય છે. એટલે માનવે પૂર્ણ શ્રદ્ધા ધરી કામ કરવા જોઈએ. (ક્રમશઃ) ■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# એવું મંદિર જ્યાં યક્ષો કરે છે અમૂલ્ય મૂર્તિઓની રક્ષા!

સાંગાનેરનું નામ યાદ આવે એટલે શું યાદ આવે? સાંગાનેરી ભાતનું કપડું. સાંગાનેરી કાગળ પણ દેશ-વિદેશમાં પ્રખ્યાત છે, પરંતુ સાંગાનેરની આ એકમાત્ર ઓળખ નથી. સાંગાનેરમાં એક અદ્‌ભુત અને અનન્ય જૈન મંદિર આવેલું છે. આ મંદિર સાથે જોડાયેલી ઘણી રસપ્રદ વાતો છે જે ફક્ત આશ્ચર્યજનક જ નથી પણ વિજ્ઞાનનું જ્ઞાન પણ તેમની સામે ફિક્કું લાગે તેવી છે. તે છે સાંગાનેરમાં આવેલું સંઘીજી જૈન મંદિર. જયપુરથી લગભગ ૧૩ કિમી દૂર સાંગાનેરમાં આવેલું સંઘીજી મંદિર અદ્‌ભુત મંદિર છે. એક સમયે સંગ્રામપુર તરીકે ઓળખાતા સાંગાનેરનું આ મંદિર સાત માળનું છે, જેમાં પાંચ માળ ભૂમિગત છે.

સંઘીજી મંદિર રાજસ્થાનના સ્થાનિક ગુલાબી પથ્થરોથી બનેલું છે. જયપુરની ગુલાબી શહેરની ઓળખ સાથે તેનો સારો સુમેળ થાય છે. તેની રચના માઉન્ટ આબુના દેલવાડાનાં મંદિરોની રચનાને મળતી આવે તેવી છે. ઇતિહાસકારોના મતે આ મંદિર લગભગ ૧૦મી સદીમાં બનાવવામાં આવ્યું હતું. એવું માનવામાં આવે છે કે સંઘીજી મંદિરમાં એક સમયે એક મોટી વાવ હતી. એક દિવસ, બે હાથીઓ દ્વારા ખેંચાયેલો એક રથ, જેમાં કોઈ મહાવત નહોતો, અચાનક આવી પહોંચ્યો. તે આ મોટી વાવ પાસે રોકાયો. લોકોએ જોયું કે તેમાં એક દિગંબર જૈન પરંપરાના ભગવાનની મૂર્તિ રાખવામાં આવી હતી. આ મૂર્તિ પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથની હતી. લોકોએ પ્રતિમાને રથમાંથી ઉતારીને વાવ પાસે રાખી. પ્રતિમા ઉતારતા જ રથ અદ્રશ્ય થઇ ગયો હોવાનું કહેવાય છે. આ ઘટના સમયે જ ત્યાંના રાજાને એ જ ઘટના સ્વપ્ન રૂપે દેખાઈ હોવાનું પણ કહેવાય છે. આ સુંદર



પ્રતિમાનું ત્યાં મંદિર બનાવવામાં આવ્યું.

એવું માનવામાં આવે છે કે ચંપાવતી, ચાકસુ, તથકગઢ અને આમ્રગઢના રાજ્યો એક સમયે આસપાસનાં રાજ્યો પર શાસન કરતા હતા, જે બધા સાંગાનેરની પ્રગતિની ઈર્ષ્યા કરતા હતા. દંતકથા છે કે આ રાજ્યોના રાજાઓએ એક સમયે સાંગાનેર પર હુમલો કર્યો હતો અને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું હતું. પરંતુ તેમની સેના આ ચમત્કારિક મંદિરને સ્પર્શી પણ નહોતી શકી. બાદમાં મહારાણા સાંગાએ આ પ્રદેશનો પુનર્વિકાસ કર્યો તેથી તેને સાંગાનેર નામ મળ્યું.

સંઘીજી મંદિરમાં મૂળનાયક (મંદિરની પ્રતિમા) ભગવાન આદિનાથની છે. તેમાં કુલ સાત માળ છે, જેમાંથી પાંચ ભૂગર્ભમાં છે. પાંચમા માળે પ્રાચીન જૈન ચૈત્યાલય છે, જ્યાં ફક્ત નૈષ્ઠિક બ્રહ્મચારી સાધુઓ જ તેમની સાધના અને તપસ્યાના બળે પ્રવેશ કરી શકે છે. સામાન્ય લોકોને આ ભૂગર્ભ તળમાં રહેલા મંદિરમાં પ્રવેશ વર્જિત છે. સમય સમય પર, દિગંબર જૈન સાધુઓ દ્વારા મંદિરમાં સ્થિત મૂર્તિઓને જાહેર દર્શન માટે પહેલેથી નિશ્ચિત ચોક્કસ સમયગાળા માટે દેવતાઓ પાસેથી પરવાનગી લીધા પછી બહાર લાવે છે. આ મૂર્તિઓને ફરીથી તેમના મૂળ સ્થાને શુભ ચિન્હો સહિત ફરીથી મુકવી પણ આવશ્યક છે. કહેવાય છે કે આ ભૂગર્ભ મંદિરની રક્ષા સ્વયં યક્ષો કરે છે. આ મંદિરમાં અમૂલ્ય અને કિંમતી રત્નોથી બનેલી તીર્થંકરોની પ્રતિમા છે.

આચાર્યવિદ્યાસાગરજીના શિષ્ય મુનિ સુધાસાગરજીએ ભૂગર્ભ તળની મુલાકાત લીધી ત્યારે મંદિર વિશેષ પ્રકાશમાં આવ્યું. તેઓ પાંચ લાખથી વધુ જૈન શિષ્યોની હાજરીમાં ભૂગર્ભ માળમાંથી, પહેલાં ક્યારેય ન જોયેલી, અમૂલ્ય રત્નના પથ્થરોથી બનેલી જૈન મૂર્તિ લાવ્યા. તેમણે દાવો કર્યો હતો કે તેમને સર્પના રૂપમાં ઘણા યક્ષ મળ્યા હતા જેઓ આ અમૂલ્ય મૂર્તિઓનું રક્ષણ કરવા માટે ત્યાં હાજર હતા અને સામાન્ય લોકો રક્ષક દેવતાઓની પરવાનગી લીધા વિના ભૂગર્ભમાં પ્રવેશ કરી શકતા નથી. મૂર્તિ લાવવા અને તેને પાછી રાખવાની પ્રક્રિયા વિવિધ ટીવી ચેનલો પર લાઇવ પ્રસારિત કરવામાં આવી હતી અને મીડિયા દ્વારા તેનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવ્યો હતો. સ્વયં આચાર્ય સુધા સાગરજી દ્વારા કહેવાયું છે તેમ પૂજ્ય શાંતિ સાગર મહારાજને સ્વપ્નમાં ભૂતલમાં રહેલી અમૂલ્ય મૂર્તિઓની સૌપ્રથમ જાણ થઇ હતી.

જોકે પાંચમા તળથી નીચે હજી સુધી કોઈ જઈ શક્યું નથી, એ પણ એક રહસ્ય જ છે. આ કિંમતી રત્નોની મૂર્તિઓ ન જાણે કેટલાય લાંબા કાળનો ઇતિહાસ પોતાની સાથે લઈને ત્યાં સચવાયેલી હશે. કેવો તેમનો ચમત્કાર કે કોઈ સાધારણ મનુષ્ય તેના સુધી પહોંચી ન શકે. આ અદ્‌ભુત અને અકલ્પનીય મંદિર જો સાધુઓ માટે મોટું શ્રદ્ધાસ્થાન હોય તો આપણા જેવા સામાન્ય લોકો માટે તે તીર્થ જ હોય તે કહેવાની જરૂર નથી. ■

# દિવાળી ટાણે રાજ્યના હવામાનમાં પલટો આવશે, ચાર જિલ્લામાં વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત દેશભરમાંથી દક્ષિણ-પશ્ચિમના ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લઈ લીધી છે. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ, દિવાળીના તહેવારોમાં રાજ્યના હવામાનમાં પલટો આવશે અને રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૯થી ૨૩ ઓક્ટોબર સુધી વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. મહત્ત્વનું છે કે, અરબી સમુદ્રમાં બનેલી સિસ્ટમ મજબૂત બનતા લો પ્રેશર એરિયા બની ગયો છે. તે મજબૂત બનીને ડિપ્રેશન બનશે, પરંતુ સિસ્ટમ ગુજરાત તરફ આવવાની નથી. જેથી તેની વધુ અસર થવાની નથી.

હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં ૧૯થી ૨૩ ઓક્ટોબર દરમિયાન ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. આ વરસાદને કારણે ખેડૂતોના ડાંગર સહિતના પાકને નુકસાન થવાનો ભય છે. દરમિયાન, ૨૦, ૨૧ અને ૨૨ તારીખે પણ વરસાદની વધુ સંભાવના રહેશે. રાજ્યના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. આગામી સાત દિવસ મહત્તમ અને ન્યૂનતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય.

બંગાળની ખાડીમાં બનેલી આ સિસ્ટમ અરબ સાગરમાં પ્રવેશ્યા બાદ વધારે મજબૂત બનશે, અરબ સાગરમાં આ સિસ્ટમને કારણે તોફાની વાતાવરણ સર્જાશે, જેના કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત, પશ્ચિમ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ હળવી અસર જોવા મળશે અને વરસાદ વરસવાની પણ સંભાવના છે. આટલું જ નહીં આગળ વધતા આ સિસ્ટમની અસર રાજસ્થાનના કેટલાક ભાગોમાં જોવા મળવાની સંભાવના છે. ■

# સુરતમાં ગુજરાત ગેસ કંપનીના સીએનજીનો પુરવઠો ખોરવાતા હાહાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં દિવાળીના તહેવાર ટાણે જ ગુજરાત ગેસ કંપની દ્વારા પૂરો પડાતો સીએનજી (કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) નો પુરવઠો ખોરવાઈ જતાં શહેરના વાહનચાલકોની હાલાકી વધી હતી. ગુજરાત ગેસ કંપનીની પાઇપલાઇનમાં ટેક્નિકલ ખામી સર્જાવાને કારણે શહેરના મોટા ભાગના સીએનજી પંપોને ગેસ મળતો બંધ થઈ ગયો હતો, જેના કારણે પંપો બંધ કરવાની ફરજ પડી હતી. ગેસ કંપનીના પાઇપલાઇનમાં આવેલી આ ટેક્નિકલ ખામીને કારણે સુરત શહેરના ઘણા વિસ્તારોમાં સીએનજી પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

દિવાળીના તહેવારમાં મોટી સંખ્યામાં લોકો પોતાના વતન જવા માટે કે ખરીદી માટે બહાર નીકળ્યા હોય તેવા સમયે જ આ પુરવઠો ખોરવાતા રિક્ષાચાલકો, કેબ ડ્રાઇવરો અને ખાનગી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કર્યો હતો. લોકોએ ગેસ પુરાવવા માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. ગુજરાત ગેસ કંપની દ્વારા તાત્કાલિક ધોરણે ખામી દૂર કરવા માટે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ■

# કૉલેજના ૨૦૦ જેટલા એડહોક પ્રોફેસરને છૂટા કરવા નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની સરકારી ઇજનેરી અને પોલિટેકનિક કોલેજના એડહોક અને કરાર આધારિત પ્રોફેસર અને લેક્ચરરને દિવાળી ટાણે જ શો કોઝ નોટિસ આપવામાં આવી હતી. ટેક્નિકલ શિક્ષણ વિભાગની કચેરી દ્વારા ૨૦૦ જેટલા પ્રોફેસરોને છૂટા કરવા માટે નોટિસ આપવામાં આવતા તેમને તેમની હાલત કફોડી બની છે. ૨૦૦ જેટલા પ્રોફેસરો પાસેથી જવાબ લઈને તેમને નોકરીમાંથી છૂટા કરવાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. આ પ્રોફેસર દ્વારા મુખ્ય પ્રધાન અને શિક્ષણ પ્રધાનને વહેલી તકે નોકરીમાંથી છૂટા કરવાનો ઓર્ડર રદ કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી ઇજનેરી અને પોલિટેક્નિક કોલેજમાં ૧૯૯૮થી એડહોક આધારિત અને ૨૦૦૮થી કરાર આધારિત પ્રોફેસર અને લેક્ચરરની નિમણૂક કરવામાં આવી હતી.

આ પ્રોફેસર અને લેક્ચરર અત્યારે જે કાયમી પ્રોફેસર છે તેના જેટલું જ કામ કરી રહ્યા છે. અમુક છેલ્લા ૩૦થી વર્ષ કરતા વધુ સમયથી નોકરી કરી રહ્યા છે. જો હવે આ એડહોક અને કરાર આધારિત પ્રોફેસર અને લેક્ચરરને છૂટા કરવામાં આવશે તો બીજે ક્યાંય નોકરી પણ નહીં મળે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ■

# સાબરકાંઠાના મજરામાં જૂથ અથડામણમાં બેદરકારી મુદ્દે પ્રાંતિજ પીઆઈ સસ્પેન્ડ, પાંચ પીઆઈ અને ત્રણ પીએસઆઈની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠા જિલ્લાના મજરા ગામમાં જૂથ અથડામણમાં બેદરકારી મામલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (પીઆઈ) રશ્મિન દેસાઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ આદેશ જિલ્લા સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (એસપી) પાર્થરાજસિંહ ગોહિલે કર્યો હતો. પીઆઈ રશ્મિન દેસાઈ પર આ મુદ્દે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી ન કરવાનો આરોપ છે, જેનાથી વિસ્તારની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા પર પ્રશ્નચિહ્નો ઊભા થયા હતા. એસપી પાર્થરાજસિંહ ગોહિલે આ બેદરકારીને ગંભીરતાપૂર્વક લઈને તાત્કાલિક સસ્પેન્શનનો આદેશ આપ્યો હતો. તે ઉપરાંત જાહેરહિતમાં સાબરકાંઠા જિલ્લામાં ૫ પોલીસ ઇન્સ્પેક્ટર (પીઆઈ) અને ૩ પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (પીએસઆઈ)ની બદલી કરવામાં આવી હતી.

જે ૫ પીઆઈની બદલીના પણ આદેશો કરાયા હતા. તેમાં ખેરોજ, જાદર, એ ડિવિઝન અને ચિઠોડા પોલીસ સ્ટેશનના પીઆઈનો સમાવેશ થાય છે. તથા ૩ પીએસઆઈની બદલી કરવામાં આવી હતી. તેમાં હિંમતનગર જિલ્લા ટ્રાફિક, તલોદ અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈનો સમાવેશ થાય છે.

આ મામલે મળતી વિગતો મુજબ, આ ઘર્ષણ થાય તે પહેલાં જ પોલીસ મથકે લેખિતમાં જાણ કરવામાં આવી હતી. તેમ છતાં પીઆઈ રશ્મિન દેસાઈ દ્વારા કોઈપણ આગોતરા પગલાં લેવામાં આવ્યાં નહોતાં. જૂથો વચ્ચે ઘર્ષણ ન થાય તે માટે ત્રણ દિવસ અગાઉ જ પોલીસ મથકમાં લેખિતમાં જાણ કરવામાં આવી હતી. તેમ છતાં પીઆઈ દેસાઈ દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને નજર અંદાજ કરવામાં આવી હતી અને કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. સસ્પેન્શનની તાત્કાલિક અસરને કારણે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના નવા પ્રતિનિધિ તરીકે પીઆઈ એન.આર. ઉમટને ચાર્જ સોંપવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામમાં શુક્રવારે (૧૮ ઓક્ટોબર) રાત્રે એક ધાર્મિક કાર્યક્રમને લઈને જૂની અદાવતમાં બે જૂથો વચ્ચે ઉગ્ર અથડામણ થતાં હિંસા ફાટી નીકળી હતી. નજીવી બાબતે શરૂ થયેલો આ વિવાદ જોતજોતામાં પથ્થરમારા અને હુમલામાં ફેરવાઈ ગયો હતો. આ હિંસક અથડામણમાં લગભગ ૨૦ જેટલા ગ્રામજનોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસ રાત્રે જ ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલો થાળે પાડ્યો હતો. ■

# અમદાવાદના પાલડીના જૈન દેરાસરમાં ₹ ૧.૬૪ કરોડની ચોરીનો ભેદ ઉકેલાયો, પૂજારી અને સફાઈકર્મી સહિત પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના પાલડી વિસ્તારમાં આવેલા શ્રી લક્ષ્મીવર્ધક જૈન દેરાસરમાં થયેલી રૂ. ૧.૬૪ કરોડની કિંમતી ચાંદીની ચોરીની ઘટનાને પગલે જૈન સમુદાયમાં રોષ વ્યાપ્યો હતો. જો કે શહેર ક્રાઈમ બ્રાન્ચે ત્વરિત કાર્યવાહી કરીને આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આ ચોરીમાં સંડોવાયેલા દેરાસરના પૂજારી, સફાઈ કર્મચારી દંપતી સહિત કુલ પાંચ આરોપીઓની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ચોરીનો મોટાભાગનો મુદ્દામાલ પણ જપ્ત કરી લેવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું હતું કે આ ચોરીનો મુખ્ય સૂત્રધાર જૈન દેરાસરમાં છેલ્લા ૧૫ વર્ષથી પૂજારી તરીકે સેવા આપતો મેહુલસિંહ હરીસિંહ રાઠોડ (ઉં.વ. ૪૩) છે. મેહુલે દેરાસરના સફાઈ કર્મચારી કિરણ નૈનાભાઈ વાઘરી અને તેની પત્ની પુરી ઉર્ફે હેતલ વાઘરીની મદદથી આ ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી થયેલા સામાનમાં આશરે ૧૧૭.૩૩૬ કિલોગ્રામ ચાંદીના મુગટ, આંગી (ભગવાનના વાઘા), કુંડળ અને અન્ય ઉપકરણોનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત લગભગ રૂ. ૧,૬૪,૧૧,૨૪૦/- છે.

ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ એનાલિસિસ અને ગુપ્ત માહિતીના આધારે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. પેટ્રોલિંગ દરમિયાન ટીમને એન.આઈ.ડી. સર્કલ ખાતે માહિતી મળી કે ગુનાના મુખ્ય આરોપીઓ મેહુલ રાઠોડ અને કિરણ વાઘરી બોલેરો પીકઅપ લઈને ઊભા છે. ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક સ્થળ પર પહોંચી બંનેની ધરપકડ કરી હતી. તેમની બોલેરો પીકઅપની તપાસ કરતાં તેમાંથી ભગવાનની આંગી, કુંડળ અને મુગટના કટિંગ કરેલા અવશેષો, કટર તેમ જ તાજેતરમાં ચાંદીના અવશેષો વેચીને મેળવેલી રોકડ રકમ મળી આવી હતી.

પૂછપરછ દરમિયાન મેહુલ રાઠોડે કબૂલાત કરી હતી કે, લગભગ અઢી વર્ષ પહેલાં ટ્રસ્ટીઓની સૂચના મુજબ મૂર્તિઓની પાછળનું જડતર ઉતારીને દેરાસરના ભોંયરામાં મૂકવામાં આવ્યું હતું. આ ભોંયરામાં મેહુલની અવરજવર હોવાથી તેને કિંમતી ચાંદીના ભાગોની જાણ હતી. તે છેલ્લા બે વર્ષથી આ ચાંદીના ભાગો કટર વડે કટિંગ કરીને રોનક સુબોધચંદ્ર શાહ અને સંજય પ્રવીણભાઈ જાગરિયાને વેચી દેતો હતો. જડતરના ભાગો પૂરા થઈ ગયા બાદ તેણે ભગવાન શીતલનાથ અને વાસુપૂજ્ય સ્વામીના કુંડળ, મુગટ અને આંગીના અવશેષો પણ ચોરી કરીને કટિંગ કર્યા હતા.

મેહુલની કબૂલાત બાદ ક્રાઈમ બ્રાન્ચે બે અલગ ટીમ બનાવીને રોનક શાહ અને સંજય જાગરિયાની પણ ધરપકડ કરી હતી. તેમના ઘરેથી ચોરીની ચાંદીનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે આ રીતે કુલ ૪૮.૦૫૬ કિલોગ્રામ ચાંદી (કિંમત રૂપિયા ૪૯,૦૧,૭૦૦/-) અને રૂપિયા ૭૯,૦૦૦/- રોકડ રકમ રિકવર કરી હતી. કબજે કરેલા મુદ્દામાલમાં ચાંદી, રોકડ, ૪ મોબાઈલ ફોન અને બોલેરો પીકઅપ સહિત કુલ રૂપિયા ૭૨,૮૭,૪૦૦/- નો મુદ્દામાલ સામેલ છે, જેના આધારે કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# અમદાવાદના ગોતા અને ઈસનપુરમાં ૧૩૦ કરોડના ખર્ચે ૭૩૩ એલઆઈજી આવાસોનું નિર્માણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર મનપા દ્વારા ઓછી આવક ધરાવતા વર્ગ (એલઆઈજી)ના નાગરિકોને આધુનિક અને તમામ સુવિધાઓથી સજ્જ આવાસ પૂરા પાડવા માટે એક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી. મનપા કુલ રૂપિયા ૧૩૦ કરોડ, ૨૮ લાખના જંગી ખર્ચે શહેરના બે મુખ્ય વિસ્તાર ગોતા અને ઈસનપુરમાં ૭૩૩ એલઆઈજી આવાસોનું નિર્માણ કરશે. આ અંગેની દરખાસ્તને મ્યુનિસિપલ હાઉસિંગ કમિટીએ મંજૂર કરી હતી અને હવે ટૂંક સમયમાં જ તેને સ્ટેન્ડિંગ કમિટીમાં અંતિમ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

મનપાની આ મહત્ત્વાકાંક્ષી યોજના 'ફેઝ-૩' હેઠળ લગભગ ૧,૦૦૦ એલઆઈજી મકાનો બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. હાલમાં મંજૂર થયેલા ૭૩૩ આવાસ અંગે જાણવા મળેલી વિગતો મુજબ ગોતા વોર્ડ (છારોડી-ત્રાગડ): ફેઝ-૩, પેકેજ-૧૬ હેઠળ રૂપિયા ૭૫ કરોડના ખર્ચે ૪૨૦ એલઆઈજી આવાસનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ટીપી - ૩૬, એફપી- ૧૬૦માં ૯,૬૨૪ ચો.મી.ના વિશાળ પ્લોટ પર આકાર લેશે.

તે જ રીતે ઈસનપુરમાં દક્ષિણ ઝોનમાં ફેઝ-૩, પેકેજ-૧૯ હેઠળ રૂપિયા ૫૫ કરોડ, ૨૮ લાખના ખર્ચે ૩૧૩ એલઆઈજી આવાસ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ ઈસનપુર ચોકડી પાસે ટીપી-૫૫, એફપી- ૧૭૩માં ૭,૧૬૮ ચો.મીના પ્લોટમાં આકાર લેશે.

આ તમામ ૭૩૩ એલઆઈજી આવાસનું બાંધકામ ૧૦ અને ૧૨ માળના હાઈરાઈઝ ટાવરોમાં કરવામાં આવશે, જેમાં બેઝમેન્ટ પાર્કિંગની સુવિધા પણ સામેલ છે. દરેક ફ્લેટ ૬૧ ચો. મી.નો કાર્પેટ એરિયા ધરાવતો હશે અને તેમાં લિવિંગરૂમ, રસોડું, બે બેડરૂમ અને એક સ્ટડી રૂમ સહિતની વ્યવસ્થા હશે. સમગ્ર પ્રોજેક્ટમાં કુલ ૮૧૧ ફોર વ્હિલર અને ૧૦૧૩ ટુ-વ્હિલર પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાશે. એકલા ઈસનપુરમાં જ ૩૧૩ ફોર વ્હિલર અને ૪૧૦ ટુ-વ્હિલર પાર્કિંગની વ્યવસ્થા હશે.

તે ઉપરાંત સોસાયટીમાં બાળકો માટે ચિલ્ડ્રન પ્લે એરિયા, કોમન પ્લોટ, સોસાયટીની ઑફિસ અને કોમ્યુનિટી હોલનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ■

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ટૅક્સની આવક ₹ ૧૫૩૩ કરોડના આંકને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોપર્ટી ટૅક્સ સતિ તમામ ટૅક્સની આવક રૂપિયા ૧૫૩૩ કરોડના આંકને વટાવી ગઈ હતી. વર્ષ દરમિયાન ૬૧ ટકા કરદાતાઓએ તેમનો પ્રોપર્ટી ટૅક્સ ઓનલાઈન ભરપાઈ કર્યો છે. વર્ષ-૨૦૨૫-૨૬માં ૧૭ ઑક્ટોબર સુધીમાં પ્રોપર્ટી ટૅક્સની આવક રૂપિયા ૧૨૪૦ કરોડ ઉપર પહોંચી છે. પહેલી એપ્રિલથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં કોર્પોરેશનની આવકના મુખ્ય સ્તોત્ર મનાતા મિલકત વેરાની ૭૧.૦૯ ટકા આવક અત્યાર સુધીમાં થઈ ગઈ છે. પ્રોફેશનલ ટૅક્સની રૂ. ૧૫૩.૩૮ ટકા એટલે કે ૫૬.૭૮ ટકા આવક થવા પામી છે. વ્હિકલ ટૅક્સની રૂપિયા ૧૨૪.૪૯ કરોડ એટલે કે ૫૭.૫૧ ટકા આવક થઈ ગઈ છે. કોર્પોરેશન દ્વારા લાંબા સમયથી મિલકતવેરો ભરપાઈ નહીં કરનારા કરદાતાઓની મિલકત સીલ કરવા, ટાંચમાં લેવા ઉપરાંત હરાજી કરવા સુધીની પ્રક્રિયા હાથ ધરવામા આવે છે.શહેરના સાત ઝોનમાં છેલ્લા બે મહિનાના સમયમાં બાકી મિલકતવેરો ભરપાઈ નહીં કરનારા કરદાતાઓની કુલ ૭૯ મિલકતની હરાજી હાથ ધરવામા આવી હતી. આ પૈકી ૧૬ મિલકતધારકોએ હરાજી પ્રક્રિયા પહેલા જ તેમનો બાકી મિલકતવેરો ભરપાઈ કર્યો હતો. ૬૧ મિલકત માટે હરાજી પ્રક્રિયા પૂરી કરાઈ હતી. કોર્પોરેશનને હરાજી પ્રક્રિયાથી રૂપિયા ૪૯.૩૬ કરોડની આવક થઈ હતી. જયારે બાકી મિલકતવેરા પૈકી રૂપિયા ૧૮૮.૪૬ કરોડની રકમ રિકવર કરવામાં આવી હતી. ■

# પુત્ર-પુત્રવધૂની અમેરિકા જવાની ઈચ્છા ખેડૂતપિતાને ભારે પડી

અમદાવાદ: ગુજરાતમાં ફરી વિદેશ લઈ જવાની લાલચ આપી એક ખેડૂતની છેતરામણી કર્યાનો કિસ્સો બહાર આવ્યો હતો. ગાંધીનગરના સરઢવ ગામના એક ખેડૂતે પોલીસ સ્ટેશને નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમના પુત્ર અને પુત્રવધૂને અમેરિકા મોકલવાની લાલચ આપી રૂ. ૪૦ લાખની છેતરપિંડી કરી છે. આ માટે તેમણે ચાર જણ સામે ફરિયાદ નોંધાવી છે.

તેમની ફરિયાદ અનુસાર તેમના ૨૫ વર્ષીય પુત્રની ઈચ્છા અમેરિકા જઈ સેટલ થવાની હતી. મે, ૨૦૨૪માં સરઢવ ગામમાં એક એજન્ટ પુત્રને મળ્યો હતો અને કોઈપણ જાતના ગેરકાયદે કામ કર્યા વિના તેઓ તેને અમેરિકા મોકલી શકે તેમ છે અને ત્યાં સારી નોકરી પણ અપાવી શકે તેમ છે, તેમ કહ્યું હતું. ત્યારબાદ આ ચારેય તેમના ઘરે પણ આવ્યા હતા. તેમણે પુત્ર અને પુત્રવધૂ બન્નેને વિદેશ મોકલવા માટે રૂ. ૧.૨ કરોડની માગણી પણ કરી હતી, જેમાંથી રૂ. ૬૦ લાખ પહેલા અને બાકીના બન્ને અમેરિકા પહોંચી જાય પછી આપવાની વાત કરી હતી. આથી ફરિયાદીએ લોન અને બચત વગેરે એક કરી તેમને પૈસા આપ્યા હતા.

૨૧ મેના રોજ તેઓ તેમના ઘરે આવ્યા, રૂ. દસ લાખ લીધા અને તેમના પુત્ર અને પુત્રવધૂને પણ સાથે લઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે પહેલા તેઓ અહીંથી મુંબઈ જશે અને પછી ત્યાંથી ન્યૂ યોર્ક જશે. જોકે ખેડૂત પિતાના કહેવા અનુસાર તેમના પુત્ર અને પુત્રવધૂ થોડા દિવસ મુંબઈ રહ્યા, ત્યાંથી વિએટનામ અને ત્યાંથી થાઈલેન્ડ ગયા, પરંતુ અમેરિકા પહોંચ્યા નહીં. ■

# અમદાવાદમાં ઠેર ઠેર ઊભી થયેલી ફટાકડાની હાટડીઓ પાસે ફાયર વિભાગની મંજૂરી નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળી નિમિત્તે માત્ર અમદાવાદમાં જ નહીં, પણ દરેક નાના-મોટા શહેરોમાં ફટાકડાની કામચલાઉ દુકાનો ઊભી કરવામાં આવે છે. આ દુકાનોમાં મોટા જથ્થામાં દારૂગોળો ઉપલબ્ધ છે ત્યારે અહીં આગજનીના બનાવો જીવલેણ સાબિત થાય છે. આમ ન બને તે માટે ગૃહ વિભાગ દ્વારા ફટાકડાની દુકાનો માટે લાયસન્સ સમયે ફાયરસેફ્ટી વિભાગનો અભિપ્રાય અને મંજૂરી લેવા અંગે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. જોકે મળતી માહિતી અનુસાર ફાયર ડિપાર્ટમેન્ટમાં હંગામી અને કાયમી ધોરણે લાયસન્સ માટે માત્ર ૧૫ જેટલી અરજી જ આવી છે, ત્યારે બાકીની દુકાનો કે મંડપોમાં ફાયરસેફ્ટીની સ્થિતિ શું હશે તે સવાલ ઊભો થાય છે.

ફટાકડા માટે ઊભા કરાયેલા સ્ટોલમાં આગ અકસ્માતની ઘટના બને નહીં તેના માટે અને જ્યારે બનાવ બને તો ઝડપથી તેમાં કામગીરી માટે ફાયર સેફ્ટીને લઈને કાર્યવાહી કરવાની હોય છે. પરંતુ આ માટે ફાયર વિભાગના કોઈ અભિપ્રાય લેવાયા નથી. શહેરના ચાંદખેડા વિસ્તારમાં વાળીનાથ ચોકડી પાસે કલેકટર હસ્તગતના બે પ્લોટ આવેલા છે. બંને પ્લોટમાં ગેરકાયદેસર રીતે દબાણ કરી અને પાંચથી વધારે ફટાકડાના સ્ટોલ ઊભા કરી દેવામાં આવ્યા છે જેમાં કોઈ પણ પ્રકારનો ફાયર એનઓસીનો અભિપ્રાય કે કોઈ લાયસન્સ લેવામાં આવ્યું નથી. શહેરના માધુપુરા વિસ્તારમાં દિલ્હી દરવાજા પાસે પણ ઠેર ઠેર ફટાકડાની લારીઓ રોડ ઉપર ઉભી રાખી દેવામાં આવી છે. કેટલીક દુકાનો લાયસન્સ વાળી છે તો કેટલીક જગ્યાએ ફટાકડાના સ્ટોલ ગેરકાયદેસર રીતે મંજૂરી વિના ઊભા કરી દેવાયા છે. આ અંગે મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર ફાયર એનઓસીનું કામ તેમનું છે અને તે માટે તેમની પાસે લગભગ ૧૫ અરજી આવી છે જ્યારે ફટાકડા માટે લાયસન્સ આપવાનું કામ શહેર પોલીસે કરવાનું હોય છે. મીડિયા અહેવાલો અનુસાર અમુક વિસ્તારોમાં પોલીસ ખુદ અજાણ છે કે ક્યા કેટલી ફટકડાની દુકાનો ઊભી થઈ છે. ઘણા વિસ્તારોમાં મોટા પ્લોટમાં તો ક્યાંક બે-પાંચ ફટાકડાના સ્ટોલ ઊભા કરવામા આવ્યા છે. ફટાકડા વેચનારા અને તેમની પાસેથી ખરીદનારાની સુરક્ષાની જવાબદારી સ્થાનિક તંત્રોની હોય છે, પરંતુ કમનસીબે કોઈ અજુગતી ઘટના બને ત્યારે જ તંત્ર જાગતું હોય છે. ડીસામાં ફટાકડા બનાવતી ફેક્ટરીમાં આગ લાગવાના બનાવ બાદ જે સખત વલણ અપનાવવાની વાત થઈ હતી, તે માત્ર કાગળ પર રહી ગયું હોવાનું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે. આ અંગે પાલિકા કે પોલીસ અધિકારીઓનો સીધો સંપર્ક થઈ શક્યો નથી. ■

# આજથી બજારો-રસ્તાઓ સૂમસામ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, એરપોર્ટ છેલ્લી ઘડીએ ઊભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હિન્દુઓનો સૌથી મોટો ગણાતો તહેવાર દિવાળી શરૂ થઈ ગયો છે. ધનતેરસ અને કાળીચૌદશ બાદ દિવાળીથી બજારો મોટેભાગે લાભપાંચમ સુધી બંધ રહે છે અને લોકો વેકેશનમાં અથવા પોતાને ગામ જતા હોવાથી રસ્તાઓ પર ઓછી અવરજવર જોવા મળે છે. શનિ અને રવિવારે લોકોએ છેલ્લી ઘડીની ખરીદીઓ કરી હતી. બજારો ઘરસુશોભનની વસ્તુઓ, રંગોળીના રંગ તેમ જ ફૂલોથી ઊભરાયા હતા.

બીજી બાજુ પોતાને વતન જવા માટે એસટી બસ સ્ટોપ અને રેલવે સ્ટેશનો પર લોકોએ લાઈનો લગાવી હતી. સુરત, વડોદરા, અમદાવાદથી સૌરાષ્ટ્ર તરફ જતા લોકોનો ભારે ધસારો એસટી બસ સ્ટોપ પર જોવા મળતો હતો. એસટીની ફેરી વધારી હોવા છતાં લોકોની ભીડ હોવાથી ખાનગી ટ્રાવેલ્સવાળાએ બેફામ ટિકિટો વસૂલવાનું શરૂ કરી દીધું હોવાની ફરિયાદો પણ થઈ રહી હતી. મુસાફરોના કહેવા અનુસાર ટ્રાવેલ્સ ઑપરેટર અમદાવાદથી રાજકોટ માટે રૂ. ૨૦૦૦થી વધારે પૈસા ખંખેરી રહ્યા હતા. તો બીજી બાજુ રેલવે સ્ટેશનો પર પણ ભારે ભીડ જોવા મળી હતી. અમદાવાથી ઉત્તર પ્રદેશ તરફ જતા લોકોની ભીડ રેલવે પર દેખાતી હતી. રેલવેએ ક્રાઉડ કન્ટ્રોલ માટે ખાસ વ્યવસ્થા કરી હતી. જોકે માત્ર બસ અને ટ્રેન નહી, એરપોર્ટ પર પણ ભીડ ઊમટી પડી હતી. છેલ્લી ઘડીએ ટિકિટ ખરીદનારાઓએ અમદાવાદથી દિલ્હીના રૂ. ૨૫,૦૦૦ કરતા વધારે ખર્ચ્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે.

સરકારી કચેરીઓમાં ૨૬મી ઓક્ટોબર સુધી રજા છે, સાથે મોટાભાગના ખાનગી એકમોમાં પણ લાભપાચમ સુધીની રજાઓ જાહેર કરવામાં આવી છે. આથી આખું ગુજરાત દિવાળીની ઉજવણીમાં ગળાડૂબ રહેશે.■

# અમદાવાદમાં ફરી બાળકી સાથે દુષ્કર્મ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં ફરી બાળકી સાથે દુષ્કર્મની ઘટના બની છે. અહીંના વટવા વિસ્તારમાં આરોપીએ છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે બાળકીના માતા-પિતા દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

ઘટનાની મળતી માહિતી અંગે અમદાવાદના વટવા વિસ્તારમાંથી છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સ્કૂલે જઈ રહી હતી ત્યારે પડોશમાં રહેતા પ્રિન્સ નામના યુવકે તેને ફરવા લઈ જવાની અને સો રૂપિયા આપવાની લાલચ આપી હતી.

બાળકી તેની વાતમાં ભોળવાઈ જતા તે એક અવાવરૂ જગ્યાએ તેને લઈ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે બાળકીએ પરિવારને જણાવતા તેમણે સીધો પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો હેઠળ ફરિયાદ નોંધી હતી અને આરોપીની શોધખોળ શરૂ કરી દીધી હતી. આરોપી મૂળ ઉત્તર પ્રદેશનો હોવાની માહિતી મળી છે. ■

# લીકર મામલે રકઝક થતાં સુરતના ઉદ્યોગપતિ સહિત બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના જાણીતા ઉદ્યોગપતિ સમીર શાહના જન્મદિવસની ઉજવણી નિમિત્તે હોટેલ પાસેથી એક વાહનમાં લીકરના કેન મળી આવ્યા હતા. આ સંદર્ભમાં સુરત પોલીસે સમીર શાહ સહિત બેની ધરપકડ કરી હતી.

અલથાણ વિસ્તારમાં આવેલી હોટેલમાં ગુરુવારે ઉદ્યોગપતિનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. આ સમયે શાહના ૧૯ વર્ષીય પુત્રએ મિત્રો સાથે હોટેલની બહાર પડેલા વાહનમાં લીકર પીવાનું શરૂ કર્યું હતું. ખબર મળતા પોલીસની ટીમ આવી હતી અને તેમણે તેમનો લીકર પીતો વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. આથી તેમના પુત્રએ બહાર આવી પોલીસ સાથે ગેરવતર્ણૂક કરી હતી. દરમિયાન શાહ બહાર આવ્યા હતા અને મામલો થાળે પાડવાની કોશિશ કરી હતી. જોકે તેમણે પણ પોલીસને મારી ઉપર સુધી પહોંચ છે, તેવી ધમકી આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અહીં બે મહિલા પણ આવી હતી અને તેમણે પોલીસને યુવાનને બાળક સમજી જવા દેવાની વિનંતી કરી હતી. ■

# અમદાવાદના નારણપુરામાં બીઆરટીએસની તોડફોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ટ્રાફિકની સમસ્યા વકરતી જાય છે અને તેને લીધે અકસ્માતો પણ રોજબરોજ થઈ રહ્યા છે. આવી જ એક અકસ્માતની ઘટનામાં બીઆરટીએસ દ્વારા રાહદારીનો પગ કચડાઈ જતા લોકો વિફર્યા હતા અને બસમાં તોડફોડ કરી હતી. આ ઘટનામાં ડ્રાયવરને પણ લોકોએ માર મારતા મામલો પોલીસ સ્ટેશને ગયો હતો.

શહેરના નારણપુરા વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે બીઆરટીએસની બસનું ટાયર એક રાહદારીના પગ પર ફરી વળ્યું હતું. આ ઘટના બાદ ત્યાં હાજર લોકો વિફર્યા હતા અને બે શખ્સે લાકડી અને પાઈપ વડે બસમાં તોડફોડ કરી હતી અને ડ્રાયવરને પણ માર માર્યો હતો. ડ્રાયવરે આ અંગે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ડ્રાયવરના જણાવ્યા અનુસાર સાણંદ ચોકથી જયમંગલ સુધીની તેમની છેલ્લી ટ્રીપ દરમિયાન નારણપુરા બસ ડેપો ખાતે એક રાહદારીનો પગ બસના ટાયરમાં આવી જતા, મેં તરત જ બ્રેક મારી દીધી હતી, પણ બે જણ આવી ચડ્યા હતા અને મારી સાથે મારામારી કરી હતી, તેમ જ બસમાં પણ તોડફોડ કરી હતી.■

# વિરાટને બે યાદગાર ટેસ્ટ સેન્ચુરી બાદ પર્થ ન ફળ્યું

## પર્થ શહેરમાં ૪૨ વર્ષે પહેલી વાર વરસાદને લીધે વન-ડે ટૂંકાવવી પડી

પર્થઃ ભારતના બે બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી (૦) અને રોહિત શર્મા (આઠ રન) સાત મહિને પાછા આંતરરાષ્ટ્રીય મૅચ રમવા મેદાન પર ઊતર્યા, પર્થના ઑપ્ટસ સ્ટેડિયમમાં કુલ ૪૨,૪૨૩ પ્રેક્ષકો આ મૅચ જોવા આવ્યા હતા જેમાંના અસંખ્ય લોકોને રો-કો (રોહિત-કોહલી)ની ધમાકેદાર બૅટિંગ જોવી હતી, પરંતુ તેમની આશા પર પાણી ફરી વળ્યું અને છેવટે માર્ચની ચૅમ્પિયન્સ ટ્રોફીના વિજેતા તથા વર્લ્ડ નંબર-વન ભારતે પરાજય પણ જોવો પડ્યો. પર્થ શહેરમાં દાયકાઓથી વન-ડે મૅચો રમાય છે, પરંતુ આ વિશ્વ વિખ્યાત શહેરમાં વરસાદને કારણે વન-ડે ટૂંકાવી નાખવી પડી હોય એવું ૧૯૮૩ બાદ (૪૨ વર્ષે) પહેલી વાર બન્યું. વિરાટને પ્રેક્ષકોનું સ્ટૅન્ડિંગ ઑવેશન મળ્યું હતું. ૨૦૧૮માં પર્થના ઑપ્ટસ સ્ટેડિયમમાં તેણે ફટકારેલી સેન્ચુરી (૧૨૩) તેની યાદગાર સદીઓમાં ગણાય છે અને ગયા વર્ષે તેણે અંતિમ ટેસ્ટ સેન્ચુરી (૧૦૦ અણનમ) પણ આ જ મેદાન પર ફટકારી હતી, પણ રવિવારે તેને આ સ્ટેડિયમ ન ફળ્યું. ■

# ઑસ્ટ્રેલિયાના પ્રવાસની શરૂઆતમાં ભારતનો ફ્લૉપ-શોઃ આ રહ્યા પરાજયના ૧૧ કારણ




પર્થઃ વિરાટ કોહલી તથા રોહિત શર્મા તેમના કમબૅકને યાદગાર નથી બનાવી શક્યા અને તેમના સહિત ભારતની આખી બૅટિંગ લાઇન-અપ ફ્લૉપ ગઈ અને ઑસ્ટ્રેલિયાએ સિરીઝની પ્રથમ વન-ડેમાં આસાનીથી વિજય મેળવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી.

ભારતને પ્રથમ બૅટિંગ કરવાનું આમંત્રણ મળ્યું અને વરસાદનાં વિઘ્નો વચ્ચે ટીમની એકાગ્રતા ભંગ થઈ અને નિર્ધારિત ૨૬ ઓવરમાં ભારતીય ટીમ નવ વિકેટે ૧૩૬ રન બનાવી શકી હતી. મિચલ માર્શના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ૨૬ ઓવરમાં ૧૩૧ રન કરવાનો નવો જે લક્ષ્યાંક મળ્યો એ ૨૧.૧ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. હવે વન-ડે શ્રેણીની બીજી મૅચ ગુરુવાર, ૨૩મી ઑક્ટોબરે (સવારે ૯.૦૦ વાગ્યાથી) ઍડિલેઇડમાં રમાશે. ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન મિચલ માર્શ (૪૬ અણનમ, બાવન બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

### ભારતની પ્લેઇંગ-ઇલેવનની હારના ૧૧ કારણઃ

(૧) ભારતનો ટૉપ-ઑર્ડર ધરાશાયી થઈ ગયો હતો. ભારતે પહેલી ચાર વિકેટ ૫૦ રનમાં ગુમાવી દીધી હતી.

(૨) ભૂતપૂર્વ કૅપ્ટન રોહિત શર્મા ફક્ત ૧૩ બૉલનો સામનો કરી શક્યો અને ૧૪મા બૉલ પર આઠ રનના પોતાના સ્કોરે વિકેટ ગુમાવી બેઠો હતો.

(૩) બીજો ભૂતપૂર્વ સુકાની વિરાટ કોહલી માત્ર સાત બૉલનો સામનો કરી શક્યો અને આઠમા બૉલ પર ઝીરોમાં જ આઉટ થઈ ગયો હતો.

(૪) કૅપ્ટન તરીકે શુભમન ગિલની આ પહેલી જ વન-ડે હતી અને એમાં તેણે પરાજય તો જોયો, પણ એ પહેલાં તે બૅટિંગમાં પણ નિષ્ફળ ગયો. તેણે માત્ર ૧૦ રન કરીને વિકેટ ગુમાવી દીધી હતી.

(૫) શ્રેયસ ઐયર પર ભરોસો હતો, પણ તે માત્ર ૧૧ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

(૬) ટોચના બૅટ્સમેનો આઉટ થઈ ગયા એટલે બધો બોજ મિડલ-ઑર્ડર પર આવી ગયો હતો. કે. એલ. રાહુલ (૩૮ રન) અને અક્ષર પટેલ (૩૧ રન) વચ્ચે પાંચમી વિકેટ માટે ૩૯ રનની ભાગીદારી થઈ હતી, પણ ૮૪મા રને અક્ષરની વિકેટ પડવાની સાથે ધબડકો શરૂ થયો હતો અને ૩૩ બૉલમાં ભારતે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

(૭) બૅટસમેનો સારું ન રમ્યા એટલે બોલર્સ પર પ્રેશર આવી ગયું અને તેઓ સાધારણ લક્ષ્યાંકને ડિફેન્ડ નહોતા કરી શક્યા.


(૮) ભારતીય બૅટ્સમેનો પર્થના ઑપ્ટસ સ્ટેડિયમની બાઉન્સી પિચ પર પરેશાન થઈ ગયા હતા. મિચલ સ્ટાર્ક, નૅથન એલિસ અને જૉશ હૅઝલવૂડની પેસ-ત્રિપુટીએ પર્થની પિચનો ફાયદો ઉઠાવ્યો હતો. તેમની શૉર્ટ-પિચ બોલિંગે ભારતીય બૅટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા.

(૯) વરસાદ વારંવાર પડતાં ભારતીય ટીમનો પ્લાન ખોરવાઈ જતો હતો. જો ૫૦-૫૦ ઓવરની મૅચ હોત તો એ પ્રમાણે શુભમન ગિલની ટીમે યોજના બનાવી હોત. ઓવર ઓછી થતાં ભારતે રણનીતિમાં ફેરફાર કરવો પડ્યો હતો.

(૧૦) ટૉસ પણ મહત્ત્વનો બની ગયો હતો. ગિલ કુલ સાતમાંથી છ ટેસ્ટ મૅચમાં ટૉસ હાર્યો અને હવે વન-ડેમાં પણ ટૉસ ન જીતી શક્યો. વરસાદના માહોલમાં પ્રથમ ફીલ્ડિંગ કરનારી ટીમને ફાયદો થતો હોય છે અને આ કિસ્સામાં ઑસ્ટ્રેલિયાને એનો ફાયદો થયો હતો.

(૧૧) ભારતની બોલિંગ પણ જોઈએ એવી અસરદાર નહોતી. ટ્રેવિસ હેડ (આઠ રન)ની વિકેટ વહેલી મળી, પણ સાથી-ઓપનર મિચલ માર્શ (૪૬ અણનમ)ની વિકેટ ભારતીય બોલરો નહોતા લઈ શક્યા. જૉશ ફિલિપ (૩૭ રન)ની માર્શ સાથેની પંચાવન રનની ભાગીદારી મૅચ-વિનિંગ નીવડી હતી. ■

# કૅપ્ટન તરીકે ગિલ ત્રણેય ફૉર્મેટની પ્રથમ મૅચમાં પરાજિતઃ જાણો, કોની હરોળમાં આવી ગયો




પર્થઃ શુભમન ગિલને ટેસ્ટ બાદ હવે વન-ડેના ફૉર્મેટમાં પણ ભારતીય ટીમનો કૅપ્ટન બનાવવામાં આવ્યો છે અને કહેવાય છે કે ધીમે-ધીમે તેને ટી-૨૦ ટીમનું પણ નેતૃત્વ સોંપાશે એટલે તે ભારતનો ત્રણેય ફૉર્મેટનો કૅપ્ટન બની જશે, પરંતુ એ થવાનું હશે ત્યારે હાલમાં સ્થિતિ એવી છે કે તેણે રવિવારે એક નકારાત્મક વિક્રમ પોતાના નામે કર્યો હતો. કૅપ્ટન તરીકે ત્રણેય ફૉર્મેટની પ્રથમ મૅચમાં તેણે પરાજય જોયો છે. તે આ બૅડ-લિસ્ટમાં સામેલ થનારો નવમો અનલકી કૅપ્ટન છે.

તમને થતું હશે કે ટી-૨૦માં તેણે ક્યારે ભારતનું સુકાન સંભાળ્યું હતું? વાત એવી છે કે જુલાઈ. ૨૦૨૪માં હરારેમાં ઝિમ્બાબ્વે સામેની ટી-૨૦ કૅપ્ટન તરીકે ગિલની પહેલી જ ટી-૨૦ મૅચ હતી અને એમાં ભારતનો ૧૩ રનથી પરાજય થયો હતો.

જૂન, ૨૦૨૫માં લીડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ સુકાની તરીકે ગિલની પહેલી ટેસ્ટ હતી જેમાં ખુદ ગિલે પહેલા દાવમાં ૧૪૭ રન કર્યા છતાં ભારતનો પાંચ વિકેટે પરાજય થયો હતો.

રવિવારે વન-ડેના કૅપ્ટન તરીકે ગિલની પહેલી મૅચ હતી, જેમાં ભારતનો ઑસ્ટ્રેલિયા સામે સાત વિકેટે પરાજય થયો.

કૅપ્ટન તરીકે ત્રણેય ફૉર્મેટમાં પ્રથમ મૅચમાં પરાજય જોનાર ગિલની અગાઉના આઠ ખેલાડીમાં સ્ટીફન ફ્લેમિંગ, શૉન પોલૉક, તિલકરત્ને દિલશાન, બ્રેન્ડન મૅક્લમ, હૅમિલ્ટન માસાકાદ્ઝા, વિરાટ કોહલી, મોહમ્મદ રિઝવાન તથા જેસન હોલ્ડરનો સમાવેશ છે. ■

# ૧૬ વર્ષની તન્વીએ બૅડ્મિન્ટનમાં ભારતને ૧૭ વર્ષ પછીનો પ્રથમ વર્લ્ડ મેડલ અપાવ્યો



ગુવાહાટીઃ ૧૬ વર્ષની બૅડમિન્ટન ખેલાડી તન્વી શર્મા વર્લ્ડ જુનિયરમાં ગોલ્ડ તો ચૂકી ગઈ, પરંતુ તેણે સિલ્વર જીતીને ભારતને મોટી સિદ્ધિ અપાવી હતી. ભારત ૧૭ વર્ષે બૅડમિન્ટનની આ જુનિયર વિશ્વ સ્પર્ધામાં ચંદ્રક જીત્યું છે. તન્વી શર્મા આ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચનાર સાઇના અને અપર્ણા પોપટ પછીની ત્રીજી ભારતીય મહિલા ખેલાડી બની હતી. ફાઇનલમાં તન્વીનો થાઇલૅન્ડની અન્યાપત સામે ૭-૧૫, ૧૨-૧૫થી પરાભવ થયો હતો. ■

# મહિલા વર્લ્ડ કપઃ જોરદાર લડત છતાં ભારત હાર્યું

ઇન્દોરઃ હરમનપ્રીત કૌર (૭૦ રન, ૭૦ બૉલ, ૧૦ ફોર)ના સુકાનમાં વિમેન ઇન બ્લુએ અહીં વન-ડે વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડને જોરદાર લડત આપી હતી, પણ છેવટે દિલધડક મુકાબલામાં ભારતનો માત્ર ચાર રનના તફાવતથી પરાજય થયો હતો. ઇંગ્લૅન્ડ સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે. ભારતીય ટીમ ૨૮૯ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૮૪ રન કરી શકી હતી. વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૮૮ રન, ૯૪ બૉલ, આઠ ફોર) અને દીપ્તિ શર્મા (૫૦ રન, ૫૭ બૉલ, પાંચ ફોર)ની ફટકાબાજી સહિતની બધી મહેનત પાણીમાં ગઈ હતી.

એ પહેલાં, ઇંગ્લૅન્ડની ટીમે ટૉસ જીતીને બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૮૮ રન કર્યા હતા. મિડલ-ઑર્ડરની બૅટર હીધર નાઇટે ૧૦૯ રન અને વિકેટકીપર ઍમી જોન્સે ૫૬ રન કર્યા હતા. બ્રિટિશ ટીમની આઠમાંથી ચાર વિકેટ સ્પિનર દીપ્તિ શર્માએ તથા બે વિકેટ બીજી સ્પિનર શ્રી ચરનીએ લીધી હતી. સેમિ ફાઇનલમાં પહોંચવા ભારત સામે પડકારો વધી ગયા છે. ભારતે હવે ન્યૂ ઝીલૅન્ડ અને બાંગ્લાદેશ સામે જીતવું જ પડશે. ■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી


**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૮. શુભ પ્રસંગો માટે

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**


આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મુંબઈના નામાંકિત
છેલ્લા ૯૦ વર્ષથી આપની સેવામાં
Mohanlal S Mithaiwala®
સ્થાપના 1936
MUMBAI • AHMEDABAD
HALWA • MITHAI • NAMKEEN ©



મોહનલાલ એસ મીઠાઈવાલાની અધિકૃત મીઠાઈઓ માત્ર નીચેની શાખાઓમાં જ મળે છે.
આ શાખાઓ સિવાય અમારી કોઈ દુકાનો નથી. નકલખોરોથી સાવધાન.
® ટ્રેડમાર્ક, © કોપીરાઈટ જોઈને જ માલ ખરીદવો.
H.O.: 271/273, Zaveri Bazar, Mumbai- 2.
Tel.: 23439944, 23410374 * E-mail: msmzaveribazar@gmail.com
BRANCHES
- 45, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22410955, 22411268
- 399, Grant Road, Mumbai - 7. Tel.: 23824031, 23871167
- 95, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22412526
- 23, Goyal Shopping Arcade, L. T. Road, Borivali (West), Mumbai - 92. Tel.: 28936012
- Dharam Pram Co-Op. Society Ltd., Shop No. 12/12A, Nehru Road, Vile Parle (East), Mumbai- 57. Tel.: 26189776, 8767331123
- G-1, Golden Triangle, Near Sardar Patel Stadium, Navrangpura, Ahmedabad - 14. Tel.: 26421133
- 4. Mahalaxmi Corner, Opp. Sardar Patel Hospital, Rambaug, Maninagar, Ahmedabad- 8. Tel.: 25463300

Available On zomato & SWIGGY Also.
અમારી ઘાટકોપર, વિલે પાર્લે પશ્ચિમ અને ભાયંદરમાં કોઈ શાખા નથી.
અમારી બોરીવલી, વિલે પાર્લે પૂર્વ અને અમદાવાદની બન્ને શાખાઓ દર રવિવારે ખુલ્લી રહેશે.
(૩૮૩-ડી)


### ૯. લગ્ન સંબંધી

■ મુંબઈનાં / NRI નાં બાયોડેટાઓ મેળવવા રજીસ્ટ્રેશન રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૩૦)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્કઃ પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૨૯૦૮)**

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી ઈસ્ટ**
ભાડેથી (60) ટુ બેડ ફુલ્લી ફર્નિશ્ડ હાઈવે નજીક (લીફ્ટ/પાર્કિંગ) ગંગર - 8080524858. (બી-૧૬૬૫૨)

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

**જુહુ-3 બેડ**
**1000' - 1100' - 1240' - 1400' નવા બિલ્ડિંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 Cr.) અનિલભાઈ 9004900290. (૩૮૭/એ)**

**પાર્લા-3 બેડ**
**1000' - 1150' - 1240' નવા બિલ્ડિંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 Cr.) અનિલભાઈ 9004900290. (૩૮૭/બી)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''શ્રીજી જ્યોતિષ''**
અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

**''સુદર્શન જ્યોતિષ''**
સમસ્યાઓનું સમાધાન. જન્માક્ષર ગૃહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રુકાવટ, સૌતન-ત્રાશ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093 વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

### ૫૨. કુરીઅર્સ

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**
એક્સપ્રેસ કુરિયર કંપનીઃ અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ, દિવાળી ફરાળ, કપડાં, હોમ ડિલિવરી સેવા પિકઅપઃ 7738371832 (બી-૧૬૬૦૫)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૬૪૦)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## સિટી ન્યૂઝ

# જૈન ટ્રસ્ટની મિલકત વેચાણ કેસમાં કેન્દ્રીય પ્રધાને તેમના પરના આરોપોને ફગાવ્યા

પુણેઃ કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોલે રવિવારે તેમની સામે પુણેમાં જૈન ટ્રસ્ટની મિલકતના વેચાણ અંગેના આક્ષેપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે ''જ્યારે આ સોદો નક્કી થયો હતો ત્યારે તેઓ બિલ્ડર સાથે સંકળાયેલા નહોતા.''

ખેડૂત નેતા અને ભૂતપૂર્વ સાંસદ રાજુ શેટ્ટીએ આરોપ લગાવ્યો છે કે પુણેના ભાજપના સાંસદ મોહોલ, સેઠ હીરાચંદ નેમચંદ જૈન દિગંબર બોર્ડિંગની માલિકીની એક પ્રાઇમ પ્રોપર્ટીના ખાનગી બિલ્ડરને પ્રસ્તાવિત વેચાણના મામલામાં સંડોવાયેલા હતા.

મૉડેલ કોલોનીમાં આવેલી આ ભવ્ય મિલકત, જે લગભગ ૧૨,૦૦૦ ચોરસ મીટર (૩.૫ એકર)માં ફેલાયેલી છે, તેમાં ઘણા દાયકાઓ જૂની જૈન બોર્ડિંગ સુવિધા અને શ્રી ભગવાન મહાવીર દિગંબર જૈન દેરાસર છે, બંને ૧૯૫૮માં સ્થાપિત ચેરિટેબલ ટ્રસ્ટ, શેઠ હીરાચંદ નેમચંદ સ્મારક ટ્રસ્ટનો ભાગ છે અને પુણે સ્થિત ગોખલે કન્સ્ટ્રક્શન્સે તેને સેઠ હીરાચંદ નેમચંદ મેમોરિયલ ટ્રસ્ટ પાસેથી ૩૧૧ કરોડ રૂપિયામાં હસ્તગત કરી હતી.

શુક્રવારે હજારો જૈન સમુદાયના સભ્યોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું, અને આરોપ લગાવ્યો હતો કે કેટલાક ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે કરાર કર્યો છે અને ટ્રસ્ટના બંધારણનું ઉલ્લંઘન કરીને મિલકત વેચી દીધી છે.

રવિવારે મોહોલે જણાવ્યું હતું કે ''રાજુ શેટ્ટીએ આટલો ગંભીર આરોપ લગાવતી વખતે મારી સાથે એકવાર વાત કરવી જોઈતી હતી. મેં સાચી પરિસ્થિતિ તેમની સમક્ષ મૂકી હોત.'' મોહોલે વધુમાં કહ્યું કે મિલકતની ખરીદી દરમિયાન, બધા વ્યવહારો ગોખલે બિલ્ડર્સ દ્વારા કરવામાં આવ્યા હતા, છતાં તેમના પર આરોપ મૂકવામાં આવ્યો હતો, જેનો તેમણે ઇનકાર કર્યો હતો.

મોહોલે કહ્યું કે ૩૨ વર્ષ સુધી કામ કર્યા પછી, તેમના પર પાયાવિહોણા આરોપ લગાવવામાં આવ્યા તે નિરાશાજનક હતું. ''મેં બિલ્ડર સાથેની ભાગીદારી પાછી ખેંચવાનો સંપૂર્ણ રિપોર્ટ બધા સાથે શેર કર્યો છે અને ખોટા આરોપો ન લગાવવા વિનંતી કરી છે, જે દિવસે મને લાગશે કે મેં કંઈક ખોટું કર્યું છે, ત્યારે હું મારી જાતને બાજુ પર મૂકી દઈશ.'' તેમણે કહ્યું.

''મેં મારા લોકસભા ચૂંટણીના સોગંદનામામાં સ્પષ્ટપણે જાહેર કર્યું હતું કે હું ખેતી અને બાંધકામના કામમાં રોકાયેલો છું. મેં પુણેમાં વિવિધ સ્થળોએ ઘણી કંપનીઓમાં કામ કર્યું છે. મેં મારો વ્યવસાય પારદર્શક રીતે ચલાવ્યો છે અને બધા દસ્તાવેજો રજૂ કર્યા છે,'' કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાને જણાવ્યું હતું. ■

# જાલનામાં બંજારા કાર્યકર્તાએ ચારપોય પર બેસીને ભૂખ હડતાળ શરૂ કરી

જાલનાઃ મહારાષ્ટ્રના જાલનામાં એક બંજારા કાર્યકર્તાએ ઝાડ સાથે બાંધેલી ચારપોય પર બેસીને અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ કરીને સમુદાયને અનુસૂચિત જનજાતિ શ્રેણીમાં સમાવવાની માગણી માટે એક અનોખું વિરોધ પ્રદર્શન શરૂ કર્યું.

શનિવારે અંબાડ ચોકુલી વિસ્તારમાં પોતાનું આંદોલન શરૂ કરનારા વિજય ચવ્હાણે જણાવ્યું હતું કે તેમણે જિલ્લા કલેક્ટર કચેરીના પરિસરમાં વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી માગી હતી, પરંતુ તેમને પરવાનગી આપવામાં આવી ન હતી.

ત્રણ ટકા ક્વૉટા સાથે વીજેએનટી (વિમુક્ત જાતિ અને વિચરતી જનજાતિ) તરીકે વર્ગીકૃત થયેલા બંજારાઓ હૈદરાબાદ ગેઝેટના અમલીકરણની માગ કરી રહ્યા છે, જે તેમને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપે છે.

ચવ્હાણે જણાવ્યું કે ''અમને અનુસૂચિત જનજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા અને અગાઉના હૈદરાબાદ રાજ્યમાં અમને અનામતનો લાભ મળ્યો હતો. અમે ઇચ્છીએ છીએ કે તે જ અધિકારો પુનઃસ્થાપિત થાય. હૈદરાબાદ ગેઝેટમાં અમને આદિજાતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ મંડલ સમયગાળા પછી ખોટું અર્થઘટન અને પ્રતિનિધિત્વના અભાવને કારણે, બંજારા સમુદાયને ખોટી રીતે મહારાષ્ટ્રમાં વીજેએનટી શ્રેણીમાં મૂકવામાં આવ્યો હતો.'' સપ્ટેમ્બરમાં, બંજારા સમુદાયે તેમની લાંબા સમયથી પડતર માગણી માટે દબાણ કરવા માટે મરાઠવાડાના વિવિધ જિલ્લાઓમાં વિશાળ મોરચાઓનું આયોજન કર્યું હતું.

મુંબઈના આઝાદ મેદાનમાં કાર્યકર્તા મનોજ જરાંગે દ્વારા કરવામાં આવેલા આંદોલન બાદ, મરાઠા સમુદાય માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાના મહારાષ્ટ્ર સરકારના તાજેતરના નિર્ણયથી અન્ય સમુદાયો તરફથી પણ આવી જ માગણીઓ વધુ તીવ્ર બની છે. ■

# વેરિફિકેશનમાં વિલંબને કારણે નોકરી ગુમાવી હોવાના ભૂતપૂર્વ વિદ્યાર્થીના આરોપ બાદ કૉલેજે જાતિ ભેદભાવના દાવાને નકાર્યો

પુણેઃ પુણેની એક કૉલેજે ભૂતપૂર્વ દલિત વિદ્યાર્થીના જાતિ ભેદભાવના આરોપો અને તેની નોકરીની ચકાસણી અટકાવવાના દાવાને ફગાવી દેતા સ્પષ્ટતા કરી હતી કે તેણે દસ્તાવેજ યુકે સ્થિત એમ્પ્લોયરને મોકલ્યો હતો અને તેણે તેની નોકરી ગુમાવી નથી.

મૉર્ડન કૉલેજ ઓફ આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સના બીબીએના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રેમ બિરહાડેએ સોશ્યલ મીડિયા પોસ્ટમાં દાવો કર્યો હતો કે કૉલેજ તેમના લંડનસ્થિત એમ્પ્લોયરને રેફરન્સ વેરિફિકેશન મોકલવામાં નિષ્ફળ ગઈ, જ્યાં તેની તાજેતરમાં ભરતી કરવામાં આવી હતી.

એનસીપી નેતા રોહિત પવારે આ ઘટનાની ટીકા કરતાં, કૉલેજ પર ''મનુવાદી'' વિચારધારા દર્શાવવાનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. બિરહાડેએ એક વીડિયો ક્લિપમાં જાતિ ભેદભાવનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે જ્યારે તેમણે કૉલેજ અધિકારીઓને જરૂરી વેરિફિકેશન મોકલવા કહ્યું, ત્યારે તેઓએ તેમની જાતિ વિશે પૂછપરછ કરી હતી. ''મને લંડનમાં એક ફર્મમાં નોકરી મળી હતી. ફર્મે મારી કોલેજ પાસેથી રેફરન્સ વેરિફિકેશન માગ્યું હતું.

જોકે, કૉલેજે રેફરન્સ વેરિફિકેશન પૂરું પાડ્યું નહીં, અને મેં મારી નોકરી ગુમાવી. મેં મારી નોકરી ગુમાવી કારણ કે હું અનુસૂચિત જાતિનો છું, અને બૌદ્ધ છું,'' તેમણે કહ્યું હતું.

તેમણે વધુમાં દાવો કર્યો કે જ્યારે તેમણે વિભાગના ચીફનો સંપર્ક કર્યો ત્યારે તેમણે તેને તેની જાતિ વિશે પૂછ્યું હતું.

જોકે, કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ શ્યામકાંત દેશમુખે બિરહાડેના જાતિ ભેદભાવના આરોપોને નકારી કાઢતા તેને પાયાવિહોણા ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે ૧૪ ઓક્ટોબરના રોજ, કોલેજે કંપનીને બોનાફાઇડ સર્ટિફિકેટ અને પ્રોફોર્મામાં માંગવામાં આવેલી માહિતી પૂરી પાડી હતી. જવાબમાં વિલંબ વિશે પૂછવામાં આવતા, દેશમુખે કહ્યું કે જોબ પ્રોફાઇલ ઉડ્ડયન સંબંધિત હતી, અને શૈક્ષણિક સંસ્થાને આવો મેઇલ નવો હોવાથી, જવાબ આપવામાં સમય લાગ્યો, કારણ કે સચોટ ડેટા આપવાની જરૂર હતી.

એનસીપી (એસપી) ના ધારાસભ્ય પવારે કહ્યું હતું કે, કૉલેજે વિદ્યાર્થીને જરૂરી સહયોગ આપવો જોઈએ, દિલગીરી વ્યક્ત કરવી જોઈએ અને ભવિષ્યમાં આવી ભૂલો ફરી ન થાય તેની ખાતરી કરવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે કૉલેજે ''મનુવાદી'' રાજકારણમાં સામેલ થવાનું બંધ કરવું જોઈએ. ■

# સગીર દીકરી પર બળાત્કાર ગુજારીને તેને ગર્ભવતી બનાવીઃ પિતાને ૨૦ વર્ષની કેદ

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે સગીર દીકરી પર વારંવાર બળાત્કાર ગુજારીને તેને ગર્ભવતી બનાવવા બદલ પિતાને ૨૦ વર્ષની સખત કેદ ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ ડી.એસ. દેશમુખે ૪૦ વર્ષના આરોપીને ભારતીય દંડસંહિતા અને પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ, ૨૦૧૨ની સંબંધિત કલમો હેઠળ દોષી ઠેરવ્યો હતો. જજે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ઉપરાંત પચાસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

વિશેષ સરકારી વકીલ રેખા હિવરાલેએ કહ્યું હતું કે પીડિતા સહિત તપાસકર્તા પક્ષના ૧૩ સાક્ષીને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. ઑક્ટોબર, ૨૦૨૧માં નોંધાયેલા કેસની વિગત અનુસાર આરોપી રિક્ષાચાલકે દારૂના નશામાં અને ચાકુની ધાક દાખવીને તેની પંદર વર્ષની દીકરી પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. પોતે ગર્ભવતી હોવાની જાણ થયા બાદ પીડિતાએ પિતાના ડરથી એક યુવકનું નામ લીધું હતું અને બાદમાં ગોળીઓ લઇને ગર્ભપાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પીડિતાની સંમતિ વિના તેનો ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો અને મૃત શિશુને આરોપીએ નિર્જન સ્થળે દફનાવી દીધો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પીડિતાએ ઊલટતપાસના અંતિમ તબક્કા દરમિયાન જાતીય શોષણ અંગે અચાનક પોતાનું નિવેદન બદલી નાખ્યું હતું. કોર્ટે એવું પણ નોંધ્યું હતું કે ડીએનએ એનાલિસિસથી પુષ્ટિ મળી છે કે આરોપી અને પીડિતા શિશુના જૈવિક માતા-પિતા હતાં.

આરોપીના તમામ કૃત્યો ઘૃણાસ્પદ છે અને તપાસકર્તા પક્ષે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી સાબિત કર્યું છે કે આરોપીએ પીડિતા પર દુષ્કર્મ આચર્યું હતું, જેને કારણે તે ગર્ભવતી બની હતી, એમ કોર્ટે નોંધ્યું હતું. કોર્ટે એવા પણ નિર્દેશ આપ્યા હતા કે દંડની રકમ પીડિતાને વળતર તરીકે આપવામાં આવે. ■

# ચીનથી થતી આયાત સામે વધુ ૧૦૦ ટકા ટૅરિફના મુદ્દે ટ્રમ્પના યુ ટર્નથી ડૉલર મજબૂત થતાં સોનાચાંદીની તેજીને પંક્ચર

## ભાવઘટાડા સાથે ધનતેરસના સપરમા દહાડે રોકાણલક્ષી માગમાં ચમકારો, ચાંદીમાં માગ ૪૦ ટકા વધી

**કૉમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અગાઉ ચીનથી થતી આયાત સામે વધુ ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની ચીમકી આપવાની સાથે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર વકરે તેવી ભીતિ સપાટી પર આવતા ગત સમગ્ર સપ્તાહ દરમિયાન સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ વ્યાપક રહેતાં ભાવમાં વન વે તેજીનો માહોલ જોવા મળ્યો હતો અને તેમાં પણ ગત શુક્રવારે ખાસ કરીને સોનામાં એક તબક્કે વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે લેહમેન બ્રધર્સની કટોકટીના સપ્ટેમ્બર, ૨૦૦૮ પછીનો સૌથી મોટો ઉછાળો નોંધાઈ ગયો હતો અને ભાવ વધીને ઔંસદીઠ ૪૩૭૮.૬૯ ડૉલર આસપાસ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીનાં ભાવ પણ વધીને ઔંસદીઠ ૫૪.૪૭ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, ત્યાર બાદ સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી થતી આયાત સામે ૧૦૦ ટકા ટૅરિફ લાદવાના મુદ્દે યુ ટર્ન લેતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ મજબૂત થવાની સાથે ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને સોના-ચાંદીની તેજીમાં પંક્ચર પડ્યું હતું. ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ૨.૬ ટકાનું ગાબડું પડ્યું હતું અને ચાંદીના ભાવમાં ૫.૬ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત શનિવારે ધનતેરસનાં સપરમા દહાડે સ્થાનિક ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન બંધ હોવાથી સત્તાવાર ધોરણે ભાવની જાહેરાત નહોતી થઈ, પરંતુ વિશ્વ બજાર પાછળ ભાવમાં કરેક્શન જોવા મળ્યું હતું. પ્રાપ્ત અહેવાલ અનુસાર મુંબઈ ખાતે ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા રૂ. ૧,૩૦,૦૦૦ના બંધ સામે ઘટીને રૂ. ૧,૨૮,૦૦૦ અને ચાંદીના ભાવ આગલા કિલોદીઠ રૂ. ૧,૭૭,૦૦૦ના બંધ સામે ઘટીને રૂ. ૧,૭૦,૦૦૦ આસપાસના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે નવી દિલ્હી ખાતે સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા રૂ. ૧,૩૪,૮૦૦ના બંધ સામે ઘટીને રૂ. ૧,૩૨,૦૦૦ અને ચાંદીના કિલોદીઠ ભાવ આગલા રૂ. ૧,૭૭,૦૦૦ના બંધ સામે ઘટીને રૂ. ૧,૭૦,૦૦૦ના મથાળે રહ્યા હતા. આમ એકંદરે ધનતેરસના દિવસે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ સરેરાશ રૂ. ૨૦૦૦નો ઘટાડો થવાથી રોકાણલક્ષી તેમ જ આગામી લગ્નસરાની મોસમને અનુલક્ષીને એક ગ્રામથી માંડીને ૫૦ ગ્રામ સુધીનાં કોઈનમાં અને હલકા વજનની જ્વેલરીમાં માગ ખૂલી હતી. ઑલ ઈન્ડિયા જેમ ઍન્ડ જ્વેલરી ડૉમેસ્ટિક કાઉન્સિલના ચેરમેન રાજેશ રોકડેએ જણાવ્યું હતું કે એકંદરે આ વર્ષે ઊંચી ભાવસપાટીને કારણે ધનતેરસના દિવસે પ્રમાણની દૃષ્ટિએ માગમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો થયો છે, પરંતુ ભાવવધારાને ધ્યાનમાં લેતા મૂલ્યની તુલનામાં વેચાણ વધીને રૂ. ૫૦,૦૦૦ કરોડની ઉપર પહોંચે તેવી અમારી ધારણા છે. વધુમાં તેમણે કહ્યું હતું કે આ વર્ષે ચાંદીમાં ઊંચા ભાવ હોવા છતાં વ્યૂહાત્મક ધોરણે અને પૂજા માટેની ચાંદીની ચીજો અને ચાંદીના સિક્કાઓમાં માગમાં વર્ષાનુવર્ષ ધોરણે ૪૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

વધુમાં કાઉન્સિલના ઉપાધ્યક્ષ અવિનાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે સરેરાશ સોદાકીય ખર્ચમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે અને કામકાજના વૉલ્યૂમમાં ઘટાડો થયો હોવા છતાં મુખ્યત્વે ટાયર-૧ અને ટાયર-૨ શહેરોમાં જ્યાં ખરીદદારો ખાસ કરીને પોતાના બજેટ અનુસાર રોકાણ અને પ્રસંગો માટે ખરીદી કરતાં હોય છે ત્યાં ચાંદીના સિક્કાના વેચાણમાં ૩૫થી ૪૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, જે ગ્રાહકોની પરિપક્વતા દર્શાવે છે. તે જ પ્રમાણે સેન્કો ગોલ્ડ ઍન્ડ ડાયમંડ્સનાં મૅનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સુવંકર સેને જણાવ્યું હતું કે સોનાના ઊંચા ભાવને કારણે આ વર્ષે હલકા વજનના આભૂષણોમાં માગ વધુ રહી હતી, પરંતુ સોનાની લગડી અને સિક્કાઓમાં માગ ગત સાલની સરખામણીમાં અંદાજે ૧૫ ટકા વધુ રહી હતી. એકંદરે આ વર્ષમાં સોનાના ભાવમાં ગત સાલની સરખામણીમાં ૪૦ ટકા જેટલો વધારો થયો હોવાથી સોનામાં પ્રમાણની દૃષ્ટિએ વેચાણમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે, પરંતુ મૂલ્યની દૃષ્ટિએ વેચાણમાં ૨૦થી ૨૫ ટકા વૃદ્ધિ થઈ છે. તેમ જ ચાંદીમાં વેચાણ ગત સાલની સમકક્ષ થયું છે, પરંતુ ભાવવધારાને કારણે મૂલ્યની દૃષ્ટિએ વેપાર બમણો થવાની શક્યતા નકારી ન શકાય.

વધુમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ભારત ખાતેના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સચીન જૈને જણાવ્યું હતું કે આ વર્ષે સોનામાં જ્વેલરી, સિક્કા, લગડી, એક્સચેન્જ ટ્રેડેડ ફંડ અને ડિજિટલ ગોલ્ડ સહિત તમામ ક્ષેત્રે મજબૂત માગ જોવા મળી છે. ઊંચા ભાવ રહેતાં ગ્રાહકો શુકન પૂરતી પણ નોંધપાત્ર ખરીદી કરી છે તે જોતા તહેવારોથી માંડીને લગ્નસરાની મોસમ સુધી માગ જળવાઈ રહે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. જોકે, સોનાની સાથે સાથે ચાંદીમાં પણ માગ મજબૂત રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ગત સપ્તાહે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોના અને ચાંદીમાં તેજીનું વલણ રહેતાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦૫૯નો અથવા તો ૬.૬૩ ટકાનો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૭૩૦ અથવા તો ૨.૮૭ ટકાનો ઉછાળો આવ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૦મી ઑક્ટોબરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૨૧,૫૨૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૨૩,૭૬૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૨૩,૭૬૯ અને ઉપરમાં રૂ. ૧,૩૦,૮૭૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૬.૬૩ ટકા અથવા તો રૂ. ૮૦૫૯નો ઉછાળો નોંધાયો હતો. તે જ પ્રમાણે ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંતના કિલોદીઠ રૂ. ૧,૬૪,૫૦૦ના બંધ સામે ઝડપી ઉછાળા સાથે રૂ. ૧,૭૩,૧૨૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૭૮,૧૦૦ અને નીચામાં રૂ. ૧,૬૮,૦૮૩ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૪૭૩૦ અથવા તો ૨.૮૭ ટકાની તેજી સાથે રૂ. ૧,૬૯,૨૩૦ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં એકતરફી તેજીને પગલે ગત શુક્રવાર સુધી સ્થાનિકમાં ડીલરો આગામી ધનતેરસ અને દિવાળીના તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૫ ડૉલરના ૧૦ વર્ષનાં ઊંચા પ્રીમિયમથી ક્વૉટ કરી રહ્યા હતા. હવે આવતીકાલે (સોમવારે) વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં સોના અને ચાંદીના ભાવમાં સત્તાવાર ધોરણે કેટલો ઘટાડો જોવા મળે છે તેના પર બજાર વર્તુળોની નજર છે.

ગત સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી થતી આયાત સામે વધુ ૧૦૦ ટકા ટૅરિફ અંગેના અગાઉના નિવેદનને ફેરવી તોળતા જણાવ્યું હતું કે ચીન પર ૧૦૦ ટકા વધારાની ટૅરિફ લાંબો સમય ચાલી શકે તેમ નથી અને તેઓ ટૂંક સમયમાં ચીનના પ્રમુખ શિ જિનપિંગને પણ મળશે એવું જણાવ્યું હોવાથી વેપાર તણાવ હળવો થવાની શક્યતા પ્રબળ બનતાં ડૉલર ઈન્ડેક્સ મજબૂત થયો હતો તેમ જ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૬ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૪૨૧૧.૪૮ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૨.૧ ટકા તૂટીને ૪૨૧૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૫.૬ ટકાના ગાબડાં સાથે ઔંસદીઠ ૫૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે સોનામાં સલામતી માટેની માગ ઘટતાં ભાવ દબાણ હેઠળ આવ્યા હોવા છતાં અનિશ્ચિતતાનો માહોલ, ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ, એક્સચેન્જ ટ્રેડેડ ફંડો તથા કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જળવાઈ રહેતાં આગામી વર્ષ ૨૦૨૬માં સોનાના વૈશ્વિક સરેરાશ ભાવ ઔંસદીઠ ૪૪૮૮ ડૉલર આસપાસ રહે તેવી શક્યતા સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્કનાં કૉમૉડિટી રિસર્ચ વિભાગના ગ્લોબલ હેડ સુકી કૂપરે જણાવ્યું હતું. ■

# સપ્ટેમ્બરમાં તેલખોળની નિકાસ ૪૦ ટકા વધી

મુંબઈ: સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગનાં અગ્રણી સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન દ્વારા તાજેતરમાં સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં વિવિધ તેલખોળની નિકાસ સપ્ટેમ્બર, ૨૦૨૪નાં ૨,૧૩,૭૪૪ ટન સામે ૪૦ ટકા વધીને ૨,૯૯,૨૫૨ ટનની સપાટીએ રહી છે, જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર સુધીનાં છ માસિકગાળાની નિકાસ ગત સાલના સમાનગાળાના ૨૦,૮૨,૫૩૩ ટન સામે સાધારણ ૦.૫૦ ટકાના સુધારા સાથે ૨૦,૯૩,૦૬૭ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં થયેલી કુલ ૨,૯૯,૨૫૨ ટન તેલખોળની નિકાસ પૈકી ૮૧,૮૫૧ ટન સોયાબીનખોળની, ૧,૯૨,૨૬૨ ટન રાયડાખોળની, ૭૮૧ ટન સિંગખોળની અને ૨૪,૧૩૩ ટન એરંડાખોળની નિકાસનો સમાવેશ થાય છે.

વધુમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન થયેલી કુલ ૨૦,૯૩,૦૬૭ ટન તેલખોળની નિકાસમાં સોયાબીનખોળની નિકાસ ઘટીને ૮,૩૯,૦૭૫ ટન (૯,૦૮,૮૦૦ ટન), રાયડાખોળની નિકાસ વધીને ૧૧,૦૭,૪૩૬ ટન (૧૦,૧૫,૯૦૩ ટન), સિંગખોળની નિકાસ વધીને ૧૫,૯૬૭ ટન (૫૦૯૦ ટન) અને એરંડાખોળની નિકાસ ઘટીને ૧,૩૦,૫૮૯ ટન (૧,૩૮,૫૬૦ ટન)ની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. સરકારે ગત ત્રીજી ઑક્ટોબરથી રાઈસબ્રાનખોળની નિકાસ પરનો પ્રતિબંધ દૂર કરતાં નિકાસની તકો ખૂલવાથી રાઈસ મિલિંગ અને સોલ્વન્ટ એક્સ્ટ્રેક્શન ઉદ્યોગને લાભ થવાની સાથે ખેડૂતો અને પ્રોસેસરોને રાઈસબ્રાન તેલની આડ પેદાશોનું સારું રળતર થશે, એમ યાદીમાં જણાવ્યું હતું.

વધુમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન થયેલી નિકાસમાં મુખ્યત્વે એકમાત્ર જર્મની ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના ૪૭,૫૩૧ ટન સામે ૨૦૦.૯૪ ટકા વધીને ૧,૪૩,૦૩૯ ટનની સપાટીએ રહી હતી, જ્યારે ચીન ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧૭,૮૦૬ ટન સામે વધીને ૪,૯૫,૦૯૫ ટનની સપાટીએ રહી હતી. આ સિવાય અન્ય મુખ્ય દેશો ખાતેની નિકાસમાં ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં બાંગ્લાદેશ ખાતેની નિકાસ ૪૬.૫૨ ટકા ઘટીને ૨,૧૨,૮૬૫ ટન (૩,૯૮,૦૬૮ ટન), દક્ષિણ કોરિયા ખાતેની નિકાસ ૩૫.૩૩ ટકા ઘટીને ૨,૩૨,૨૭૪ ટન (૩,૫૯,૨૦૪ ટન), ફ્રાન્સ ખાતેની નિકાસ ૩૩.૦૪ ટકા ઘટીને ૫૬,૯૫૯ ટન (૮૫,૦૬૮ ટન), વિયેટનામ ખાતેની નિકાસ ૨૩.૬૦ ટકા ઘટીને ૧,૦૦,૫૫૨ ટન (૧,૩૧,૬૦૬ ટન) અને થાઈલેન્ડ ખાતેની નિકાસ ૧૮.૮૨ ટકાના ઘટાડા સાથે ૧,૭૧,૮૨૧ ટન (૨,૧૧,૬૫૫ ટન)ની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ઘટીને ૬૯૮ અબજ ડૉલર

## સોનાની અનામતે ૧૦૦ અબજ ડૉલરનો આંક વટાવ્યો

મુંબઈ: ગત ૧૦મી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૨.૧૭૬ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૭.૭૮૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨૭.૬ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૬૯૯.૯૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી. દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૫.૬૦૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૭૨.૧૦૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

રિઝર્વ બૅન્કની યાદી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં એકમાત્ર સોનાની અનામત ૩.૫૯૫ અબજ ડૉલર વધીને સૌપ્રથમ વખત ૧૦૦ અબજ ડૉલરનો આંક વટાવીને ૧૦૨.૩૬૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

આ સિવાય ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૮૪ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૩.૬ કરોડ ડૉલર ઘટીને ૪.૬૩૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# ભારતની અમેરિકા ખાતેની નિકાસમાં ઘટાડો, પરંતુ અન્ય બજારમાં મજબૂત વલણ

કોલકતા: ભારતની અમેરિકા ખાતેની નિકાસમાં ઘટાડો થયો છે, પરંતુ અમેરિકા સિવાયના અન્ય દેશો ખાતેનાં શિપમેન્ટમાં મજબૂત વલણ રહ્યું છે અને અગાઉના વૃદ્ધિદર કરતાં સારો વૃદ્ધિદર જોવા મળી રહ્યો હોવાનું અગ્રણી રેટિંગ એજન્સી ક્રિસિલે તેનાં ઑક્ટોબર મહિનાના અહેવાલમાં જણાવ્યું છે.

અહેવાલ અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં અમેરિકા ખાતેની મર્કન્ડાઈઝ નિકાસ ૧૧.૯ ટકા ઘટીને ૫.૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે તે પૂર્વે ઑગસ્ટ મહિનામાં સાત ટકાનો વૃદ્ધિદર જોવા મળ્યો હતો. જોકે, ઑગસ્ટમાં જોવા મળેલી વૃદ્ધિ ખાસ કરીને એપક્ષિત ટૅરિફ વૃદ્ધિને ધ્યાનમાં લેતા રહી હોવાનું એજન્સીએ નોંધ્યું હતું. જોકે, અમેરિકા સિવાયની બજારોમાં ગત સપ્ટેમ્બર મહિનામાં નિકાસમાં ૧૦.૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જ્યારે આગલા ઑગસ્ટ મહિનામાં ૬.૬ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

નોંધનીય બાબત એ છે કે ટ્રમ્પનાં વહીવટીતંત્રએ ગત ૨૭મી ઑગસ્ટથી ભારતથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદવાનો અમલ શરૂ કર્યો હતો. વધુમાં ક્રિસિલે તેનાં અહેવાલમાં ભારતની અમેરિકા ખાતેની મર્કન્ડાઈઝ નિકાસ ટૅરિફનાં પરિબળોનો સામનો કરી રહી હોવાનું અને તેને કારણે વૈશ્વિક વૃદ્ધિ પણ મંદ પડવાની ચેતવણી આપી છે.

અગાઉ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશને વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક મર્કન્ડાઈઝ વેપારમાં જે આગલા વર્ષ ૨૦૨૪માં ૨.૮ ટકા વૃદ્ધિ જોવા મળી હતી તેની સામે ૨.૪ ટકા વૃદ્ધિ રહેવાનો અંદાજ મૂક્યો છે. આ પડકારો છતાં ખાસ કરીને સર્વિસિસ નિકાસ, રેમિટન્સનો મક્કમ પ્રવાહ અને ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં લેતા ક્રિસિલે ભારતની ચાલુ ખાતાની ખાધ વહીવટ થઈ શકે તેટલી મર્યાદામાં અર્થાત્ જીડીપીના એક ટકા આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે. જોકે, ગત સાલ ચાલુ ખાતાની ખાધ જીડીપીના ૦.૬ ટકાના સ્તરે રહી હતી. ■

# બીજા ત્રિમાસિકગાળામાં ઑટોમોબાઈલ નિકાસ ૨૬ ટકા વધી

નવી દિલ્હી: ગત સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા વર્તમાન નાણાકીય વર્ષનાં બીજા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને પેસેન્જર વાહનો, દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનોનું સૌથી વધુ શિપમેન્ટ થતાં ઑટોમોબાઈલની નિકાસમાં ૨૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હોવાનું સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિઆમ)એ એક યાદીમાં જણાવ્યું છે.

સમીક્ષા હેઠળના સમયગાળામાં પેસેન્જર વાહનોની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧,૯૬,૧૯૬ યુનિટ સામે ૨૩ ટકા વધીને ૨,૪૧,૫૫૪ યુનિટની સપાટીએ રહી છે. જેમાં પેસેન્જર કારની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૨૦.૫ ટકા વધીને ૧,૨૫,૫૧૩ યુનિટ (૧,૦૪,૧૯૬ યુનિટ)નાં સ્તરે રહી છે. તે જ પ્રમાણે યુટિલિટી વાહનોનું શિપમેન્ટ ૨૬ ટકા વધીને ૧,૧૩,૩૭૪ યુનિટ અને વાનની નિકાસ ૩૯ ટકા વધીને ૨૬૬૭ યુનિટની સપાટીએ રહી હતી. પેસેન્જર વાહનોની નિકાસમાં મારુતિ સુઝુકી ઈન્ડિયા અગ્રેસર રહેતાં ૨,૦૫,૭૬૩ યુનિટનું શિપમેન્ટ કર્યું હતું, ત્યાર બાદ ૯૯,૫૪૦ યુનિટની નિકાસ સાથે બીજા ક્રમાંકે હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા રહી હતી. વધુમાં ગત જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન દ્વિચક્રી વાહનોની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૨૫ ટકા વધીને ૧૨,૯૫,૪૬૮ યુનિટ (૧૦,૩૫,૯૯૭ યુનિટ) ની સપાટીએ રહી હોવાનું સિઆમે યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે આ સમય દરમિયાન સ્કૂટરનું શિપમેન્ટ ૧૨ ટકા વધીને ૧,૭૭,૯૫૭ યુનિટ, મોટરસાઈકલનું શિપમેન્ટ ૨૭ ટકા વધીને ૧૧,૦૮,૧૦૯ યુનિટ અને મોપેડનું શિપમેન્ટ ગત સાલના સમાનગાળાના ૨૦૨૮ યુનિટ સામે વધીને ૯૪૦૨ યુનિટની સપાટીએ રહ્યું હતું.

વધુમાં આ સમયગાળામાં કુલ વેપારી વાહનોની નિકાસ ૨૨ ટકા વધીને ૨૪,૦૧૧ યુનિટના સ્તરે અને ત્રિચક્રી વાહનોની નિકાસ ૫૧ ટકાના ઉછાળા સાથે ૧,૨૩,૪૮૦ યુનિટની સપાટીએ રહી હતી. આમ કુલ ઑટોમોબાઈલ નિકાસ ગત સાલના સમાનગાળાના ૧૩,૩૫,૩૪૩ યુનિટ સામે ૨૬ ટકા વધીને ૧૬,૮૫,૭૬૧ યુનિટની સપાટીએ રહી હતી. સિઆમના પ્રમુખ શૈલેષ ચંદ્રએ નોંધ્યું હતું કે બીજા ત્રિમાસિકગાળામાં જોવા મળેલો મજબૂત નિકાસ વૃદ્ધિદર વૈશ્વિક સ્તરે વાહનોમાં મેડ ઈન ઈન્ડિયા બ્રાન્ડને મળી રહેલી સ્વીકૃતિનો નિર્દેશ આપે છે. ■

# એફપીઆઈના ત્રણ મહિનાના બાહ્ય પ્રવાહને બ્રેક, ઑક્ટોબરમાં ₹ ૬૪૮૦ કરોડનો આંતરપ્રવાહ

નવી દિલ્હી: ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ત્રણ મહિના સુધી વેચવાલી રહ્યા બાદ વર્તમાન ઑક્ટોબર મહિનામાં બૃહદ આર્થિક પરિબળોને ધ્યાનમાં લેતા અત્યાર સુધીમાં રૂ. ૬૪૮૦ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો છે.

ડિપોઝિટરીઝ તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો રૂ. ૨૩,૮૮૫ કરોડનો, ઑગસ્ટ મહિનામાં રૂ. ૩૪,૯૯૦ કરોડનો અને જુલાઈ મહિનામાં રૂ. ૧૭,૭૦૦ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો હતો. એકંદરે ઊભરતી બજારો પૈકી ભારતનાં સ્થાનિક આર્થિક પરિબળો મજબૂત હોવા ઉપરાંત સ્થિર વૃદ્ધિ, ફુગાવાની વધઘટ મેનેજ થઈ શકે તેવી સ્થિતિ અને સ્થાનિક મજબૂત માગ દેશના અર્થતંત્રને મદદરૂપ થઈ રહી હોવાનું મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના મુખ્ય રિસર્ચ મેનેજર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે પ્રવાહિતાની સ્થિતિમાં ધીમે ધીમે સુધારો આવી રહ્યો છે. તેમ જ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની હોવાથી રોકાણકારો વધુ વળતર માટે ઊભરતી બજારો તરફ નજર દોડાવી રહ્યા છે. વધુમાં હાલના તબક્કે ભારતીય બજારમાં વૅલ્યુએશન્સ દબાણ હતા તે હવે આકર્ષક રહેતાં નીચા મથાળેથી લેવાલી જણાય છે.

વધુમાં તે જ પ્રમાણે જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું કે એફપીઆઈનો આ વ્યૂહ ભારતીય અને અન્ય બજારો વચ્ચેનાં વૅલ્યુએશન્સના તફાવતમાં ઘટાડો કરવાનો છે. છેલ્લાં એક વર્ષથી ભારતીય બજારની કામગીરી પ્રમાણમાં નબળી હોવાથી હવે સારી કામગીરી માટેનો આશાવાદ સપાટી પર આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. વધુમાં ડિપોઝિટરીઝની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં એફપીઆઈની ૧.૫ લાખ કરોડની ચોખ્ખી વેચવાલી રહી છે. જોકે, તેની સામે ડેબ્ટ માર્કેટમાં સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૫૩૩૨ કરોડનું રોકાણ કર્યું છે અને રૂ. ૨૧૪ કરોડનું રોકાણ વૉલન્ટરી રિટેન્શન રૂટ મારફતે કર્યું છે. જે ભારતીય ડેબ્ટ ઈન્સ્ટ્રુમેન્ટમાં વિદેશી રોકાણકારો રોકાણ કરવા માટે ઉત્સુક હોવાનો નિર્દેશ આપે છે. ■


**પબ્લિક નોટિસ**

જાહેર જનતાને આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ, અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ અને ૭, ન્યુ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૨૦ ખાતે આવેલ જોલી ભવન નં.-૨ તરીકે જાણીતા બીલ્ડીંગના ૫મા માળે સંલગ્ન ખુલ્લી અગાશી સાથે યુનિટ નં. ૫૦૧માં તમામ તેમના હક્ક, ટાઈટલ અને હિત શ્રીમતી જોગીન્દર સોહની અને શ્રી જસપાલ સોહની (''માલિકો'') પાસેથી ખરીદવા કબૂલ થયેલ છે. (''**સદર પ્રીમાઈસીસ**'')
તમામ શખ્સો જેમાં વ્યક્તિ, હિન્દુ અવિભક્ત પરિવાર, કંપની, બેન્કો, નાણાંકીય સંસ્થા/ઓ, નોનબેન્કીંગ નાણાંકીય સંસ્થા/ઓ, પેઢી, વ્યક્તિઓનું સંગઠન કે વ્યક્તિઓની સંસ્થા સ્થપાયેલ હોય કે ના હોય, લેન્ડર્સ અને/કે લેણદારોનો સમાવેશ છે જે **સદર પ્રીમાઈસીસ** અને/કે તેના કોઈપણ ભાગ કે હિસ્સાની બાબતમાં ફાળવણી, વેચાણ, અદલાબદલી, એસાઇનમેન્ટ, ભેટ, બીક્વેસ્ટ, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીવ & લાયસન્સ, લાયસન્સ, કોવેનન્ટ, ગીરો, બોજા, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, સક્સેસન, કરાર, કોન્ટ્રાક્ટ, સમજૂતિના કરાર, ઈઝમેન્ટ, રાઈટ ઓફ વે, ભોગવટો, કબજો, પારિવારિક વ્યવસ્થા, પતાવટ, નિભાવ, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે હુકમ, લીસ્પેન્ડન્સ, આરક્ષણ, જપ્તી કે કોઈપણ જવાબદારી કે કમીટમેન્ટ કે કોઈપણ પ્રકારની માગણી કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, હિસ્સો અને/કે હિત ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં સમર્થનમાં અસલ દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ મેસર્સ કાંગા એન્ડ કંપની, એડવોકેટ્સ એન્ડ સોલીસીટર્સ, રેડીમની મેનશન, ૪૩ વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ નોટિસ છપાયાની તા.થી ૧૪ દિવસની મુદતમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સ કે શખ્સોના કંઈ દાવા હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:**
તા. ૨૮-૬-૧૯૭૫ના નં. ૪૦ ધરાવતા શેર સર્ટિ. હેઠળ ઉપર જણાવેલ સોસાયટી દ્વારા અપાયેલ વિશિષ્ટ નં. ૧૯૧ થી ૧૯૫ (બંને સહિત) ધરાવતા જોલી ભવન નં. II કોમર્સીયલ પ્રીમાઈસીસ કો-ઓપ. સો. લી.ના દરેક રૂા. ૫૦/-ના ૫ શેર્સ સાથે ૭, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૨૦ ખાતે આવેલ અને સી.એસ. નં. ૭૧૯ ધરાવતા પ્લોટ પર સ્થિત ''જોલી ભવન નં.૨'' તરીકે જાણીતા બીલ્ડીંગના ૫મા માળે સંલગ્ન ખુલ્લી અગાશી સાથે ભરતમાં અંદાજે ૧૫૫૦ ચો. ફુટ યુનિટ નં. ૫૦૧ ધરાવતી તે **તમામ** પ્રીમાઈસીસ.
આજ તા. ૨૦મી ઓક્ટોબર, ૨૦૨૫
**કાંગા એન્ડ કંપની,**
સહી/-
(અતુલ એમ. દેસાઈ)
પાર્ટનર
એડવોકેટ્સ એન્ડ સોલીસીટર્સ

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

હાયડ્રોલીક એન્જીનીયરનો વિભાગ (O.C. ડિવિઝન)
નં. DYHE (M&E) MIIIA/ ૪૪૧૯/PP તા. ૧૭.૧૦.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં આઈટેમ રેટ ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાયડ્રોલીક એન્જીનીયર |
| સેક્શન | ડે. હાયડ્રોલીક એન્જીનીયર (M&E) M-3 A પીસે-પાંજરાપુર |
| મહાટેન્ડર બીડ નંબર | ૧) ૨૦૨૫_MCGM_૧૨૩૦૯૬૯<br>૨) ૨૦૨૫_MCGM_૧૨૩૦૯૮૯ |
| કામનું નામ | ૧) મુંબઈ-IIIA પંમ્પિંગ સ્ટેશન, પિસે ખાતે પ્રેશર વેસલ્સ અને લિફ્ટિંગ ટેકલ્સની સમયાંતરે નિરિક્ષણ અને પરિક્ષણ.<br>૨) M-IIIA ૧૦૦ KV સબ સ્ટેશન, પાંજરાપુર ખાતે મુખ્ય ટ્રાન્સફોર્મર્સના OLTCની સર્વિસિંગ અને ઓવરહોલિંગ સાથે ગાસ્ટેક બદલવાની કામગીરી. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |

ટેન્ડર દસ્તાવેજ https://mahatenders.gov.in અને BMC વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
(A. S. ભોઈર)
ડે. હાઈડ્રોલિક એન્જીનીયર (M&E)
M-3 A, પીસે પાંજરાપુર

PRO/1970/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)નો વિભાગ
નં. E.E. MECH/૩૬૨૫/REF/ તા. ૧૭.૧૦.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

વિષય: ૧) ૦૧.૦૧.૨૦૨૬થી ૩૧.૧૨.૨૦૨૮ સુધી ત્રણ વર્ષની મુદત માટે K પશ્ચિમ વોર્ડ ખાતે VRF યુનિટસ સ્થાપિત કરાયેલ બ્લુ સ્ટારની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી કોન્ટ્રાકટ.
નં. E.E. Mech./Ref./T-૬૨ તા. ૧૭.૧૦.૨૦૨૫
૨) L.O.A.ની ઈશ્યૂની તારીખથી ૨ વર્ષની મુદત માટે S.V.D. સાવરકર હોસ્પિટલ મુલુંડ (પ) ખાતે સ્થિત HVAC સિસ્ટમની ઓપરેશન.
નં. E.E. Mech./Ref./T-૬૩ તા. ૧૭.૧૦.૨૦૨૫
૩) કસ્તુરબા હોસ્પિટલના વિવિધ વિભાગમાં સ્પ્લિટ AC યુનિટ અને રેફ્રિજરેટર બદલવાનું કામ.
નં. E.E. Mech./Ref./T-૬૪ તા. ૧૭.૧૦.૨૦૨૫
૪) સ્વીકૃતિની તારીખથી ૨ વર્ષની મુદત માટે A વોર્ડની ડિઝાસ્ટર કંટ્રોલ સેલ F/S વોર્ડ, B વોર્ડ, AMC બંગલા, HBT ક્લિનિક્સ ખાતે સ્થાપિત VRF & સ્પ્લિટ AC યુનિટની CSMC.
નં. E.E. Mech./Ref./T-૬૫ તા. ૧૭.૧૦.૨૦૨૫

| | |
|---|---|
| બીડ નંબર્સ | ૧) ૨૦૨૫_MCGM_૧૨૩૧૪૨૬_૧<br>૨) ૨૦૨૫_MCGM_૧૨૩૧૪૯૭_૧<br>૩) ૨૦૨૫_MCGM_૧૨૩૧૫૮૯_૧<br>૪) ૨૦૨૫_MCGM_૧૨૩૧૫૪૫_૧ |
| બીડ પ્રારંભ તારીખ & સમય | ૨૦.૧૦.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. |
| બીડ અંતિમ તારીખ & સમય | ૨૮.૧૦.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.www.mcgm.gov.in |
| સંપર્ક અધિકાર નામ | શ્રી. એ.કે. જાંભોરે |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈમેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
E.E. Mech. (રેફ્રિજરેશન)

PRO/1977/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
દિવાળી અને નૂતન વર્ષની
શુભકામનાઓ
તહેવારોમાં સ્વદેશી અપનાવી,
વિકસિત ભારતનો દીપ પ્રગટાવીએ,
આત્મનિર્ભર ભારત બનાવીએ
હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી
શ્રી નરેન્દ્ર મોદી,
માનનીય વડાપ્રધાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
સ્વદેશીને આપણું સ્વાભિમાન બનાવી ભારતને વિકાસથી દીપાવીએ
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી